**જવાબ :**

$$\text{ચાલુ ગુણોત્તર} = \frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવાં}}$$

| | (₹) | (₹) |
|---|---|---|
| **ચાલુ મિલકતો :** દેવાદારો | 90,000 | |
| લેણીહૂંડી | 30,000 | |
| | 1,20,000 | |
| – ઘાલખાધ અનામત | 20,000 | 1,00,000 |
| ચાલુ રોકાણો | | 30,000 |
| રોકડ અને રોકડ સમકક્ષ | | 30,000 |
| સ્ટૉક | | 60,000 |
| | | 2,20,000 |
| **ચાલુ દેવાં :** ખર્ચા ચૂકવવાના બાકી | | 40,000 |
| લેણદારો | | 60,000 |
| દેવીહૂંડી | | 20,000 |
| | | 1,20,000 |

$$= \frac{2,20,000}{1,20,000} = 1.83$$

કાર્યશીલ મૂડી = ચાલુ મિલકતો – ચાલુ દેવાં

= ₹ 2,20,000 – ₹ 1,20,000

= ₹ 1,00,000

**ઉદાહરણ 13 : 'એમ'** લિમિટેડની નીચેની વિગતોના આધારે ચાલુ ગુણોત્તર શોધો.

ચાલુ મિલકતો ₹ 1,50,000, કાર્યશીલ મૂડી ₹ 60,000

**જવાબ :**

$$\text{ચાલુ ગુણોત્તર} = \frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવાં}}$$

ચાલુ મિલકતો ₹ 1,50,000

ચાલુ દેવાં આપેલાં નથી, પણ કાર્યશીલ મૂડી આપેલ છે.

કાર્યશીલ મૂડી = ચાલુ મિલકતો – ચાલુ દેવાં

₹ 60,000 = ₹ 1,50,000 – ચાલુ દેવાં

∴ ચાલુ દેવાં = ચાલુ મિલકતો – કાર્યશીલ મૂડી

∴ ચાલુ દેવાં = ₹ 1,50,000 – ₹ 60,000

∴ ચાલુ દેવાં = ₹ 90,000

$$\frac{1,50,000}{90,000} = 1.67 : 1$$

**(ii) પ્રવાહી ગુણોત્તર (Liquid Ratio) :**

**અર્થ :** પ્રવાહી ગુણોત્તર એ પ્રવાહી મિલકતો અને ચાલુ દેવાં વચ્ચેનો સંબંધ દર્શાવે છે. પ્રવાહી મિલકતો સામે ચાલુ દેવાંનું પ્રમાણ કેટલું છે તે આ ગુણોત્તર દર્શાવે છે. આ ગુણોત્તર પણ ધંધાની તરલતા જ બતાવે છે. ચાલુ મિલકતોમાંથી સ્ટૉક અને અગાઉથી ચૂકવેલ ખર્ચાઓ બાદ કરતાં જે રકમ વધે તે પ્રવાહી મિલકતો કહેવાય છે.

**નોંધ :** પ્રવાહી ગુણોત્તર માટે ચાલુ મિલકતો (સ્ટૉક અને અગાઉથી ચૂકવેલ ખર્ચા સિવાયની) જ અહીં ધ્યાનમાં લેવાશે.

**સૂત્ર :** પ્રવાહી ગુણોત્તર $= \dfrac{\text{પ્રવાહી મિલકતો}}{\text{ચાલુ દેવાં}}$

પ્રવાહી મિલકતો એટલે એવી મિલકતો જેમનું ઝડપથી રોકડ અથવા રોકડ સમકક્ષમાં રૂપાંતર થઈ શકે.

ચાલુ દેવાં જે પ્રમાણે ચાલુ ગુણોત્તરમાં ધ્યાનમાં લેવાય છે તે પ્રમાણે જ ધ્યાનમાં લેવામાં આવે છે.

**હેતુ :** આ ગુણોત્તરનો હેતુ પણ તરલતા માપવાનો છે. ટૂંકા ગાળાનાં દેવાં ચૂકવવાની ક્ષમતા માપવાનો છે. આ ગુણોત્તર ચાલુ ગુણોત્તર કરતાં ચાલુ દેવાં ચૂકવવાની વધુ ક્ષમતા દર્શાવે છે. તેથી તેને ઝડપી ગુણોત્તર તરીકે ઓળખવામાં આવે છે. આ ગુણોત્તરમાં મિલકતોને રોકડમાં રૂપાંતરિત કરવાનો સમય 12 મહિના દર્શાવેલ નથી. તેથી આ ગુણોત્તર એ ચાલુ ગુણોત્તરની સરખામણીમાં ચાલુ દેવાં ચૂકવવા ઝડપી રીતે ચૂકવવાની ક્ષમતા ધરાવે છે.

**વલણ :** સામાન્ય રીતે આ ગુણોત્તર 1:1ના પ્રમાણમાં ઇચ્છનીય ગણાય છે.

**ઉદાહરણ 14 : 'એસ. એલ.'** લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે પ્રવાહી ગુણોત્તર શોધો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| ચાલુ જવાબદારીઓ | 1,60,000 | ચાલુ મિલકતો | 2,00,000 |
| સ્ટૉક | 30,000 | અગાઉથી ચૂકવેલ ખર્ચાઓ | 10,000 |
| દેવાદારો | 20,000 | લેણીહૂંડીઓ | 15,000 |

**જવાબ :**

પ્રવાહી ગુણોત્તર $= \dfrac{\text{પ્રવાહી મિલકતો}}{\text{ચાલુ દેવાં}}$

| | (₹) | (₹) |
|---|---|---|
| પ્રવાહી મિલકતો : ચાલુ મિલકતો | | 2,00,000 |
| **બાદ :** સ્ટૉક | 30,000 | |
| અગાઉથી ચૂકવેલ ખર્ચા | 10,000 | 40,000 |
| | | 1,60,000 |

$= \dfrac{1,60,000}{1,60,000} = 1:1$

**ઉદાહરણ 15 : 'આઈ'** લિમિટેડની નીચે આપેલી વિગતોના આધારે ચાલુ ગુણોત્તર અને પ્રવાહી ગુણોત્તર ગણો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| રોકડ અને રોકડ સમકક્ષ | 1,80,000 | લેણદારો | 2,00,000 |
| દેવાદારો | 1,20,000 | દેવીહૂંડી | 1,00,000 |
| લેણીહૂંડી | 60,000 | ખર્ચા ચૂકવવાના બાકી | 80,000 |
| સ્ટૉક | 1,40,000 | કરવેરાની જોગવાઈ | 80,000 |
| ચાલુ રોકાણો | 1,00,000 | | |

જવાબ :

$$\text{ચાલુ ગુણોત્તર} = \frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવાં}}$$

| | (₹) | (₹) |
|---|---|---|
| **ચાલુ મિલકતો :** રોકડ | 1,80,000 | |
| દેવાદારો | 1,20,000 | |
| લેણીહૂંડી | 60,000 | |
| ચાલુ રોકાણો | 1,00,000 | |
| સ્ટૉક | 1,40,000 | |
| | 6,00,000 | |
| **ચાલુ દેવાં :** લેણદારો | 2,00,000 | |
| દેવીહૂંડી | 1,00,000 | |
| ખર્ચા ચૂકવવાના બાકી | 80,000 | |
| કરવેરાની જોગવાઈ | 80,000 | |
| | 4,60,000 | |

$$= \frac{6,00,000}{4,60,000} = 1.30 : 1$$

$$\text{પ્રવાહી ગુણોત્તર} = \frac{\text{પ્રવાહી મિલકતો}}{\text{ચાલુ દેવાં}}$$

| | (₹) | (₹) |
|---|---|---|
| **પ્રવાહી મિલકતો :** ચાલુ મિલકતો | | 6,00,000 |
| બાદ : સ્ટૉક | | 1,40,000 |
| | | **4,60,000** |

$$= \frac{4,60,000}{4,60,000} = 1 : 1$$

**ચાલુ મિલકતો અને ચાલુ દેવાંનો ચાલુ ગુણોત્તર સાથે સંબંધ :**

ચાલુ ગુણોત્તર બે બાબતોમાંથી (રકમોમાંથી) ઉદ્‌ભવે છે : (i) ચાલુ મિલકતો અને (ii) ચાલુ દેવાં. તેથી ચાલુ મિલકતોના અને ચાલુ દેવાંના વધારા-ઘટાડાની અસર ચાલુ ગુણોત્તર ઉપર થાય છે. આ અસર નીચે પ્રમાણે છે :

**ચાલુ મિલકતોમાં વધારો → ચાલુ ગુણોત્તરમાં વધારો**
**ચાલુ મિલકતોમાં ઘટાડો → ચાલુ ગુણોત્તરમાં ઘટાડો**

આ સંબંધ દર્શાવે છે કે ચાલુ મિલકતો અને ચાલુ ગુણોત્તર વચ્ચે સીધો સંબંધ છે.

**ચાલુ દેવાંમાં વધારો → ચાલુ ગુણોત્તરમાં ઘટાડો**
**ચાલુ દેવાંમાં ઘટાડો → ચાલુ ગુણોત્તરમાં વધારો**

આ સંબંધ દર્શાવે છે કે ચાલુ દેવાં અને ચાલુ ગુણોત્તર વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

**નોંધ :** પ્રવાહી મિલકતો અને ચાલુ દેવાંનો પ્રવાહી ગુણોત્તર સાથેનો સંબંધ પણ આ જ પ્રકારનો છે.

**પ્રવાહી મિલકતો વધે તો પ્રવાહી ગુણોત્તર વધે**
**પ્રવાહી મિલકતો ઘટે તો પ્રવાહી ગુણોત્તર ઘટે**
**અને**
**ચાલુ દેવાં વધે તો પ્રવાહી ગુણોત્તર ઘટે**
**ચાલુ દેવાં ઘટે તો પ્રવાહી ગુણોત્તર વધે**

## 9. સધ્ધરતાના ગુણોત્તરો (Solvency Ratios)

આર્થિક અથવા નાણાકીય સધ્ધરતા સામાન્ય રીતે લાંબા ગાળાની સધ્ધરતાના સંદર્ભે ધ્યાનમાં લેવાય છે. સધ્ધરતા એ ધંધાકીય એકમની આર્થિક તંદુરસ્તી માપવા માટે ઉપયોગમાં લેવાય છે. ધંધાકીય એકમ પોતાના લાંબા ગાળાનાં દેવાં ચૂકવવા માટે કેટલું સક્ષમ છે તે માપવા માટે આ ગુણોત્તરો ધ્યાનમાં લેવામાં આવે છે. આ ગુણોત્તર આર્થિક પાસાંઓને ધ્યાનમાં લઈને ગણવામાં આવે છે. અભ્યાસક્રમ પ્રમાણે નીચેના ગુણોત્તરોનો અભ્યાસ કરવાનો છે. સામાન્ય રીતે આ ગુણોત્તરો પ્રમાણના સ્વરૂપે દર્શાવવામાં આવે છે :

(i) દેવાં-ઈક્વિટી ગુણોત્તર

(ii) કુલ મિલકતો-દેવાંનો ગુણોત્તર

(iii) માલિકી ગુણોત્તર

(iv) વ્યાજ આવરણ ગુણોત્તર

### (i) દેવાં-ઈક્વિટી ગુણોત્તર (Debt to Equity Ratio) :

**અર્થ :** દેવાં-ઈક્વિટી ગુણોત્તર દેવાં અને ઈક્વિટી (શૅરહોલ્ડર્સનાં ભંડોળો) વચ્ચેનો સંબંધ દર્શાવે છે. આ ગુણોત્તર દેવાં સામે ઈક્વિટીનું પ્રમાણ કેટલું છે તે દર્શાવે છે. અહીં ઈક્વિટી એટલે શૅરહોલ્ડર્સનાં ભંડોળો. શૅરહોલ્ડર્સનાં ભંડોળોમાં ઈક્વિટી શૅરમૂડી અને અનામતો અને વધારાનો સમાવેશ થાય છે. દેવાં કરતાં ઈક્વિટીનું પ્રમાણ વધારે હોય તો ધંધાકીય એકમ સધ્ધર ગણાય છે. જો દેવાં કરતાં ઈક્વિટીનું પ્રમાણ ઓછું હોય તો તે એકમ ઓછું સધ્ધર ગણાય છે.

$$\text{સૂત્ર : } \frac{\text{દેવાં (બિન ચાલુ દેવાં / લાંબા ગાળાનાં દેવાં)}}{\text{ઈક્વિટી (શૅરહોલ્ડર્સનાં ભંડોળો)}}$$

પાકા સરવૈયાનાં ઈક્વિટી-જવાબદારી બાજુમાં ત્રણ ભાગો દર્શાવેલ છે.

(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો (2) બિનચાલુ દેવાં (3) ચાલુ દેવાં

શૅરહોલ્ડર્સનાં ભંડોળો અને બિનચાલુ દેવાં ધંધાનાં લાંબા ગાળાનાં ભંડોળો છે. તે લાંબા સમય સુધી ધંધામાં રહે છે. તેથી તેમની દર વર્ષે પ્રાપ્તિ કરવામાં આવતી નથી. પણ શૅરહોલ્ડર્સનાં ભંડોળો એ માલિકોનું ભંડોળ છે અને બિનચાલુ દેવાં એ બાહ્ય પક્ષકારો પ્રત્યેની જવાબદારી છે. બંને લાંબા ગાળાનાં પ્રાપ્તિસ્થાનો છે પણ માલિકીની દૃષ્ટિએ બંને જુદા છે.

અહીં દેવાં એટલે બિનચાલુ દેવાંમાં (i) લાંબા ગાળાનાં લીધેલ ધિરાણો, (ii) મુલત્વી રાખેલ વેરા જવાબદારી (iii) અન્ય લાંબા ગાળાનાં દેવાં અને (iv) લાંબા ગાળાની જોગવાઈઓ. [**પરંતુ આ ગુણોત્તરની ગણતરીમાં મુલત્વી રાખેલ વેરાની જવાબદારી અને અન્ય લાંબા ગાળાનાં દેવાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ. તેથી પ્રશ્નમાં આ બે બાબતોનો સમાવેશ કરવો નહિ.**] શૅરહોલ્ડર્સનાં ભંડોળો = ઈક્વિટી શૅરમૂડી, પ્રેફરન્સ શૅરમૂડી અને અનામતો અને વધારો.

જ્યારે પાકા સરવૈયામાં નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી હોય ત્યારે શૅરહોલ્ડર્સનાં ભંડોળોની ગણતરી કરતી વખતે નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી બાદ કરવી. ત્યાર બાદ આવેલ રકમને શૅરહોલ્ડર્સનાં ભંડોળો તરીકે ગુણોત્તરમાં ઉપયોગમાં લેવી. શૅરહોલ્ડર્સનાં ભંડોળોમાં પ્રેફરન્સ શૅરમૂડીનો પણ સમાવેશ થાય છે.

**હેતુ :** આ ગુણોત્તરનો હેતુ લાંબા ગાળાનાં ભંડોળો જે ધંધા માટે ઊભાં કરવામાં આવ્યાં છે તેમાં માલિકોની મૂડી (શૅરહોલ્ડર્સનાં ભંડોળો) અને ઉછીનાં ભંડોળો(બિનચાલુ જવાબદારી)નું પ્રમાણ કેટલું છે તે જાણી શકાય છે.

**વલણ :** આ ગુણોત્તર અંગે પ્રમાણિત માપ નથી. ઉદ્યોગે-ઉદ્યોગે આ પ્રમાણ બદલાય છે. જો આ ગુણોત્તર ઊંચો હોય તો ધંધાકીય એકમ ઉછીની મૂડી પર વધુ આધારિત છે અને નીચો હોય તો ધંધાકીય એકમ માલિકીની મૂડી પર વધુ આધારિત છે, એમ કહેવાય. સામાન્ય રીતે જ્યારે આ ગુણોત્તર ઊંચો હોય તો ધિરાણ કરનારાઓ માટે ધિરાણ આપવા માટે જોખમ વધુ છે અને નીચો હોય તો ધિરાણ આપનારાઓ માટે ધિરાણ આપવા માટે ઓછું જોખમ છે એવો અર્થ કરી શકાય છે.

## પાકુ સરવૈયું

| ઈક્વિટી-જવાબદારીઓ | કંપનીઓ | | |
|---|---|---|---|
| | X | Y | Z |
| (A) શૅરહોલ્ડર્સનાં ભંડોળો | 25 % | 37.5 % | 50 % |
| (B) બિન ચાલુ દેવાં | 50 % | 37.5 % | 25 % |
| (C) ચાલુ દેવાં | 25 % | 25 % | 25 % |
| **કુલ સરવાળો** | **100 %** | **100 %** | **100 %** |
| **મિલકતો** | | **કંપનીઓ** | |
| | **X** | **Y** | **Z** |
| (A) બિનચાલુ મિલકતો<br>(B) ચાલુ મિલકતો | 100 % | 100 % | 100 % |
| **કુલ સરવાળો** | **100 %** | **100 %** | **100 %** |

$$\text{દેવાં-ઈક્વિટી ગુણોત્તર} = \frac{\text{દેવાં (લાંબા ગાળાનાં દેવાં)}}{\text{શૅરહોલ્ડર્સનાં ભંડોળો}}$$

(1) કંપની Xમાં શૅરહોલ્ડર્સનાં ભંડોળની સરખામણીમાં દેવાંનું પ્રમાણ વધુ છે, તેથી Y, Zની સરખામણીમાં ઓછી સધ્ધર છે.

(2) કંપની Y Xની સરખામણીમાં ઓછાં દેવાં ધરાવે છે, તેથી Xની સરખામણીમાં વધુ સધ્ધર છે પણ Zની સરખામણીમાં ઓછી સધ્ધર છે.

(3) Z ત્રણેય કંપનીની સરખામણીમાં ઓછાં દેવાં ધરાવે છે તેથી તે સૌથી વધુ સધ્ધર છે.

| **X** | **Y** | **Z** |
|---|---|---|
| $\frac{50}{25}$ | $\frac{37.5}{37.5}$ | $\frac{25}{50}$ |
| 2 : 1 | 1 : 1 | 0.50 : 1 |

> ઘણી વખત પ્રશ્નમાં કુલ દેવાં આપવામાં આવેલ હોય ત્યારે કુલ દેવાંમાંથી ચાલુ દેવાં બાદ કરીને બિનચાલુ દેવાં (લાંબા ગાળાનાં દેવાં) આ ગુણોત્તર માટે ધ્યાનમાં લેવાય.

**ઉદાહરણ 16 : 'એફ. એલ.'** લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે દેવાં-ઈક્વિટી ગુણોત્તરની ગણતરી કરો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી | 10,00,000 | ખર્ચા ચૂકવવાના બાકી | 1,00,000 |
| સામાન્ય અનામત | 6,00,000 | લાંબા ગાળાની લોન | 2,00,000 |
| નફા-નુકસાન ખાતું | 4,00,000 | લાંબા ગાળાની જોગવાઈ | 2,00,000 |

**જવાબ :**

$$\text{દેવાં ઇક્વિટી ગુણોત્તર} = \frac{\text{દેવાં (બિનચાલુ દેવાં)}}{\text{ઇક્વિટી (શૅરહોલ્ડર્સનાં ભંડોળો)}}$$

**દેવાં :** (બિનચાલુ દેવાં)

| | | |
|---|---|---|
| લાંબા ગાળાની લોન | ₹ | 2,00,000 |
| લાંબા ગાળાની જોગવાઈ | ₹ | 2,00,000 |
| | **₹** | **4,00,000** |

**ઇક્વિટી** (શૅરહોલ્ડર્સનાં ભંડોળો) :

| | | |
|---|---|---|
| ઇક્વિટી શૅરમૂડી | ₹ | 10,00,000 |
| સામાન્ય અનામત | ₹ | 6,00,000 |
| નફા-નુકસાન ખાતું | ₹ | 4,00,000 |
| | **₹** | **20,00,000** |

$$\frac{4,00,000}{20,00,000} = 0.20 : 1$$

ધંધાકીય એકમનાં ₹ 1નાં માલિકીનાં ભંડોળો સામે બિનચાલુ દેવાં ₹ 0.20 છે.

**નોંધ :** ખર્ચા ચૂકવવાના બાકી ચાલુ દેવાં હોવાથી દેવાં-ઇક્વિટીમાં તેનો સમાવેશ થશે નહિ. અહીં દેવાં એટલે લાંબા ગાળાનાં દેવાં (બિનચાલુ દેવાં) ધ્યાનમાં લેવાશે.

**ઉદાહરણ 17 : 'એન'** કંપનીની નીચે આપેલ વિગતોના આધારે દેવાં-ઇક્વિટી ગુણોત્તરની ગણતરી કરો.

કુલ મિલકતો ₹ 25,00,000, લાંબા ગાળાની લોન ₹ 6,00,000

લાંબા ગાળાની જોગવાઈઓ ₹ 4,00,000, ચાલુ દેવાં ₹ 5,00,000

**જવાબ :**

$$\text{દેવાં ઇક્વિટી ગુણોત્તર} = \frac{\text{દેવાં (બિનચાલુ દેવાં)}}{\text{ઇક્વિટી (શૅરહોલ્ડર્સનાં ભંડોળો)}}$$

| | ₹ | ₹ |
|---|---|---|
| **બિનચાલુ દેવાં :** લાંબા ગાળાની લોન | | 6,00,000 |
| લાંબા ગાળાની જોગવાઈ | | 4,00,000 |
| | | **10,00,000** |
| **ઇક્વિટી** (શૅરહોલ્ડર્સનાં ભંડોળો) : | | |
| **કુલ મિલકતો** | | **25,00,000** |
| **બાદ :** | | |
| લાંબા ગાળાનાં દેવાં | 6,00,000 | |
| લાંબા ગાળાની જોગવાઈઓ | 4,00,000 | |
| ચાલુ દેવાં | 5,00,000 | 15,00,000 |
| | | **10,00,000** |

$$\frac{10,00,000}{10,00,000} = 1 : 1$$

**સમજૂતી :** ઇક્વિટી (શૅરહોલ્ડર્સનાં ભંડોળો) શોધવા પાકા સરવૈયાનાં આધારે પણ ગણતરી કરી શકાય.

### પાકું સરવૈયું

| ઈક્વિટી અને જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ઈક્વિટી શૅરહોલ્ડર્સનાં ભંડોળો | 10,00,000 | મિલકતો | 25,00,000 |
| બિનચાલુ દેવાં | 6,00,000 | | |
| લાંબા ગાળાની જોગવાઈ | 4,00,000 | | |
| ચાલુ દેવાં | 5,00,000 | | |
| | **25,00,000** | | **25,00,000** |

**ઉદાહરણ 18 : 'આર'** કંપની લિમિટેડની નીચેની વિગતોના આધારે દેવાં-ઈક્વિટી ગુણોત્તરની ગણતરી કરો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| બિનચાલુ મિલકતો | 28,00,000 | લેણદારો | 90,000 |
| ચાલુ મિલકતો | 17,00,000 | દેવીહૂંડીઓ | 40,000 |
| કુલ દેવાં | 15,00,000 | ખર્ચા ચૂકવવાના બાકી | 70,000 |

**જવાબ :**

$$\text{દેવાં-ઈક્વિટી ગુણોત્તર} = \frac{\text{દેવાં (બિનચાલુ દેવાં)}}{\text{ઈક્વિટી (શૅરહોલ્ડર્સનાં ભંડોળો)}}$$

| | ₹ | ₹ |
|---|---|---|
| **દેવાં :** બિનચાલુ દેવાં (લાંબા ગાળાનાં દેવાં) | | |
| કુલ દેવાં | | 15,00,000 |
| **બાદ : ચાલુ દેવાં :** | | |
| લેણદારો | 90,000 | |
| દેવીહૂંડીઓ | 40,000 | |
| ખર્ચા ચૂકવવાનાં બાકી | 70,000 | 2,00,000 |
| | | **13,00,000** |
| **ઈક્વિટી** = કુલ મિલકતો – કુલ દેવાં | | |
| બિનચાલુ મિલકતો | | 28,00,000 |
| ચાલુ મિલકતો | | 17,00,000 |
| | | 45,00,000 |
| **બાદ :** કુલ દેવાં | | 15,00,000 |
| | | **30,00,000** |

$$\frac{13,00,000}{30,00,000} = 0.43 : 1$$

**સમજૂતી :** પાકા સરવૈયાના આધારે ગણતરીઓ

**પાકું સરવૈયું**

| ઈક્વિટી-જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ઈક્વિટી શૅરહોલ્ડર્સનાં ભંડોળો | 30,00,000 | બિનચાલુ મિલકતો | 28,00,000 |
| બિનચાલુ જવાબદારીઓ | 13,00,000 | ચાલુ મિલકતો | 17,00,000 |
| (જુઓ સમજૂતી ઉપર મુજબ) | | | |
| ચાલુ જવાબદારીઓ | 2,00,000 | | |
| | **45,00,000** | | **45,00,000** |

**(ii) કુલ મિલકતો - દેવાંનો ગુણોત્તર (Total Assets to Debt Ratio) :**

**અર્થ :** કુલ મિલકતો - દેવાંનો ગુણોત્તર એ કુલ મિલકતો અને દેવાં (બિનચાલુ દેવાં) વચ્ચેનો સંબંધ દર્શાવે છે. કુલ મિલકતોમાંથી કેટલી મિલકતો દેવાં દ્વારા ઊભી કરવામાં આવી છે તેનું પ્રમાણ જાણી શકાય છે.

$$\text{સૂત્ર : કુલ મિલકતો દેવાં ગુણોત્તર} = \frac{\text{કુલ મિલકતો}}{\text{દેવાં (લાંબા ગાળાનાં દેવાં)}}$$

કુલ મિલકતોની ગણતરી વખતે અન્ય બિનચાલુ મિલકતો ધ્યાનમાં લેવી નહિ. (દા.ત., 12 માસથી વધુ સમયનાં વેપારી લેણાં, નહિ માંડી વાળેલા ખર્ચાઓ વગેરે)

દેવાંની ગણતરી વખતે લાંબા ગાળાનાં દેવાં (બિનચાલુ દેવાં) ધ્યાનમાં લેવાં પણ બિનચાલુ દેવાંમાં અન્ય લાંબા ગાળાનાં દેવાંનો સમાવેશ કરવો નહિ. (દા.ત., 12 માસથી વધુ સમયનાં વેપારી દેવાં, ડિબેન્ચર પરત પ્રીમિયમ - જ્યારે ડિબેન્ચર લાંબા ગાળાનાં દેવાં તરીકે દર્શાવેલ હોય ત્યારે.)

**હેતુ :** કુલ મિલકતોમાંથી કેટલી મિલકતો બિનચાલુ દેવાં દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ છે તે જાણી શકાય છે.

**વલણ :** આ ગુણોત્તર માટે પ્રમાણિત માપ નથી. આ ગુણોત્તર દેવાં-ઈક્વિટી ગુણોત્તર કરતાં વિરુદ્ધનાં વલણનો નિર્દેશ કરે છે. સામાન્ય રીતે આ ગુણોત્તર ઊંચો હોય તો ધિરાણ કરનારાઓ માટે ધિરાણ આપવા માટે જોખમ ઓછું છે અને નીચો હોય તો ધિરાણ આપનારાઓ માટે ધિરાણ આપવા માટે જોખમ વધુ છે.

**પાકું સરવૈયું**

| ઈક્વિટી-જવાબદારીઓ | કંપનીઓ | | |
|---|---|---|---|
| | X | Y | Z |
| (A) શૅરહોલ્ડર્સનાં ભંડોળો | 25 % | 37.5 % | 50 % |
| (B) દેવાં (બિનચાલુ જવાબદારીઓ) | 50 % | 37.5 % | 25 % |
| (C) ચાલુ દેવાં | 25 % | 25 % | 25 % |
| **કુલ સરવાળો** | **100 %** | **100 %** | **100 %** |
| **મિલકતો** | | **કંપનીઓ** | |
| | X | Y | Z |
| બિનચાલુ મિલકતો અને ચાલુ મિલકતો | 100 % | 100 % | 100 % |
| **કુલ સરવાળો** | **100 %** | **100 %** | **100 %** |

$$\text{કુલ મિલકતો દેવાં ગુણોત્તર} = \frac{\text{કુલ મિલકતો}}{\text{દેવાં (લાંબા ગાળાનાં દેવાં)}}$$

(1) કંપની Xમાં કુલ મિલકતોમાંથી 50 % મિલકતો દેવાં દ્વારા પ્રાપ્ત થઈ છે. તેથી Y અને Zની સરખામણીમાં કંપની X ઓછી સધ્ધર છે.

(2) કંપની Yમાં Xની સરખામણીમાં દેવાંનું પ્રમાણ ઘટ્યું છે, તેથી સધ્ધરતા વધુ છે.

(3) કંપની Zમાં X અને Yની સરખામણીમાં દેવાંનું પ્રમાણ સૌથી ઓછું છે તેથી તે સૌથી વધુ સધ્ધર ગણાય.

| **X** | **Y** | **Z** |
|---|---|---|
| $\frac{100}{50}$ | $\frac{100}{37.5}$ | $\frac{100}{25}$ |
| 2 : 1 | 2.67 : 1 | 4 : 1 |

**ઉદાહરણ 19 : 'યુ'** કંપની લિમિટેડની નીચેની વિગતોના આધારે કુલ મિલકતો - દેવાં ગુણોત્તર શોધો.

શૅરમૂડી ₹ 30,00,000; અનામત અને વધારો ₹ 5,00,000; બિનચાલુ જવાબદારીઓ ₹ 10,00,000; ચાલુ જવાબદારીઓ ₹ 5,00,000

**જવાબ :**

$$\text{કુલ મિલકતો દેવાં ગુણોત્તર} = \frac{\text{કુલ મિલકતો}}{\text{દેવાં (લાંબા ગાળાનાં દેવાં)(બિનચાલુ જવાબદારી)}}$$

કુલ મિલકતો આપવામાં આવેલ નથી પણ મૂડી-દેવાં બાજુની બધી વિગતો આપવામાં આવી છે. તેથી મૂડી દેવાં બાજુનો સરવાળો જ મિલકતો બાજુનો સરવાળો ગણાય.

તેથી ઈક્વિટી જવાબદારીનો સરવાળો = કુલ મિલકતો

| | | |
|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી | ₹ | 30,00,000 |
| અનામતો - વધારો | ₹ | 5,00,000 |
| બિનચાલુ જવાબદારી | ₹ | 10,00,000 |
| ચાલુ જવાબદારી | ₹ | 5,00,000 |
| | | **50,00,000 = 50,00,000** |

$$\frac{50,00,000}{10,00,000} = 5 : 1$$

₹ 5ની મિલકતોમાંથી ₹ 1ની મિલકતો દેવાંમાંથી (બિનચાલુ જવાબદારીમાંથી) ખરીદવામાં આવી છે એટલે બાકીની ₹ 4ની મિલકતો શૅરહોલ્ડર્સનાં ભંડોળોમાંથી ખરીદવામાં આવી છે. આ પ્રકારનું અર્થઘટન થાય.

**ઉદાહરણ 20 : 'ડી.વી.'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોનાં આધારે કુલ મિલકતો-દેવાં ગુણોત્તર શોધો.

| | (₹) |
|---|---|
| બિનચાલુ મિલકતો (ગ્રોસ) | 28,00,000 |
| સ્થિર મિલકતોનો એકત્રિત ઘસારો | 3,00,000 |
| ચાલુ મિલકતો | 5,00,000 |
| ઈક્વિટી શૅરમૂડી | 18,00,000 |
| અનામતો અને વધારો | 5,00,000 |
| કુલ દેવાં | 7,00,000 |
| ચાલુ દેવાં | 1,00,000 |

**જવાબ :**

$$\text{કુલ મિલકતો દેવાં ગુણોત્તર} = \frac{\text{કુલ મિલકતો}}{\text{દેવાં (લાંબા ગાળાનાં દેવાં)}}$$

**કુલ મિલકતો =**

| | (₹) |
|---|---|
| બિનચાલુ મિલકતો (ગ્રોસ) | 28,00,000 |
| બાદ : ઘસારો | 3,00,000 |
| | 25,00,000 |
| ઉમેરો : ચાલુ મિલકતો | 5,00,000 |
| | 30,00,000 |

**દેવાં =**

| | (₹) |
|---|---|
| કુલ દેવાં | 7,00,000 |
| બાદ : ચાલુ દેવાં | 1,00,000 |
| | 6,00,000 |

કુલ મિલકતો-દેવાં ગુણોત્તર $= \frac{30,00,000}{6,00,000} = 5:1$

### (iii) માલિકી ગુણોત્તર (Proprietary Ratio) :

**અર્થ :** માલિકી ગુણોત્તર કુલ મિલકતો અને માલિકીનાં ભંડોળો(શૅરહોલ્ડર્સનાં ભંડોળો)નો સંબંધ દર્શાવે છે.

માલિકીનાં ભંડોળો શોધવા માટે બે અભિગમોનો ઉપયોગ થાય છે. બંને અભિગમોમાં માલિકીનાં ભંડોળો સરખાં રહે છે.

**માલિકીના ભંડોળના અભિગમ**

↓

| જવાબદારીઓ આધારિત અભિગમ | | | મિલકતો આધારિત અભિગમ | | |
|---|---|---|---|---|---|
| માલિકીનાં ભંડોળો = | | | માલિકીનાં ભંડોળો = | | |
| | ઈક્વિટી શૅરમૂડી | ✓ | | બિનચાલુ મિલકતો | ✓ |
| + | પ્રેફરન્સ શૅરમૂડી | ✓ | + | ચાલુ મિલકતો | ✓ |
| + | અનામતો અને વધારો | ✓ | | | ✓ |
| | | ✓ | બાદ : | બિનચાલુ જવાબદારીઓ ✓ | |
| | | | + | ચાલુ જવાબદારીઓ ✓ | ✓ |
| | | | | | ✓ |

સૂત્ર : માલિકી ગુણોત્તર $= \frac{\text{માલિકીનાં ભંડોળો}}{\text{કુલ મિલકતો}}$

**હેતુ :** આ ગુણોત્તરના આધારે કુલ મિલકતોમાંથી કેટલી મિલકતો માલિકીનાં ભંડોળ દ્વારા પ્રાપ્ત કરવામાં આવી છે તે જાણી શકાય. આ સિવાયની બાકીની મિલકતો ઉછીનાં નાણાં દ્વારા પ્રાપ્ત થઈ હશે.

**વલણ :** આ ગુણોત્તર ધંધાના લેણદારો માટે આર્થિક સધ્ધરતા માટે સલામતીના ગાળાની માહિતી પૂરી પાડે છે. ઊંચો ગુણોત્તર એટલે વધુ આર્થિક સલામતીનો ગાળો અને નીચો ગુણોત્તર એટલે ઓછી આર્થિક સલામતીનો ગાળો.

**ઉદાહરણ 21 : 'એમ'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે માલિકી ગુણોત્તરની ગણતરી કરો.

**તા. 31-3-2017નાં રોજનું પાકું સરવૈયું**

| વિગત | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|
| **(I) ઈક્વિટી અને જવાબદારીઓ :** | | |
| (1) શૅરહોલ્ડર્સના ભંડોળો : | | |
| ઈક્વિટી શૅરમૂડી | 20,00,000 | |
| પ્રેફરન્સ શૅરમૂડી | 10,00,000 | |
| અનામતો અને વધારો | 15,00,000 | 45,00,000 |
| (2) બિનચાલુ જવાબદારીઓ | | 15,00,000 |
| (3) ચાલુ જવાબદારીઓ | | 10,00,000 |
| **કુલ** | | **70,00,000** |
| **(II) મિલકતો :** | | |
| (1) બિનચાલુ મિલકતો | | 50,00,000 |
| (2) ચાલુ મિલકતો | | 20,00,000 |
| **કુલ** | | **70,00,000** |

**જવાબ :**

$$\text{માલિકી ગુણોત્તર} = \frac{\text{માલિકીનાં ભંડોળો}}{\text{કુલ મિલકતો}}$$

માલિકીનાં ભંડોળો શોધવા જવાબદારી આધારિત અભિગમ અથવા મિલકતો આધારિત અભિગમનો ઉપયોગ થઈ શકે.

| જવાબદારીઓ આધારિત અભિગમ | રકમ (₹) | મિલકતો આધારિત અભિગમ | | રકમ (₹) |
|---|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી | 20,00,000 | બિનચાલુ મિલકતો | 50,00,000 | |
| પ્રેફરન્સ શૅરમૂડી | 10,00,000 | + ચાલુ મિલકતો | 20,00,000 | 70,00,000 |
| અનામતો અને વધારો | 15,00,000 | બાદ : | | |
| | | બિનચાલુ જવાબદારીઓ | 15,00,000 | |
| | | ચાલુ જવાબદારીઓ | 10,00,000 | 25,00,000 |
| | **45,00,000** | | | **45,00,000** |

$$\text{માલિકી ગુણોત્તર} = \frac{\text{માલિકીનાં ભંડોળો}}{\text{કુલ મિલકતો}} = \frac{45,00,000}{70,00,000} = 0.64 : 1$$

| | | |
|---|---|---|
| | ₹ 1.00 | મિલકતો |
| − | ₹ 0.64 | માલિકીનાં ભંડોળોમાંથી |
| | ₹ 0.36 | ઉછીનાં ભંડોળોમાંથી |

ધંધાકીય એકમની ₹ 1ની મિલકતોમાંથી ₹ 0.64 જેટલી મિલકતો માલિકીનાં ભંડોળોમાંથી પ્રાપ્ત થઈ છે. બાકીની ₹ 0.36 જેટલી મિલકતો ઉછીનાં નાણાં દ્વારા પ્રાપ્ત કરી છે.

### (iv) વ્યાજ આવરણ ગુણોત્તર (Interest Coverage Ratio) :

**અર્થ :** આ ગુણોત્તર વ્યાજ અને વેરા પહેલાંનો નફો અને લાંબા ગાળાનાં દેવાં પર વ્યાજનો સંબંધ દર્શાવે છે. આ ગુણોત્તર કમાણીની ક્ષમતા દર્શાવે છે તેથી તે વખતમાં ગણાય છે.

$$\text{સૂત્ર : વ્યાજ આવરણ ગુણોત્તર} = \frac{\text{વ્યાજ અને વેરા પહેલાંનો નફો}}{\text{લાંબા ગાળાનાં દેવાંનું વ્યાજ}}$$

| | | |
|---|---|---|
| વ્યાજ અને વેરા પહેલાંનો નફો = | વેરા પછીનો નફો | ✓ |
| | + વેરા | ✓ |
| | + વ્યાજ | ✓ |
| | | ✓ |

**હેતુ :** ધંધાકીય એકમને બે રીતે મૂડી પૂરી પાડવામાં આવે છે. માલિકો દ્વારા પૂરી પાડવામાં આવેલ માલિકોની મૂડી અને બાહ્ય પક્ષકારો પાસેથી લીધેલ ઉછીની મૂડી. માલિકોની મૂડી પર વ્યાજ ચૂકવવામાં આવતું નથી, પણ ઉછીની મૂડી પર વ્યાજ ચૂકવવું પડે છે. તેથી બાહ્ય પક્ષકારો ધંધાને નાણાં ઉછીના આપતાં પહેલાં, કંપનીની વ્યાજ ચૂકવણી કરવાની ક્ષમતા કેટલી છે તે ચકાસે છે. વ્યાજ ચૂકવણીની ક્ષમતા ચકાસવા આ ગુણોત્તરનો ઉપયોગ થાય છે.

**વલણ :** આ ગુણોત્તર ધંધાની વ્યાજ ચૂકવણીની ક્ષમતા દર્શાવતો હોવાથી જેમ આ ગુણોત્તર ઊંચો તેમ ધંધાની વ્યાજ ચૂકવણીની ક્ષમતા ઊંચી અને આ ગુણોત્તર નીચો હોય તો ધંધાની વ્યાજ ચૂકવણીની ક્ષમતા નીચી.

**ઉદાહરણ 22 : 'એન. કે.'** કંપની લિમિટેડની નીચે આપેલી વિગતોના આધારે વ્યાજ આવરણ ગુણોત્તરની ગણતરી કરો.

10 %ના ડિબેન્ચર ₹ 10,00,000, 12 %ની બૅન્ક લોન ₹ 30,00,000, વ્યાજ અને વેરા પહેલાંનો નફો ₹ 20,70,000

**જવાબ :**

$$\text{વ્યાજ આવરણ ગુણોત્તર} = \frac{\text{વ્યાજ અને વેરા પહેલાંનો નફો}}{\text{લાંબા ગાળાનાં દેવાંનું વ્યાજ}}$$

લાંબા ગાળાનાં દેવાંનું વ્યાજ =

| | |
|---|---|
| 10 % ડિબેન્ચર ₹ 10,00,000 | = 1,00,000 |
| 12 %ની બૅન્ક લોન ₹ 30,00,000 | = 3,60,000 |
| | **4,60,000** |

$$\frac{20,70,000}{4,60,000} = 4.5 \text{ વખત}$$

અહીં કંપનીએ જેટલું વ્યાજ ચૂકવવાનું છે તેના 4.5 વખત (ગણું) વ્યાજ કમાવાની ક્ષમતા કંપની ધરાવે છે. જે સારી કમાણીનો નિર્દેશ કરે છે.

**ઉદાહરણ 23 : 'આર. જે.'** કંપનીની નીચે આપેલ વિગતોના આધારે વ્યાજ આવરણ ગુણોત્તર શોધો.

કરવેરા પછીનો નફો ₹ 10,50,000; 30 % લેખે કરવેરા ₹ 4,50,000; ₹ 50,00,000ની 10 %ની લોન

**જવાબ :**

$$\text{વ્યાજ આવરણ ગુણોત્તર} = \frac{\text{વ્યાજ અને વેરા પહેલાંનો નફો}}{\text{લાંબા ગાળાનાં દેવાંનું વ્યાજ}}$$

| વ્યાજ અને વેરા પહેલાંનો નફો = | (₹) |
|---|---|
| કરવેરા પછીનો નફો | 10,50,000 |
| + કરવેરા | 4,50,000 |
| + વ્યાજ (50,00,000 × 10 %) | 5,00,000 |
| | **20,00,000** |

$$\frac{20,00,000}{5,00,000} = 4 \text{ વખત}$$

## 10. કાર્યક્ષમતા(પ્રવૃત્તિ)ના ગુણોત્તરો (Efficiency (Activity) Ratios) :

ધંધાકીય એકમ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ સંપત્તિ-સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવાથી ધંધાની નફાકારકતામાં વધારો થાય છે. હિસાબી પદ્ધતિમાં આ અનુસંધાને કાર્યક્ષમતા અથવા પ્રવૃત્તિના ગુણોત્તરો વિકસાવવામાં આવ્યા છે. અભ્યાસક્રમમાં નીચે પ્રમાણેના ગુણોત્તરોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ ગુણોત્તરો વખતમાં શોધવામાં આવે છે. ત્યાર બાદ દેવાદારોનો ઉથલો અને દેવાદારોના ઉથલા પરથી દેવાદારોનો ઉઘરાણીનો સમય અને લેણદારોનાં ઉથલા પરથી લેણદારોનો ચૂકવણીનો સમય શોધાય છે. આ સમય દિવસો, અઠવાડિયાં અને મહિનાના સ્વરૂપે હોય છે.

(i) સ્ટૉકનો ઉથલો
(ii) કાર્યશીલ મૂડીનો ઉથલો
(iii) દેવાદારોનો ઉથલો
(iv) લેણદારોનો ઉથલો

### (i) સ્ટૉકનો ઉથલો (Stock Turn-over Ratio) :

**અર્થ :** આ ગુણોત્તર વેચેલ માલની પડતર અને સરેરાશ સ્ટૉક વચ્ચેનો સંબંધ દર્શાવે છે. કંપની દ્વારા ધારણ કરવામાં આવેલ સરેરાશ સ્ટૉકનું વર્ષ દરમિયાન કેટલી વખત વેચેલ માલની પડતરમાં રૂપાંતર થયું છે અને તેનું વેચાણ થયું છે તેની જાણકારી મેળવવી.

**સૂત્ર :** $\text{સ્ટૉકનો ઉથલો} = \dfrac{\text{વેચેલ માલની પડતર}}{\text{સરેરાશ સ્ટૉક}}$

વેચેલ માલની પડતર કેવી રીતે શોધાય તે અંગે કાચા નફાના ગુણોત્તરમાં આ અંગે માહિતી મેળવી છે.
તેની અહીં ફરીથી રજૂઆત કરી છે.

**વેચેલ માલની પડતર :**

| | | |
|---|---|---|
| | કાચા માલનો શરૂનો સ્ટૉક | ✓ |
| + | કાચા માલની ખરીદી | ✓ |
| + | ખરીદીના ખર્ચા | ✓ |
| | | ✓ |
| – | કાચા માલનો આખરનો સ્ટૉક | ✓ |
| | વપરાયેલ કાચા માલની પડતર | ✓ |
| + | મજૂરી | ✓ |
| + | કારખાનાનાં ખર્ચા | ✓ |
| | વેચેલ માલની પડતર | ✓ |

અન્ય રીતે નીચે પ્રમાણે પણ વેચેલ માલની પડતર શોધાય.
કાચો નફો = વેચાણ – વેચેલ માલની પડતર. આ સૂત્રને આધારે નીચે પ્રમાણે શોધાય.
વેચેલ માલની પડતર = વેચાણ – કાચો નફો
અને કાચી ખોટ હોય તો,
વેચેલ માલની પડતર = વેચાણ + કાચી ખોટ

$\text{સરેરાશ સ્ટૉક} = \dfrac{\text{શરૂઆતનો સ્ટૉક} + \text{આખરનો સ્ટૉક}}{2}$

**હેતુ :** આ ગુણોત્તર દ્વારા ધંધાકીય એકમના સ્ટૉકનું વેચાણમાં રૂપાંતર કરવા અંગેની કાર્યક્ષમતાનું માપ છે.

**વલણ :** સામાન્ય રીતે વધતું વલણ સ્વીકારવા યોગ્ય હોય છે. વધતું વલણ એ દર્શાવે છે કે રાખેલ સ્ટૉકનું વારંવાર વેચેલ માલની પડતર અને વેચાણમાં રૂપાંતર થાય છે. ઊંચો ગુણોત્તર – ઊંચું વેચાણ – ઊંચો નફો એવું સામાન્ય સંજોગોમાં પ્રસ્થાપિત થાય છે.

સૈદ્ધાંતિક રીતે વધુ ઊંચો ગુણોત્તર એ કાર્યશીલ મૂડીની અછત (ખાધ)નું પરિણામ હોઈ શકે અને વધુ નીચો ગુણોત્તર સ્ટૉકમાં બિનજરૂરી વધુ રોકાણનું કારણ હોઈ શકે. તેથી ઈષ્ટતમ સ્ટૉક ગુણોત્તર ધંધા માટે હિતાવહ છે.

**ઉદાહરણ 24 : 'એચ. એન.'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે સ્ટૉક ઉથલો શોધો.

વેચાણ ₹ 25,00,000; કાચો નફો ₹ 4,00,000; શરૂનો સ્ટૉક ₹ 4,00,000 અને આખરનો સ્ટૉક ₹ 3,00,000

**જવાબ :**

$$\text{સ્ટૉક ઉથલો} = \frac{\text{વેચેલ માલની પડતર}}{\text{સરેરાશ સ્ટૉક}}$$

વેચેલ માલની પડતર =

| | (₹) |
|---|---:|
| વેચાણ | 25,00,000 |
| − કાચો નફો | 4,00,000 |
| | 21,00,000 |

$$\text{સરેરાશ સ્ટૉક} = \frac{\text{શરૂનો સ્ટૉક} + \text{આખરનો સ્ટૉક}}{2}$$

$$= \frac{4,00,000 + 3,00,000}{2}$$

$$= ₹\ 3,50,000$$

$$\frac{21,00,000}{3,50,000} = 6 \text{ વખત}$$

**ઉદાહરણ 25 : 'ડી. ડી.'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે સ્ટૉક ઉથલાની ગણતરી કરો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---:|---|---:|
| શરૂઆતનો સ્ટૉક | 30,000 | આખરનો સ્ટૉક | 40,000 |
| ખરીદી | 4,80,000 | ખરીદીના ખર્ચા | 20,000 |

**જવાબ :**

$$\text{સ્ટૉક ઉથલો} = \frac{\text{વેચેલ માલની પડતર}}{\text{સરેરાશ સ્ટૉક}}$$

વેચેલ માલની પડતર =

| | (₹) |
|---|---:|
| શરૂનો સ્ટૉક | 30,000 |
| + ખરીદી | 4,80,000 |
| + ખરીદીના ખર્ચા | 20,000 |
| | 5,30,000 |
| − આખરનો સ્ટૉક | 40,000 |
| | 4,90,000 |

$$\text{સરેરાશ સ્ટૉક} = \frac{\text{શરૂનો સ્ટૉક} + \text{આખરનો સ્ટૉક}}{2}$$

$$= \frac{30,000 + 40,000}{2}$$

$$= ₹\ 35,000$$

$$\frac{4,90,000}{35,000} = 14 \text{ વખત}$$

### (ii) કાર્યશીલ મૂડીનો ઉથલો (Working Capital Turn-over Ratio) :

**અર્થ :** આ ગુણોત્તર કાર્યશીલ મૂડી અને વેચાણ વચ્ચેનો સંબંધ દર્શાવે છે. જો વેચાણની માહિતી ઉપલબ્ધ ન હોય તો કાર્યશીલ મૂડી અને વેચેલ માલની પડતર વચ્ચેનો સંબંધ તપાસવામાં આવે છે. અહીં કાર્યશીલ મૂડી કેટલી વખત વેચાણનું સર્જન કરે છે તે જાણવામાં આવે છે.

**સૂત્ર :** $\text{કાર્યશીલ મૂડીનો ઉથલો} = \dfrac{\text{વેચાણ (અથવા વેચેલ માલની પડતર)}}{\text{કાર્યશીલ મૂડી}}$

દાખલામાં વેચાણ ન આપેલ હોય ત્યારે જ વેચેલ માલની પડતરના આધારે આ ગુણોત્તર શોધવો.

**હેતુ :** કાર્યશીલ મૂડીમાં રોકાણ કરવાનો ઉદ્દેશ ઊપજનું સર્જન કરવાનો છે. તેથી કાર્યશીલ મૂડીની કાર્યક્ષમતા માપવા માટે આ ગુણોત્તરનો ઉપયોગ થાય છે. સ્ટૉકના ઉથલાની સરખામણીમાં આ ગુણોત્તર કાર્યક્ષમતા માપન અંગે વધુ યોગ્ય ગણાય છે. સ્ટૉક ઉથલામાં ફક્ત સ્ટૉક જ ધ્યાનમાં લેવાય છે જ્યારે અહીં કાર્યશીલ મૂડી ધ્યાનમાં લેવાય છે.

**વલણ :** સામાન્ય રીતે વધુ વલણ સ્વીકારવા યોગ્ય હોય છે. સૈદ્ધાંતિક રીતે વધતું વલણ એ કાર્યશીલ મૂડીના ઉપયોગની કાર્યક્ષમતા દર્શાવે છે જે વધુ વેચાણ અને પરિણામે વધુ નફાના સર્જનનું કારણ બને છે.

**ઉદાહરણ 26 : 'એચ. આર.'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે કાર્યશીલ મૂડી ઉથલો ગણો.

કુલ વેચાણ ₹ 22,20,000; વેચાણ પરત ₹ 20,000

ચાલુ મિલકતો ₹ 6,00,000; ચાલુ દેવાં ₹ 2,00,000

**જવાબ :**

$\text{કાર્યશીલ મૂડીનો ઉથલો} = \dfrac{\text{વેચાણ}}{\text{કાર્યશીલ મૂડી}}$

| | (₹) |
|---|---|
| **વેચાણ :** | |
| કુલ વેચાણ | 22,20,000 |
| બાદ : વેચાણ પરત | 20,000 |
| | 22,00,000 |
| **કાર્યશીલ મૂડી :** | |
| ચાલુ મિલકતો | 6,00,000 |
| બાદ : ચાલુ દેવાં | 2,00,000 |
| | 4,00,000 |

$= \dfrac{22,00,000}{4,00,000} = 5.5$ વખત

**ઉદાહરણ 27 : 'એમ. એન.'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે કાર્યશીલ મૂડી ઉથલો શોધો.

કાર્યશીલ મૂડી ₹ 3,00,000, વેચેલ માલની પડતર ₹ 15,00,000, કાચા નફાનો દર 25 %

**જવાબ :**

$\text{કાર્યશીલ મૂડીનો ઉથલો} = \dfrac{\text{વેચાણ}}{\text{કાર્યશીલ મૂડી}}$

**વેચાણ :** વેચેલ માલની પડતર + કાચો નફો

ધારો કે 100 = 75 % + 25 %

$\boxed{20,00,000}$ = 15,00,000 + 5,00,000

$= \dfrac{20,00,000}{3,00,000} = 6.67$ વખત

વેચેલ માલની પડતરના આધારે :

$= \dfrac{15,00,000}{3,00,000} = 5$ વખત

**ઉદાહરણ 28 : 'એમ. એમ.'** કંપની લિમિટેડની નીચેની વિગતોના આધારે કાર્યશીલ મૂડી ઉથલો શોધો.

કુલ મિલકતો ₹ 45,00,000, બિનચાલુ મિલકતો ₹ 30,00,000, કુલ દેવાં ₹ 20,00,000

બિનચાલુ દેવાં ₹ 10,00,000, વેચાણ ₹ 25,00,000

**જવાબ :**

$$\text{કાર્યશીલ મૂડીનો ઉથલો} = \frac{\text{વેચાણ}}{\text{કાર્યશીલ મૂડી}}$$

**કાર્યશીલ મૂડી :** ચાલુ મિલકતો – ચાલુ દેવાં

**ચાલુ મિલકતો** = કુલ મિલકતો – બિનચાલુ મિલકતો

= 45,00,000 – 30,00,000

= ₹ 15,00,000

**ચાલુ દેવાં** = કુલ દેવાં – બિનચાલુ દેવાં

= 20,00,000 – 10,00,000

= ₹ 10,00,000

= ₹ 15,00,000 – 10,00,000

= ₹ 5,00,000

$$= \frac{25,00,000}{5,00,000} = 5 \text{ વખત}$$

### (iii) દેવાદારોનો ઉથલો (Debtors Turn-over Ratio) :

**અર્થ :** આ ગુણોત્તરને લેણાંનાં ઉથલાનો ગુણોત્તર પણ કહેવામાં આવે છે. આ ગુણોત્તર ઉધાર વેચાણ દ્વારા કેટલી વખત દેવાદારો અને લેણીહૂંડીઓ ઉદ્ભવે છે તે જાણી શકાય છે. આ ગુણોત્તર ઉધાર વેચાણ અને વેપારી લેણાં વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

**સૂત્ર :** $$\text{દેવાદારોનો ઉથલો} = \frac{\text{ઉધાર વેચાણ}}{\text{સરેરાશ વેપારી લેણાં}}$$

વેપારી લેણાં એટલે ઉધાર વેચાણ અંગેનાં દેવાદારો અને લેણીહૂંડીઓની સરેરાશ.

$$\text{સરેરાશ વેપારી લેણાં} = \frac{\text{શરૂનાં વેપારી લેણાં} + \text{આખરનાં વેપારી લેણાં}}{2}$$

**નોંધ :** વેપારી લેણાંની ગણતરી વખતે દેવાદારોમાંથી ઘાલખાધ અનામત બાદ કરવી નહિ. આ ગુણોત્તર ઉઘરાણીના સમય માટે છે નહિ કે મળવાપાત્ર રકમ માટે.

**હેતુ :** આ ગુણોત્તર દર્શાવે છે કે વર્ષમાં કેટલી વખત દેવાદારો અને લેણીહૂંડીઓ ઉધાર વેચાણના કારણે ઉદ્ભવી છે. કેટલી ઝડપથી ઉઘરાણીને રોકડ અથવા રોકડ સમકક્ષમાં રૂપાંતરિત કરવામાં આવે છે તે આ ઉથલો દર્શાવે છે.

**વલણ :** આ કાર્યક્ષમતા માપન ગુણોત્તર છે. ઊંચો ગુણોત્તર ઉઘરાણીની ઊંચી કાર્યક્ષમતા દર્શાવે છે અને દેવાદારો + લેણીહૂંડીમાં ઓછું રોકાણ દર્શાવે છે જ્યારે નીચો ગુણોત્તર નીચી કાર્યક્ષમતા અને દેવાદારો + લેણીહૂંડીમાં વધુ રોકાણ દર્શાવે છે.

આ ગુણોત્તરની મદદથી ઉઘરાણીનો સમયગાળો શોધવામાં આવે છે. ઉપર જણાવ્યા પ્રમાણે દેવાદારોનો ઊંચો ઉથલો ઝડપી ઉઘરાણી આપે છે અને દેવાદારોનો નીચો ઉથલો ઢીલી ઉઘરાણી દર્શાવે છે. આ સમયગાળો મહિના, અઠવાડિયાં કે દિવસોમાં હોઈ શકે. આ અંગેનાં સૂત્રો નીચે પ્રમાણે છે :

$$\text{ઉઘરાણી સમય મહિનામાં} = \frac{12}{\text{દેવાદારોનો ઉથલો}}$$

$$\text{ઉઘરાણી સમય અઠવાડિયાંમાં} = \frac{52}{\text{દેવાદારોનો ઉથલો}}$$

$$\text{ઉઘરાણી સમય દિવસોમાં} = \frac{365}{\text{દેવાદારોનો ઉથલો}}$$

**નોંધ :** વિદ્યાર્થીઓને આ ગુણોત્તર ગણવા સમય અંગેની સ્પષ્ટ માહિતી આપવી. દા.ત., 12 મહિના, 52 અઠવાડિયાં કે 365 દિવસો.

**ઉદાહરણ 29 : 'આર. આર.'** કંપની લિમિટેડની નીચેની વિગતો પરથી દેવાદારોનો ઉથલો અને ઉઘરાણી મુદત મહિના, અઠવાડિયાં અને દિવસોમાં શોધો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| કુલ વેચાણ | 40,00,000 | રોકડ વેચાણ | 3,50,000 |
| શરૂઆતના દેવાદારો અને લેણીહૂંડીઓ | 4,00,000 | આખરના દેવાદારો અને લેણીહૂંડીઓ | 3,30,000 |

**જવાબ :** આ પ્રકારના દાખલા બે તબક્કાઓમાં ગણાય છે, જે નીચે પ્રમાણે છે :

**(A) દેવાદારોનો ઉથલો :** $\frac{\text{ઉધાર વેચાણ}}{\text{સરેરાશ વેપારી લેણાં}}$

**ઉધાર વેચાણ :**

| | (₹) |
|---|---|
| કુલ વેચાણ | 40,00,000 |
| − રોકડ વેચાણ | 3,50,000 |
| | 36,50,000 |

$$\textbf{સરેરાશ વેપારી લેણાં} = \frac{\text{શરૂઆતના દેવાદારો અને લેણીહૂંડીઓ} + \text{આખરના દેવાદારો અને લેણીહૂંડીઓ}}{2}$$

$$= \frac{4,00,000 + 3,30,000}{2}$$

$$= ₹\ 3,65,000$$

$$\frac{36,50,000}{3,65,000} = 10 \text{ વખત}$$

**(B) ઉઘરાણી મુદત :**

| **મહિનામાં** | **અઠવાડિયાંમાં** | **દિવસોમાં** |
|---|---|---|
| (A) | (B) | (C) |
| $\frac{12}{\text{દેવાદારોનો ઉથલો}}$ | $\frac{52}{\text{દેવાદારોનો ઉથલો}}$ | $\frac{365}{\text{દેવાદારોનો ઉથલો}}$ |
| $\frac{12}{10}$ | $\frac{52}{10}$ | $\frac{365}{10}$ |
| 1.2 મહિના | 5.2 અઠવાડિયાં | 36.5 દિવસો |
| | | (37 દિવસો) |

**નોંધ :** ઉપરનાં આંકડાઓ દર્શાવે છે કે કરવામાં આવેલ દરેક ઉધાર વેચાણની ઉઘરાણી મહિનામાં હોય તો 1.2 મહિનામાં પરત આવશે. જો અઠવાડિયાંમાં હોય તો 5.2 અઠવાડિયાંમાં પરત આવશે. જો દિવસો હોય તો 36.5 દિવસોમાં પરત આવશે.

**ઉદાહરણ 30 : 'આર. એચ.'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે દેવાદારોનો ઉથલો અને ઉઘરાણી મુદત દિવસોમાં શોધો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| વેચેલ માલની પડતર | 48,00,000 | કાચો નફો | 12,00,000 |
| રોકડ વેચાણ | 12,00,000 | આખરનાં વેપારી લેણાં | 1,70,000 |
| શરૂનાં વેપારી લેણાં | 2,30,000 | | |

**જવાબ :**

**(A) દેવાદારોનો ઉથલો :** $\frac{\text{ઉધાર વેચાણ}}{\text{સરેરાશ વેપારી લેણાં}}$

**ઉધાર વેચાણ :** કુલ વેચાણ − રોકડ વેચાણ

કુલ વેચાણ = વેચાણ પડતર + કાચો નફો

= 48,00,000 + 12,00,000

= ₹ 60,00,000

= ₹ 60,00,000 − ₹ 12,00,000 = ₹ 48,00,000

**સરેરાશ વેપારી લેણાં** = $\frac{\text{શરૂનાં વેપારી લેણાં + આખરનાં વેપારી લેણાં}}{2}$

$= \frac{2,30,000 + 1,70,000}{2}$

= ₹ 2,00,000

$\frac{48,00,000}{2,00,000}$ = 24 વખત

**(B) ઉઘરાણી મુદત** = $\frac{\text{365 દિવસો}}{\text{દેવાદાર ઉથલો}}$

$= \frac{365}{24}$

= 15.21 દિવસો = 15 દિવસો

**(iv) લેણદારોનો ઉથલો (Creditor's Turn-over Ratio) :**

**અર્થ :** આ ગુણોત્તરને દેવાંના ઉથલાનો ગુણોત્તર પણ કહેવામાં આવે છે. આ ગુણોત્તર ઉધાર ખરીદીના કારણે કેટલી વખત લેણદારો અને દેવીહૂંડીઓ ઉદ્ભવે છે, તે જાણકારી આપે છે. આ ગુણોત્તર ઉધાર ખરીદી અને વેપારી દેવાં વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

**સૂત્ર :** લેણદારોનો ઉથલો = $\frac{\text{ઉધાર ખરીદી}}{\text{સરેરાશ વેપારી દેવાં}}$

વેપારી દેવાં એટલે ઉધાર ખરીદી અંગેનાં લેણદારો અને દેવીહૂંડીઓની સરેરાશ.

સરેરાશ વેપારી દેવાં = $\frac{\text{શરૂનાં વેપારી દેવાં + આખરનાં વેપારી દેવાં}}{2}$

**હેતુ :** આ ગુણોત્તર દર્શાવે છે કે વર્ષમાં કેટલી વખત લેણદારો અને દેવીહૂંડીઓ ઉધાર ખરીદીના કારણે ઉદ્ભવી છે. કેટલી ઝડપથી આ ચૂકવણી કરવામાં આવી છે તે આ ઉથલો જણાવે છે.

**વલણ :** આ કાર્યક્ષમતા માપન ગુણોત્તર છે. નીચો ગુણોત્તર ચૂકવણીની વધુ કાર્યક્ષમતા દર્શાવે છે. લેણદારો અને દેવીહૂંડીના કારણે માલિકે પોતાની મૂડી ઓછા પ્રમાણમાં રોકવી પડે છે. ઊંચો ગુણોત્તર નીચી કાર્યક્ષમતા દર્શાવે છે.

આ ગુણોત્તરની મદદથી ચૂકવણીનો સમયગાળો શોધવામાં આવે છે. આ સમયગાળો મહિના, અઠવાડિયાં કે દિવસોમાં હોઈ શકે. આ અંગેનાં સૂત્રો ઉઘરાણી મુદત જેવાં જ છે. જે નીચે પ્રમાણે છે :

$$\text{ચૂકવણી સમય મહિનામાં} = \frac{12}{\text{લેણદારોનો ઉથલો}}$$

$$\text{ચૂકવણી સમય અઠવાડિયાંમાં} = \frac{52}{\text{લેણદારોનો ઉથલો}}$$

$$\text{ચૂકવણી સમય દિવસોમાં} = \frac{365}{\text{લેણદારોનો ઉથલો}}$$

**ઉદાહરણ 31 : 'એ. બી.'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે લેણદારોનો ઉથલો અને ચૂકવણી મુદત મહિના, અઠવાડિયાં અને દિવસોમાં શોધો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| કુલ ખરીદી | 30,00,000 | રોકડ ખરીદી | 4,00,000 |
| શરૂના વેપારી દેવાં | 3,60,000 | આખરનાં વેપારી દેવાં | 4,80,000 |

**જવાબ :**

**(A) લેણદારોનો ઉથલો :** $\frac{\text{ઉધાર ખરીદી}}{\text{સરેરાશ વેપારી દેવાં}}$

**ઉધાર ખરીદી :**

| | (₹) |
|---|---|
| કુલ ખરીદી | 30,00,000 |
| – રોકડ ખરીદી | 4,00,000 |
| | 26,00,000 |

**સરેરાશ વેપારી દેવાં** $= \frac{\text{શરૂનાં વેપારી દેવાં + આખરનાં વેપારી દેવાં}}{2}$

$= \frac{3,60,000 + 4,80,000}{2}$

$=$ ₹ 4,20,000

$\frac{26,00,000}{4,20,000} = 6.19$ વખત

**(B) ચૂકવણી મુદત :**

| **મહિનામાં** | **અઠવાડિયાંમાં** | **દિવસોમાં** |
|---|---|---|
| (A) | (B) | (C) |
| $\frac{12}{\text{લેણદારોનો ઉથલો}}$ | $\frac{52}{\text{લેણદારોનો ઉથલો}}$ | $\frac{365}{\text{લેણદારોનો ઉથલો}}$ |
| $\frac{12}{6.19}$ | $\frac{52}{6.19}$ | $\frac{365}{6.19}$ |
| 1.94 મહિના | 8.40 અઠવાડિયાં | 58.97 દિવસો (59 દિવસો) |

**ઉદાહરણ 32 : 'એ. એ.'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે લેણદારોનો ઉથલો અને ચૂકવણીની મુદત દિવસોમાં શોધો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| કુલ ખરીદી | 35,00,000 | રોકડ ખરીદી | 3,00,000 |
| ખરીદ પરત | 2,00,000 | શરૂનાં વેપારી દેવાં | 5,40,000 |
| આખરનાં વેપારી દેવાં | 4,60,000 | | |

**જવાબ :**

**(A) લેણદારોનો ઉથલો :** $\frac{\text{ઉધાર ખરીદી}}{\text{સરેરાશ વેપારી દેવાં}}$

**ઉધાર ખરીદી :**

| | (₹) |
|---|---|
| કુલ ખરીદી | 35,00,000 |
| − ખરીદ પરત | 2,00,000 |
| | 33,00,000 |
| − રોકડ ખરીદી | 3,00,000 |
| | 30,00,000 |

**સરેરાશ વેપારી દેવાં** $= \frac{\text{શરૂનાં વેપારી દેવાં + આખરનાં વેપારી દેવાં}}{2}$

$= \frac{5,40,000 + 4,60,000}{2}$

$=$ ₹ 5,00,000

$\frac{30,00,000}{5,00,000} = 6$ વખત

**(B) ચૂકવણી મુદત દિવસોમાં** $= \frac{365}{\text{લેણદારોનો ઉથલો}}$

$= \frac{365}{6}$

$= 61$ દિવસો

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) નીચેનામાંથી કયું હિસાબી ગુણોત્તરો માટે સાચું છે ?

(અ) પેઢી દ્વારા વિકસાવેલા ગુણોત્તરો સાથે સરખામણી

(બ) ઉદ્યોગના ગુણોત્તરો સાથે સરખામણી

(ક) હરીફોના ગુણોત્તરો સાથે સરખામણી

(ડ) ઉપરના બધા

(2) ગુણોત્તરોની રજૂઆત કયા સ્વરૂપે થાય છે ?

(અ) પ્રમાણના સ્વરૂપે (બ) ટકાવારીના સ્વરૂપે

(ક) સમયના સ્વરૂપે (ડ) ઉપરના બધા

(3) નીચેનામાંથી કઈ બાબત અંગે ગુણોત્તર દિવસોમાં શોધાય છે ?

(અ) કુલ ખરીદી અંગે (બ) ઉધાર વેચાણ અંગે

(ક) ઉધાર ખરીદી અંગે (ડ) બંને (બ) અને (ક)

(4) નીચેનામાંથી કયા ગુણોત્તરોનો સમાવેશ પ્રણાલિકાગત વર્ગીકરણમાં થાય છે ?

(અ) મિશ્ર ગુણોત્તરો (બ) તરલતાના ગુણોત્તરો

(ક) નફાકારકતાના ગુણોત્તરો (ડ) સધ્ધરતાના ગુણોત્તરો

(5) નીચેનામાંથી કયો ગુણોત્તર નફાકારકતાનો ઊપજ આધારિત ગુણોત્તર છે ?

(અ) કાચા નફાનો ગુણોત્તર (બ) ચોખ્ખા નફાનો ગુણોત્તર

(ક) કામગીરી ગુણોત્તર (ડ) બંને (અ) અને (બ)

(6) એક કંપનીમાં ખરીદી ₹ 90,000, ખરીદીના ખર્ચા ₹ 15,000, સ્ટૉકમાં ફેરફાર (₹ 15,000) અને વેચાણ ₹ 1,50,000 હોય તો કાચા નફો ગુણોત્તર શોધો.

(અ) 40 % (બ) 13.33 %

(ક) 20 % (ડ) ઉપરના એકેય નહિ

(7) નીચેનામાંથી કોનો સમાવેશ કામગીરી ખર્ચામાં થતો નથી ?

(અ) મિલકત વેચાણ નુકસાન (બ) આગથી થયેલ નુકસાન

(ક) ચૂકવેલ વ્યાજ (ડ) ઉપરના બધા

(8) એક કંપનીની વેચેલ માલની પડતર ₹ 10,00,000 છે. કામગીરીના ખર્ચા ₹ 2,00,000 છે. બિનકામગીરી ખર્ચા ₹ 3,00,000 છે. નાણાકીય ખર્ચા ₹ 1,00,000 છે. કુલ વેચાણ ₹ 20,00,000 હોય તો કામગીરી નફાનો ગુણોત્તર શોધો.

(અ) 20 % (બ) 40 %

(ક) 30 % (ડ) 28 %

(9) પ્રવાહી ગુણોત્તર એ ......... .

(અ) સધ્ધરતાનું માપ દર્શાવે છે. (બ) ટૂંકા ગાળાની નફાકારકતાનું માપ છે.

(ક) નફાકારકતાનું માપ છે. (ડ) તરલતાનું માપ છે.

(10) નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ ચાલુ ગુણોત્તર ગણવા માટે થતો નથી ?

(અ) દેવાદારો (બ) સ્ટૉક

(ક) લેણીહૂંડી (ડ) ફર્નિચર

(11) કાર્યશીલ મૂડી એટલે ......... .

(અ) ચાલુ મિલકતો અને બિનચાલુ મિલકતોનો તફાવત

(બ) ચાલુ દેવાં અને બિનચાલુ મિલકતોનો તફાવત

(ક) ચાલુ મિલકતો અને બિનચાલુ દેવાં વચ્ચેનો તફાવત

(ડ) ચાલુ મિલકતો અને ચાલુ દેવાં વચ્ચેનો તફાવત

(12) ચાલુ મિલકતોમાંથી કઈ મિલકત બાદ કરવાથી પ્રવાહી મિલકતો મળે છે ?

(અ) સ્ટૉક (બ) રોકડ અને બૅન્કસિલક

(ક) દેવાદારો (ડ) લેણીહૂંડીઓ

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) ગુણોત્તર એટલે શું ?

(2) ગુણોત્તર ક્યારે ઉપયોગી બને ?

(3) ગુણોત્તર કયા કયા સ્વરૂપે રજૂ કરી શકાય ?

(4) વેચાણ પડતર એટલે શું ?

(5) કાચા નફાનો અને ચોખ્ખા નફાનો ગુણોત્તર ઊપજ આધારિત કે ખર્ચ આધારિત ગુણોત્તર છે ?

(6) સ્ટૉકમાં ફેરફાર ધન હોય તો વેચેલ માલની પડતરમાં ઉમેરાય કે બાદ થાય ?

(7) નાણાકીય ખર્ચનું એક ઉદાહરણ આપો.

(8) કામગીરી ગુણોત્તર શોધવા નાણાકીય ખર્ચાઓનો સમાવેશ થાય છે ?

(9) તરલતાના ગુણોત્તરો શું દર્શાવે છે ?

(10) ચાલુ મિલકતો વધે અને ચાલુ દેવાંમાં ફેરફાર ન થાય તો ચાલુ ગુણોત્તર વધે કે ઘટે ?

(11) શૅરહોલ્ડર્સનાં ભંડોળો એટલે શું ?

(12) વ્યાજ-આવરણ ગુણોત્તર શું દર્શાવે છે ?

(13) વ્યાજ-આવરણ ગુણોત્તર વધુ સારો કે ઓછો સારો ?

(14) કયા ગુણોત્તરો દ્વારા કાર્યક્ષમતા મપાય છે ?

(15) વેપારી લેણાંની ગણતરી કરતી વખતે દેવાદારોમાંથી ઘાલખાધ અનામત બાદ થાય ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) ગુણોત્તર વિશ્લેષણના ત્રણ હેતુઓ સમજાવો.

(2) ગુણોત્તર વિશ્લેષણની ત્રણ મર્યાદાઓ જણાવો.

(3) ગણેલા ગુણોત્તરો ક્યારે ઉપયોગી બને છે ?

(4) ગુણોત્તરોનું પ્રણાલિકાગત વર્ગીકરણ સમજાવો.

(5) ગુણોત્તરોનું કાર્યાનુસાર વર્ગીકરણ સમજાવો.

(6) નફાકારકતાનો કોઈ પણ એક ગુણોત્તર સમજાવો.

(7) તરલતાનો કોઈ પણ એક ગુણોત્તર સમજાવો.

(8) સધ્ધરતાનો કોઈ પણ એક ગુણોત્તર સમજાવો.

(9) કાર્યક્ષમતાનો કોઈ પણ એક ગુણોત્તર સમજાવો.

(10) કામગીરી ખર્ચાઓમાં શેનો શેનો સમાવેશ થાય છે ?

(11) બિનકામગીરી ઊપજો સમજાવો.

(12) ચાલુ ગુણોત્તર માટે ચાલુ રોકાણો ધ્યાનમાં લેવાય ?

(13) માલિકી ભંડોળના અભિગમો સમજાવો.

4. કાચા નફાનો ગુણોત્તર શોધો :

(1) વેચાણ ₹ 10,00,000, કાચો નફો ₹ 3,00,000

(2) વેચાણ ₹ 15,00,000, વેચેલ માલની પડતર ₹ 12,00,000

(3) વેચાણ ₹ 20,00,000     વેચાણ પરત ₹ 2,00,000
શરૂઆતનો સ્ટૉક ₹ 2,50,000,     આખરનો સ્ટૉક ₹ 3,50,000
ખરીદી ₹ 12,00,000     ખરીદીના ખર્ચા ₹ 50,000

5. નીચે આપેલ વિગતોના આધારે કામગીરી ગુણોત્તર ગણો :

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| બિનકામગીરી અન્ય ખર્ચા | 35,000 | વ્યાજ-ડિવિડન્ડની ઊપજ | 45,000 |
| ઘસારો | 48,000 | વેચાણ ખર્ચા | 52,000 |
| વહીવટી ખર્ચા | 75,000 | વેચેલ માલની પડતર | 3,25,000 |
| વેચાણ | 6,00,000 | નાણાકીય ખર્ચા | 85,000 |
| કરવેરાનો દર | 30 % | | |

6. નીચે આપેલ વિગતોના આધારે (i) કામગીરી ગુણોત્તર અને (ii) કામગીરી નફા ગુણોત્તર ગણો :

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| વેચાણ | 39,00,000 | મજૂરી | 2,00,000 |
| વપરાયેલ કાચા માલની પડતર | 25,00,000 | વહીવટી ખર્ચા | 1,75,000 |
| વેચાણ ખર્ચા | 75,000 | લોનનું વ્યાજ | 60,000 |
| અકસ્માતથી થયેલ નુકસાન | 40,000 | રોકાણો પર મળેલ ડિવિડન્ડ | 1,00,000 |
| ઘસારા સહિત કારખાના ખર્ચા | 50,000 | કરવેરાનો દર | 30 % |

7. પ્રશ્ન 5 અને 6માં આપેલ વિગતોના આધારે ચોખ્ખા નફા ગુણોત્તરની ગણતરી કરો.

8. નીચે આપેલ વિગતોના આધારે ચાલુ ગુણોત્તર અને પ્રવાહી ગુણોત્તરની ગણતરી કરો :

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| સ્ટૉક | 3,00,000 | લેણીહૂંડી | 75,000 |
| દેવાદારો | 2,50,000 | ઘાલખાધ અનામત | 20,000 |
| રોકડ અને રોકડ સમકક્ષ | 1,20,000 | અગાઉથી ચૂકવેલ ખર્ચ | 60,000 |
| ફર્નિચર | 1,60,000 | લેણદારો | 2,00,000 |
| દેવીહૂંડી | 60,000 | ખર્ચા ચૂકવવાના બાકી | 50,000 |
| ટૂંકા ગાળાની લોન | 40,000 | | |

9. **'એચ'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે દેવાં-ઇક્વિટી ગુણોત્તર ગણો :

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| લાંબા ગાળાનાં દેવાં | 8,00,000 | ઇક્વિટી શૅરમૂડી | 8,00,000 |
| લાંબા ગાળાની જોગવાઈઓ | 4,00,000 | પ્રેફરન્સ શૅરમૂડી | 2,00,000 |
| નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી | 50,000 | લેણદારો | 1,25,000 |
| દેવીહૂંડી | 25,000 | ખર્ચા ચૂકવવાના બાકી | 10,000 |

10. **'એમ'** લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે દેવાં-ઇક્વિટી ગુણોત્તર ગણો :

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| ચાલુ દેવાં | 4,50,000 | લાંબા ગાળાની જવાબદારીઓ | 8,00,000 |
| લાંબા ગાળાની જોગવાઈઓ | 6,00,000 | કુલ મિલકતો | 30,00,000 |

11. **'એન'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે દેવાં-ઇક્વિટી ગુણોત્તરની ગણતરી કરો :

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| લેણદારો | 1,60,000 | બિનચાલુ મિલકતો | 12,00,000 |
| દેવીહૂંડીઓ | 1,40,000 | ચાલુ મિલકતો | 10,00,000 |
| ખર્ચા ચૂકવવાના બાકી | 1,00,000 | કુલ દેવાં | 10,00,000 |

12. **'આર'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે કુલ મિલકતો-દેવાં ગુણોત્તર શોધો :

| **વિગત** | (₹) | **વિગત** | (₹) |
|---|---|---|---|
| પ્રેફરન્સ શૅરમૂડી | 6,00,000 | બિનચાલુ જવાબદારીઓ | 4,00,000 |
| ઇક્વિટી શૅરમૂડી | 10,00,000 | ચાલુ જવાબદારીઓ | 4,00,000 |
| અનામતો અને વધારો | 2,00,000 | | |

13. **'ટી'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે માલિકી ગુણોત્તર શોધો :

| **વિગત** | (₹) | **વિગત** | (₹) |
|---|---|---|---|
| ઇક્વિટી શૅરમૂડી | 12,00,000 | ચાલુ જવાબદારીઓ | 4,00,000 |
| પ્રેફરન્સ શૅરમૂડી | 8,00,000 | બિનચાલુ મિલકતો | 12,00,000 |
| અનામતો અને વધારો | 4,00,000 | ચાલુ મિલકતો | 24,00,000 |
| બિનચાલુ જવાબદારીઓ | 8,00,000 | | |

14. **'કે'** કંપની લિમિટેડની નીચેની વિગતો પરથી વ્યાજ-આવરણ ગુણોત્તર ગણો :

| **વિગત** | (₹) | **વિગત** | (₹) |
|---|---|---|---|
| કરવેરા પછીનો નફો | 7,50,000 | કરવેરા ચૂકવવા | 2,50,000 |
| 10 %ના ડિબેન્ચર | 20,00,000 | 12 %ની લોન | 10,00,000 |

15. **'એલ'** કંપની લિમિટેડની નીચેની વિગતો પરથી સ્ટૉક ઉથલો (સ્ટૉક ચલનદર) ગણો :

| **વિગત** | (₹) | **વિગત** | (₹) |
|---|---|---|---|
| વેચાણ | 30,00,000 | શરૂનો સ્ટૉક | 3,50,000 |
| આખરનો સ્ટૉક | 2,50,000 | ખરીદી | 12,00,000 |
| કાચા નફાનો દર | 30 % | | |

16. **'વાય'** કંપની લિમિટેડની નીચેની વિગતો પરથી સ્ટૉક ચલનદર ગણો :

| **વિગત** | (₹) | **વિગત** | (₹) |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 2,00,000 | આખરસ્ટૉક | 1,50,000 |
| વેચાણ | 40,00,000 | ખરીદી | 22,00,000 |
| ખરીદીના ખર્ચા | 1,00,000 | મજૂરી | 2,50,000 |

17. **'ઝેડ'** કંપની લિમિટેડની નીચેની વિગતો પરથી કાર્યશીલ મૂડીનો ઉથલો (ચલનદર) ગણો. (વેચાણ અને વેચાણ પડતરના આધારે ગણો.)

| **વિગત** | (₹) | **વિગત** | (₹) |
|---|---|---|---|
| વેચેલ માલની પડતર | 32,00,000 | કાચો નફો | 8,00,000 |
| બિનચાલુ મિલકતો | 10,00,000 | ચાલુ મિલકતો | 5,00,000 |
| બિનચાલુ દેવાં | 6,00,000 | ચાલુ દેવાં | 3,00,000 |

18. **'બી'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે દેવાદારોનો ઉથલો (ચલનદર) અને ઉઘરાણી મુદત દિવસોમાં ગણો. જો મુદત અઠવાડિયાં કે મહિનામાં ગણીએ તો શું જવાબ આવે ? (દિવસ 360 ધારો.)

| **વિગત** | (₹) | **વિગત** | (₹) |
|---|---|---|---|
| કુલ વેચાણ | 4,50,000 | ઉધાર વેચાણ | 3,65,000 |
| શરૂઆતના દેવાદારો | 70,000 | આખરના દેવાદારો | 50,000 |
| શરૂઆતની લેણીહૂંડીઓ | 20,000 | આખરની લેણીહૂંડીઓ | 6000 |
| લેણદારો શરૂઆતના | 45,000 | લેણદારો આખરના | 48,000 |

**19.** **'સી'** કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે લેણદારોનો ઉથલો (ચલનદર) અને ચૂકવણી મુદત દિવસોમાં શોધો. (દિવસો 360 ધારો). અઠવાડિયાં અને મહિનામાં ચૂકવણી મુદત પણ શોધો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| **શરૂની બાકીઓ :** | | ઉધાર વેચાણ | 6,00,000 |
| લેણદારો | 45,000 | રોકડ વેચાણ | 4,00,000 |
| દેવીહૂંડીઓ | 15,000 | કુલ વેચાણ | 10,00,000 |
| લેણીહૂંડીઓ | 30,000 | કુલ ખરીદી | 6,00,000 |
| દેવાદારો | 30,000 | રોકડ ખરીદી | 2,40,000 |
| **આખરની બાકીઓ :** | | | |
| લેણદારો | 40,000 | | |
| દેવીહૂંડીઓ | 20,000 | | |
| લેણીહૂંડીઓ | 40,000 | | |
| દેવાદારો | 20,000 | | |

●

# 6

# રોકડ પ્રવાહ પત્રક
# (Cash Flow Statement)


1. પ્રસ્તાવના
2. પારિભાષિક શબ્દોનો અર્થ
3. રોકડ પ્રવાહની પ્રવૃત્તિઓનું વર્ગીકરણ
4. વિશિષ્ટ પ્રવૃત્તિઓ
5. રોકડ પ્રવાહ પત્રક
6. કામગીરી પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ
7. રોકાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ
8. નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ
– સ્વાધ્યાય


## 1. પ્રસ્તાવના (Introduction)

નાણાકીય હિસાબોમાં નફા-નુકસાનનું પત્રક અને પાકા સરવૈયાનો સમાવેશ થાય છે. આ બંને પત્રકો નિર્ધારિત હેતુઓ માટે તૈયાર કરવામાં આવે છે. તેમને તૈયાર કરવાની પદ્ધતિ પણ પૂર્વનિર્ધારિત છે. આ પત્રકો વેપારી ધોરણે તૈયાર કરવામાં આવે છે. જેમાં ખરેખર થયેલ ખર્ચાઓ અને ખરેખર ઊપજો (જે-તે વર્ષની - પછી તે રોકડમાં ચૂકવાઈ હોય અથવા ન ચૂકવાઈ હોય, રોકડમાં મળી હોય અથવા ન મળી હોય) નફા-નુકસાનના પત્રકમાં નોંધવામાં આવે છે. નફા-નુકસાનના પત્રકમાં મહેસૂલી ખર્ચાઓ અને મહેસૂલી ઊપજો દર્શાવવામાં આવે છે. પાકા સરવૈયાના પત્રકમાં ઇક્વિટી-જવાબદારી અને મિલકતો અંગેની માહિતી આપવામાં આવે છે.

ટૂંકમાં વેપારી ધોરણે તૈયાર થયેલ નફા-નુકસાનનું પત્રક ધંધાની નફાકારકતા દર્શાવે છે. પાકું સરવૈયું ધંધાની આર્થિક સધ્ધરતાની જાણકારી આપે છે.

નાણાકીય હિસાબોનાં અંગ તરીકે નફા-નુકસાનના પત્રક અને પાકા સરવૈયા ઉપરાંત રોકડ પ્રવાહ પત્રકનો સમાવેશ કરવામાં આવે છે. ધંધાની તમામ મિલકતોમાં રોકડ પ્રથમ નંબરની પ્રવાહી મિલકત છે. રોકડનું રોકાણ કરવામાં ન આવે ત્યાં સુધી રોકડ કોઈ પણ પ્રકારનું વળતર - કમાણીનું સર્જન કરતી નથી. દા.ત. તમારી પાસે ₹ 1,00,000 છે અને તેને 1 વર્ષ માટે તિજોરીમાં રાખી મૂકો તો તમને કોઈ વળતર મળશે નહિ. પણ આ ₹ 1,00,000ને બૅન્ક ડિપોઝિટમાં, શૅરમાં કે ડિબેન્ચરમાં અથવા કોઈ પણ જગ્યાએ રોકવામાં આવે તો તે વ્યાજ-ડિવિડન્ડ કે નફાનું સર્જન કરે છે. તેથી રોકડનું રોકાણ વળતર-કમાણીનાં સર્જન માટે અનિવાર્ય છે.

ધંધામાં રોકડ કયા પ્રાપ્તિસ્થાન દ્વારા પ્રાપ્ત થઈ છે – અને રોકડ ક્યાં રોકવામાં આવી છે – આ બંને બાબતો ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. ધંધામાં રોકડ યોગ્ય પ્રાપ્તિસ્થાન દ્વારા પ્રાપ્ત કરીને યોગ્ય સ્થાને રોકવામાં આવે તે ઇચ્છનીય છે. આ અંગેની માહિતી નફા-નુકસાનનું પત્રક અને પાકું સરવૈયું દર્શાવતું નથી. જોકે આ બંને પત્રકો તૈયાર કરવાના હેતુઓ જુદા છે. તેથી રોકડ ક્યાંથી આવી ? અને ક્યાં રોકાઈ છે ? આ બંને બાબતોની જાણકારી રોકડ પ્રવાહ પત્રક આપે છે. તેથી રોકડ પ્રવાહ પત્રક અમુક ધંધાકીય એકમો માટે ફરજિયાત બનાવવામાં આવેલાં છે. જેથી રોકાણકારો પોતાના યોગ્ય નિર્ણયો લઈ શકે.

રોકડ પ્રવાહ પત્રકનું પ્રગટીકરણ તા. 1-4-2004થી અને ત્યારબાદના સમય માટે અમુક ધંધાકીય એકમો માટે હિસાબી ધોરણ 3 પ્રમાણે ફરજિયાત બનાવવામાં આવેલ છે. એવા ધંધાકીય એકમો જેમની ઇક્વિટી કે દેવા જામીનગીરીઓ ભારત કે ભારત બહારનાં સ્ટૉક એક્સચેન્જમાં નોંધાયેલ હોય અથવા ડિરેક્ટરો દ્વારા પસાર કરવામાં આવેલ ઠરાવ પ્રમાણે સાબિત થતું હોય કે ધંધાકીય એકમ પોતાની ઇક્વિટી કે દેવા જામીનગીરીઓ કોઈ પણ સ્ટૉક એક્સચેન્જમાં નોંધવાની પ્રક્રિયામાં હોય. હિસાબી ધોરણ 3 પ્રમાણે આ ધંધાકીય એકમોએ પોતાનું રોકડ પ્રવાહ પત્રક પરોક્ષ પદ્ધતિ (Indirect Method) પ્રમાણે તૈયાર કરવાનું રહેશે.

કંપની ધારા 2013ની કલમ 2(40) પ્રમાણે રોકડ પ્રવાહ પત્રકનો સમાવેશ નાણાકીય પત્રકોની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવેલ છે.

## 2. પારિભાષિક શબ્દોનો અર્થ (Meaning of Terminologies)

**(1) રોકડ પ્રવાહ :** રોકડ પ્રવાહમાં બે પ્રકારના રોકડ પ્રવાહનો સમાવેશ થાય છે : (a) આવક રોકડ પ્રવાહ અને (b) જાવક રોકડ પ્રવાહ. અહીં રોકડ પ્રવાહ એટલે રોકડ અને રોકડ સમકક્ષની આવક-જાવક. જે વ્યવહારના કારણે રોકડ અથવા રોકડ સમકક્ષમાં વધારો થતો હોય તેને આવક રોકડ પ્રવાહ કહેવાય છે. જે વ્યવહારના કારણે રોકડ અથવા રોકડ સમકક્ષમાં ઘટાડો થતો હોય તેને જાવક રોકડ પ્રવાહ કહેવામાં આવે છે.

આવક રોકડ પ્રવાહ અને જાવક રોકડ પ્રવાહના તફાવતને ચોખ્ખો રોકડ પ્રવાહ કહેવામાં આવે છે. આ તફાવત નીચે પ્રમાણે હોઈ શકે.

| | | | દા.ત. |
|---|---|---|---|
| ● | આવક રોકડ પ્રવાહ | ✓ | 1,00,000 |
| | બાદ : જાવક રોકડ પ્રવાહ | ✓ | 85,000 |
| | ચોખ્ખો આવક રોકડ પ્રવાહ | ✓ | 15,000 |
| ● | આવક રોકડ પ્રવાહ | ✓ | 85,000 |
| | બાદ : જાવક રોકડ પ્રવાહ | ✓ | 1,00,000 |
| | ચોખ્ખો જાવક રોકડ પ્રવાહ | ✓ | (15,000) |

**(2) રોકડ :** રોકડ એટલે હાથ પરની રોકડસિલક અને બૅન્કસિલક.

**(3) રોકડ સમકક્ષ :** રોકડ સમકક્ષ એટલે

(i) ટૂંકા ગાળાનાં ઉચ્ચ પ્રવાહીતા ધરાવતાં રોકાણો

(ii) એવા રોકાણો જેમનું ઝડપથી સાચી અંદાજિત કિંમતમાં રોકડમાં રૂપાંતર થઈ શકે

(iii) જેના મૂલ્યમાં ફેરફાર થવાનું જોખમ નહિવત્ હોય તેવાં રોકાણો

દા.ત., (i) સરકારી જામીનગીરીઓ (ii) ઉપરનાં લક્ષણો ધરાવતી કોઈ પણ પ્રકારની જામીનગીરી

**(4) રોકડ પ્રવાહ પત્રક :** રોકડ પ્રવાહ પત્રકમાં મુખ્યત્વે ત્રણ પ્રકારની પ્રવૃત્તિઓ દર્શાવવામાં આવે છે :

– કામગીરીની પ્રવૃત્તિઓ – રોકાણની પ્રવૃત્તિઓ – નાણાકીય પ્રવૃત્તિઓ

આ દરેક પ્રવૃત્તિઓમાં રોકડ આવક પ્રવાહ અને/અથવા રોકડ જાવક પ્રવાહ હોઈ શકે. આ ત્રણેય પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહની રકમોના સરવાળામાં શરૂઆતની રોકડ સિલક અને રોકડ સમકક્ષ રકમો ઉમેરવામાં આવે છે. છેલ્લે જે રકમ મળે તે આખરની રોકડ સિલક અને રોકડ સમકક્ષની રકમો દર્શાવે છે. આ ત્રણેય પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ ધન અથવા ઋણ હોઈ શકે.

## 3. રોકડ પ્રવાહની પ્રવૃત્તિઓનું વર્ગીકરણ (Classification of Cash Flow Activities) :

ઉધાર **નફા-નુકસાન ખાતું** જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| શરૂનો સ્ટૉક<br>ખરીદી<br>ખરીદીના ખર્ચા<br>કામગીરીના રોકડ ખર્ચા | | કામગીરી આવકો | |
| | | બિનકામગીરી આવકો → | કામગીરી નફામાંથી બાદ થાય |
| કામગીરીના બિનરોકડ ખર્ચા → | કામગીરી નફામાં ઉમેરાય | | |
| નાણાકીય ખર્ચાઓ અને ફાળવણીઓ → | | | |
| નફો | | | |

**પાકું સરવૈયું**

| ઈક્વિટી-જવાબદારી | | રકમ (₹) | મિલકતો | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| શૅરહોલ્ડર્સનાં ભંડોળો<br>બિનચાલુ દેવાં | → | નાણાકીય પ્રવૃત્તિઓ | બિનચાલુ મિલકતો | → | રોકાણની પ્રવૃત્તિઓ |
| ચાલુ દેવાં | | | ચાલુ મિલકતો | | |

કામગીરી પ્રવૃત્તિઓ

રોકડ પ્રવાહના પત્રકમાં નિર્ધારિત સમયની પ્રવૃત્તિઓને ત્રણ ભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે :

(1) કામગીરીની પ્રવૃત્તિઓ અને કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ

(2) રોકાણની પ્રવૃત્તિઓ અને રોકાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ

(3) નાણાકીય પ્રવૃત્તિઓ અને નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ

આ અંગે વિગતવાર સમજૂતી નીચે પ્રમાણે છે :

**(1) કામગીરીની પ્રવૃત્તિઓ અને કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ :**

**કામગીરીની પ્રવૃત્તિઓ :** કામગીરીની પ્રવૃત્તિઓ એ નફા-નુકસાનના પત્રકમાંથી ઉદ્ભવતી પ્રવૃત્તિઓ છે. નફા-નુકસાનના પત્રકમાં નોંધવામાં આવેલા વ્યવહારોને આ પ્રવૃત્તિઓ માટે વર્ગીકૃત કરવામાં આવે છે. આ સંદર્ભમાં અગાઉના પ્રકરણ 'ગુણોત્તર વિશ્લેષણ'માં કામગીરીના ખર્ચની ચર્ચા કરવામાં આવી છે. કામગીરી નફો નીચે પ્રમાણે ગણવામાં આવે છે.

**વ્યાખ્યા :** ''કામગીરી પ્રવૃત્તિઓ એટલે ધંધાની ઊપજનાં સર્જનની મુખ્ય પ્રવૃત્તિઓ, જે રોકાણ કે નાણાકીય પ્રવૃત્તિઓ નથી.''

આ એવા પ્રકારની ધંધાની મુખ્ય આવકના સર્જનની પ્રવૃત્તિઓ છે તેના આધારે જ કામગીરી નફાનું નિર્માણ થાય છે.

કામગીરી પ્રવૃત્તિઓની ઓળખાણ ધંધો કયા પ્રકારના ઉદ્યોગમાં રોકાયેલ છે તેના આધારે કરવામાં આવે છે. દરેક ધંધાની કામગીરીના વ્યવહારોની ઓળખાણ તેના ધંધાના સ્વરૂપના આધારે નક્કી થાય છે. આ ચર્ચા ઊપજના સર્જનની મુખ્ય પ્રવૃત્તિઓના સંદર્ભે છે. દા.ત.,

**(1) વેપાર કરતી કંપની (Trading Company) :** આ પ્રકારની કંપની માટે માલના ખરીદ-વેચાણની પ્રવૃત્તિઓ એ ઊપજના સર્જનની મુખ્ય પ્રવૃત્તિઓ છે.

**(2) વીમા કંપની (Insurance Company) :** આ પ્રકારની કંપની માટે પ્રીમિયમની ઊપજ અને દાવાની ચૂકવણીની પ્રવૃત્તિઓ એ ઊપજના સર્જનની મુખ્ય પ્રવૃત્તિઓ છે.

**(3) બૅન્ક (Bank) :** આ પ્રકારના ધંધાકીય એકમમાં લોન આપવી અને ડિપોઝિટ્સ લેવી અને તેમાંથી ઊપજનું સર્જન કરવાની પ્રવૃત્તિઓ ઊપજના સર્જનની મુખ્ય પ્રવૃત્તિઓ છે.

સામાન્ય રીતે કંપનીઓના સ્વરૂપને બે ભાગમાં વિભાજિત કરીને આ ખ્યાલ અંગે સ્પષ્ટતા મેળવી શકાય છે :

(1) બિનનાણાકીય કંપનીઓ (2) નાણાકીય કંપનીઓ

આ બંને પ્રકારની કંપનીની કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહને નીચે પ્રમાણે વર્ણવી શકાય :

**કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ**

↓

**બિનનાણાકીય કંપનીઓ માટે**

- માલ કે સેવાના વેચાણની ઊપજો/આવકો
- કમિશન કે રૉયલ્ટીની આવકો
- અન્ય કોઈ આવક જે રોકાણની પ્રવૃત્તિઓમાંથી ન ઉદ્ભવેલ હોય
- દેવાદારો-લેણીહૂંડીની ઉઘરાણી
- માલ કે સેવાની ખરીદીની જાવકો
- લેણદારો-દેવીહૂંડીની ચૂકવણી
- પગાર, મજૂરી અથવા કર્મચારીઓને ચૂકવેલ અન્ય રકમો દા.ત., બૉનસ
- વેચાણ-વિતરણ ખર્ચા
- રોકાણ અથવા નાણાકીય પ્રવૃત્તિઓ સિવાયની આવકવેરા રિફંડની રકમ અથવા ચૂકવણી

**નાણાકીય કંપનીઓ માટે**

- જામીગીરીઓની ખરીદી
- થાપણો / લોન પર ચૂકવેલ વ્યાજ
- જામીનગીરીઓનું વેચાણ
- જામીનગીરીઓ પર મળેલ વ્યાજ
- ધીરેલ લોન પર મળેલ વ્યાજ
- પગાર અથવા કર્મચારીઓને ચૂકવેલ રકમો દા.ત. બોનસ
- રોકાણ અથવા નાણાકીય પ્રવૃત્તિઓ સિવાયના આવકવેરામાં રિફંડની રકમ અથવા ચૂકવણી

**ઉદાહરણ 1 :** મીના કંપનીના નીચે આપેલા વ્યવહારોમાંથી કામગીરીની પ્રવૃત્તિઓ ઓળખો.

(1) પગારના ચૂકવ્યા
(2) મજૂરીના ચૂકવ્યા
(3) લોન લીધી
(4) ડિબેન્ચરનાં નાણાં પરત કર્યાં
(5) દેવાદારો પાસેથી મળ્યા
(6) દેવીહૂંડીના ચૂકવ્યા
(7) યંત્રનું રોકડેથી વેચાણ
(8) દલાલી મળી
(9) ફર્નિચર ખરીદ્યું
(10) રોકાણોનું વ્યાજ મળ્યું
(11) લોનનું વ્યાજ ચૂકવ્યું
(12) આવકવેરા રિફંડ

**જવાબ :**

| ક્રમ | વ્યવહાર | સમજૂતી |
|---|---|---|
| (1) | પગારના ચૂકવ્યા | કામગીરીની પ્રવૃત્તિ છે. નફા-નુકસાનના પત્રકનો વ્યવહાર છે. |
| (2) | મજૂરીના ચૂકવ્યા | કામગીરીની પ્રવૃત્તિ છે. નફા-નુકસાનના પત્રકનો વ્યવહાર છે. |
| (3) | લોન લીધી | કામગીરીની પ્રવૃત્તિ નથી. ઈક્વિટી-જવાબદારીનો વ્યવહાર છે. |
| (4) | ડિબેન્ચરનાં નાણાં પરત કર્યાં | કામગીરીની પ્રવૃત્તિ નથી. ઈક્વિટી-જવાબદારીનો વ્યવહાર છે. |
| (5) | દેવાદારો પાસેથી મળ્યા | કામગીરીની પ્રવૃત્તિ છે. દેવાદારો વેચાણમાંથી ઉદ્ભવ્યા છે. વેચાણ કામગીરીની પ્રવૃત્તિ છે. |
| (6) | દેવીહૂંડીના ચૂકવ્યા | કામગીરીની પ્રવૃત્તિ છે. દેવીહૂંડી લેણદારોમાંથી અને લેણદારો ખરીદીમાંથી ઉદ્ભવે છે. ખરીદી કામગીરીની પ્રવૃત્તિ છે. |
| (7) | યંત્રનું રોકડેથી વેચાણ | કામગીરીની પ્રવૃત્તિ નથી. મિલકત-લેણાંનો વ્યવહાર છે. |
| (8) | દલાલી મળી | કામગીરીની પ્રવૃત્તિ છે. નફા-નુકસાનના પત્રકનો વ્યવહાર છે. |

| | | |
|---|---|---|
| (9) | ફર્નિચર ખરીદ્યું | કામગીરીની પ્રવૃત્તિ નથી. મિલકત-લેણાંનો વ્યવહાર છે. |
| (10) | રોકાણોનું વ્યાજ મળ્યું | કામગીરીની પ્રવૃત્તિ નથી. રોકાણો મિલકત છે. તેમાંથી ઉદ્ભવેલ વ્યાજ રોકાણોનો ભાગ છે. રોકાણો મિલકત-લેણાંનો વ્યવહાર છે. |
| (11) | લોનનું વ્યાજ ચૂકવ્યું | કામગીરીની પ્રવૃત્તિ નથી. લોન દેવું છે. તેનું ચૂકવેલ વ્યાજ દેવાંના કારણે છે. દેવું ઇક્વિટી-જવાબદારીનો વ્યવહાર છે. |
| (12) | આવકવેરા રિફંડ | કામગીરીની પ્રવૃત્તિ છે. (આ રિફંડ રોકાણ કે નાણાકીય પ્રવૃત્તિના કારણે નથી. એ સ્પષ્ટતા ન હોય તો તે કામગીરી પ્રવૃત્તિ ગણાય છે.) |

**નોંધ :** અમુક પ્રકારના વ્યવહારોનો સમાવેશ હંમેશા કામગીરી પ્રવૃત્તિઓમાં જ કરવામાં આવે છે. દા.ત., પગાર, મજૂરી, કામદારોને બૉનસ, કામદાર કલ્યાણ ખર્ચાઓ વગેરે.

**(2) રોકાણની પ્રવૃત્તિઓ :**

રોકાણની પ્રવૃત્તિઓ એ સામાન્ય રીતે પાકા સરવૈયાના મિલકત-લેણાં બાજુના વ્યવહારોમાંથી ઉદ્ભવતી પ્રવૃત્તિઓ છે. રોકાણની પ્રવૃત્તિઓ એટલે લાંબા ગાળાની મિલકતો અને અન્ય રોકાણોનું ખરીદ-વેચાણ. જેમાં રોકડ અને રોકડ સમકક્ષનો સમાવેશ થતો નથી. લાંબા ગાળાની મિલકતો એટલે એવી મિલકતો જે વેચાણ કરવાના હેતુસર પ્રાપ્ત કરવામાં આવતી નથી. તેનો ઉપયોગ ધંધામાં કરવાનો હોય છે. આવી મિલકતની ખરીદી એ જાવક રોકડ પ્રવાહ તરીકે અને વેચાણ એ આવક રોકડ પ્રવાહ તરીકે ધ્યાનમાં લેવાય છે. દા.ત., જમીન-મકાન, યંત્રો, ફર્નિચર, અમુક રોકાણો આવક ઊભી કરવાના હેતુસર પણ ધારણ કરવામાં આવે છે, તેમનો પણ સમાવેશ રોકાણ પ્રવૃત્તિઓમાં થાય છે. આ રોકાણોમાંથી મળતી ઊપજો વ્યાજ, ડિવિડન્ડ કે ભાડાનો સમાવેશ પણ રોકાણની પ્રવૃત્તિઓમાં જ કરવામાં આવે છે.

**રોકાણ પ્રવૃત્તિઓનો રોકડ આવક અને જાવક પ્રવાહ**

↓

**રોકડ આવક પ્રવાહની પ્રવૃત્તિઓ :**

- સ્થિર દૃશ્ય મિલકતોનું વેચાણ
- સ્થિર અદૃશ્ય મિલકતોનું વેચાણ
- લાંબા ગાળાનાં રોકાણોનું વેચાણ (બિનચાલુ મિલકતોનાં રોકાણો) દા.ત., શૅર, ડિબેન્ચર, બૉન્ડ વગેરે
- લાંબા ગાળાનું આપેલ ધિરાણ પરત

**રોકડ જાવક પ્રવાહની પ્રવૃત્તિઓ :**

- સ્થિર દૃશ્ય મિલકતોની ખરીદી
- સ્થિર અદૃશ્ય મિલકતોની ખરીદી
- મૂડીકૃત કરેલ ખર્ચાઓ
- સ્વનિર્મિત મિલકતો
- લાંબા ગાળાનાં રોકાણોની ખરીદી (બિનચાલુ મિલકતોનાં રોકાણો) દા.ત., શૅર, ડિબેન્ચર, બૉન્ડ વગેરે
- લાંબા ગાળાનું આપેલ ધિરાણ

**ઉદાહરણ 2 :** રીટા કંપનીના નીચે આપેલા વ્યવહારોમાંથી રોકાણની પ્રવૃત્તિઓ ઓળખો. આ પ્રવૃત્તિ રોકડ આવક પ્રવાહ કે રોકડ જાવક પ્રવાહની છે તે પણ જણાવો.

(1) જમીનની ખરીદી
(2) યંત્રનું વેચાણ
(3) X કંપનીના શૅર ખરીદ્યા
(4) Y કંપનીના ડિબેન્ચર વેચ્યા
(5) કારખાનામાં મિલકતો બનાવી
(6) કૉપીરાઇટ્સ ખરીદ્યા
(7) પગારના ચૂકવ્યા
(8) આવક માલ ગાડાભાડું ચૂકવ્યું

જવાબ :

| ક્રમ | વ્યવહાર | સમજૂતી |
|---|---|---|
| (1) | જમીનની ખરીદી | રોકાણની જાવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે. મિલકતમાં રોકાણ વધે છે. |
| (2) | યંત્રનું વેચાણ | રોકાણની આવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે. મિલકતમાંથી રોકાણ ઘટે છે. |
| (3) | X કંપનીના શૅર ખરીદ્યા | રોકાણની જાવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે. મિલકતમાં રોકાણ વધે છે. |
| (4) | Y કંપનીના ડિબેન્ચર વેચ્યા | રોકાણની આવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે. મિલકતમાંથી રોકાણ ઘટે છે. |
| (5) | કારખાનામાં મિલકત બનાવી | રોકાણની જાવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે. મિલકતમાં રોકાણ વધે છે. |
| (6) | કૉપીરાઈટ્સ ખરીદ્યા | રોકાણની જાવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે. મિલકતમાં રોકાણ વધે છે. |
| (7) | પગારના ચૂકવ્યા | રોકાણની પ્રવૃત્તિ નથી. (કામગીરીના જાવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે.) |
| (8) | આવક માલ ગાડાભાડું ચૂકવ્યું | રોકાણની પ્રવૃત્તિ નથી. (કામગીરીના જાવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે.) |

**નોંધ :** અમુક પ્રકારના વ્યવહારોનો સમાવેશ હંમેશાં રોકાણની પ્રવૃત્તિઓમાં જ કરવામાં આવે છે. સ્થિર (બિનચાલુ) મિલકતોની ખરીદી (સ્થિર મિલકતોમાં રોકાણ) પુનઃવેચાણ માટે કરવામાં આવતી નથી. તેથી આ વ્યવહારો હંમેશાં રોકાણની પ્રવૃત્તિઓમાં સમાવિષ્ટ થાય છે. દા.ત., પેટન્ટની ખરીદી, ફર્નિચરની ખરીદી. જો વ્યવહારમાં રોકડ કે બૅન્ક ખાતે ઉધાર થયેલ હોય તો આવક રોકડ પ્રવાહ ગણાય અને રોકડ કે બૅન્ક ખાતે જમા થયેલ હોય તો જાવક રોકડ પ્રવાહ ગણાય.

**(3) નાણાકીય પ્રવૃત્તિઓ :**

નાણાકીય પ્રવૃત્તિઓ સામાન્ય રીતે પાકા સરવૈયાનાં ઇક્વિટી-જવાબદારી બાજુના વ્યવહારોમાંથી (ચાલુ દેવાં સિવાય) ઉદ્ભવતી પ્રવૃત્તિઓ છે, ''નાણાકીય પ્રવૃત્તિઓ એવી પ્રવૃત્તિઓ છે જેના કારણે માલિકોની મૂડી (પ્રેફરન્સ શૅરમૂડી સહિત) અને ધંધાની ઉછીની મૂડીનાં કદમાં અથવા / અને સ્વરૂપ(રચના – Composition)માં ફેરફાર.''

નાણાકીય પ્રવૃત્તિઓ ઇક્વિટી શૅરમૂડી, પ્રેફરન્સ શૅરમૂડી, ડિબેન્ચર, લોન વગેરેના વધારા / ઘટાડા સાથે સંબંધ ધરાવે છે. એટલે કે લાંબા ગાળાની માલિકોની મૂડી અને ઉછીની મૂડીનો વધારો નાણાકીય પ્રવૃત્તિઓનો આવક રોકડ પ્રવાહ દર્શાવે છે. તેમનો ઘટાડો નાણાકીય પ્રવૃત્તિઓનો જાવક રોકડ પ્રવાહ દર્શાવે છે.

**નાણાકીય પ્રવૃત્તિઓનો આવક – જાવક રોકડ પ્રવાહ**

↓

**રોકડ આવક પ્રવાહની પ્રવૃત્તિઓ :**

- ઇક્વિટી શૅર બહાર પાડવા
- પ્રેફરન્સ શૅર બહાર પાડવા
- ડિબેન્ચર બહાર પાડવા
- લોન અથવા લાંબા ગાળાની જવાબદારીઓ ઊભી કરવી
- બૅન્ક ઑવરડ્રાફ્ટમાં વધારો

**રોકડ જાવક પ્રવાહની પ્રવૃત્તિઓ :**

- પોતાના ઇક્વિટી શૅર પાછા ખરીદવા
- પ્રેફરન્સ શૅરમૂડી પરત
- ડિબેન્ચરનાં નાણાં પરત
- લોન અથવા અન્ય કોઈ પણ લાંબા ગાળાની જવાબદારી પરત
- ઇક્વિટી શૅરમૂડી અને પ્રેફરન્સ શૅરમૂડી પર ડિવિડન્ડની ચૂકવણી
- બૅન્ક ઑવરડ્રાફ્ટમાં ઘટાડો
- દેવાં પર ચૂકવેલ વ્યાજ

**ઉદાહરણ 3 :** નયના કંપનીના નીચે આપેલા વ્યવહારો પરથી નાણાકીય પ્રવૃત્તિઓ જણાવો. આ પ્રવૃત્તિ રોકડ આવક પ્રવાહ કે રોકડ જાવક પ્રવાહની છે તે પણ જણાવો.

(1) પ્રેફરન્સ શૅર પરત કર્યા
(2) ડિબેન્ચર બહાર પાડ્યા
(3) ડિવિડન્ડની ચૂકવણી
(4) BOBની ત્રણ વર્ષની લોન લીધી
(5) યંત્ર વેચાણ
(6) મજૂરીના ચૂકવ્યા
(7) કમિશન મળ્યું
(8) રોકાણો પર વ્યાજ મળ્યું

જવાબ :

| ક્રમ | વ્યવહાર | સમજૂતી |
|---|---|---|
| (1) | પ્રેફરન્સ શૅર પરત કર્યા | નાણાકીય જાવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે. મૂડીમાં ઘટાડો થાય છે. |
| (2) | ડિબેન્ચર બહાર પાડ્યા | નાણાકીય આવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે. દેવાંમાં વધારો થાય છે. |
| (3) | ડિવિડન્ડની ચૂકવણી | નાણાકીય જાવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે. ડિવિડન્ડ શૅરમૂડી પર ચૂકવાય છે. તેથી નાણાકીય પ્રવૃત્તિ છે. |
| (4) | BOBની ત્રણ વર્ષની લોન લીધી | નાણાકીય આવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે. દેવાંમાં વધારો થાય છે. |
| (5) | યંત્ર વેચાણ | નાણાકીય પ્રવૃત્તિ નથી. (રોકાણની આવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે.) |
| (6) | મજૂરીના ચૂકવ્યા | નાણાકીય પ્રવૃત્તિ નથી. (કામગીરીના જાવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે.) |
| (7) | કમિશન મળ્યું | નાણાકીય પ્રવૃત્તિ નથી. (કામગીરીના આવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે.) |
| (8) | રોકાણો પર વ્યાજ મળ્યું | નાણાકીય પ્રવૃત્તિ નથી. (રોકાણો પર મળેલ વ્યાજ રોકાણની આવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ છે.) |

**નોંધ :** અમુક પ્રકારના વ્યવહારોનો સમાવેશ નાણાકીય પ્રવૃત્તિઓમાં જ થાય છે. દા.ત., શૅરમૂડી પર ચૂકવેલ ડિવિડન્ડ. આ વ્યવહાર મૂડી સાથે સંબંધ ધરાવતો હોવાથી નાણાકીય પ્રવૃત્તિ તરીકે ધ્યાનમાં લેવાય છે.

**4. વિશિષ્ટ પ્રવૃત્તિઓ**

**(1) એક જ વ્યવહારમાંથી ઉદ્ભવતી બે પ્રવૃત્તિઓ :** ભાડા ખરીદના હપ્તાની ચૂકવણીમાં મુદ્દલ પ્રત્યે ચૂકવણી અને વ્યાજ પ્રત્યેની ચૂકવણી સમાયેલ હોય છે.

- મુદ્દલ પ્રત્યેની ચૂકવણી (રોકડ કિંમત પ્રત્યેની ચૂકવણી) — રોકાણની પ્રવૃત્તિ ગણાય. મિલકતની કિંમત વધે છે. રોકાણ જાવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ ગણાય છે.
- વ્યાજની ચૂકવણી — દેવાં પ્રત્યેનું વળતર છે તેથી તે નાણાકીય પ્રવૃત્તિ ગણાય. નાણાકીય જાવક રોકડ પ્રવાહની પ્રવૃત્તિ ગણાય છે.

**(2) રોકડ વ્યવહાર પણ રોકડ પ્રવાહની આવક-જાવક નહિ :**

રોકડ બૅન્કમાં ભરી – રોકડ ઘટી, બૅન્કસિલક વધી
રોકડ બૅન્કમાંથી ઉપાડી – રોકડ વધી, બૅન્કસિલક ઘટી

રોકડસિલક અને બૅન્કસિલક બંને રોકડ પ્રવાહ પત્રકમાં એક જ સ્થાને ધ્યાનમાં લેવાય છે. જેને રોકડ અને રોકડ સમકક્ષ કહેવામાં આવે છે. આ વ્યવહાર રોકડ સાથે સંબંધ ધરાવે છે, પણ રોકડ અને રોકડ સમકક્ષ પર અસર કરતો નથી.

**(3) બિનરોકડ વ્યવહારો અને જોગવાઈઓ :** ધંધાના ઘણા વ્યવહારો રોકડ સ્વરૂપમાં થતા નથી. તેથી તેમને રોકડ પ્રવાહનું પત્રક બનાવતી વખતે રોકડ પ્રવાહ તરીકે ધ્યાનમાં લેવામાં આવતા નથી. દા.ત., દૃશ્ય મિલકતો પર ગણેલ ઘસારો, અદૃશ્ય મિલકતોની માંડી વાળેલ રકમ, રોકડના અવેજ સિવાય ઇક્વિટી શૅર કે ડિબેન્ચર બહાર પાડવા, ડિબેન્ચરનું ઇક્વિટી શૅરમાં રૂપાંતર.

**ઉદાહરણ 4 :** ભારતી કંપનીના નીચે આપવામાં આવેલ વ્યવહારોને કામગીરી, રોકાણ અને નાણાકીય પ્રવૃત્તિઓમાં વર્ગીકૃત કરો.

(1) ઇક્વિટી શૅર બહાર પાડ્યા
(2) પ્રેફરન્સ શૅર પરત કર્યા
(3) બૅન્કમાંથી લાંબા ગાળાની લોન
(4) રોકડસિલક
(5) બૅન્કસિલક
(6) ટૂંકા ગાળાની ઝડપથી વેચી શકાય તેવી જામીનગીરીઓ

(7) ટૂંકા ગાળાની બૅન્ક ડિપોઝિટ
(8) કમિશન મળ્યું
(9) દેવાદારો પાસેથી રકમ મળી
(10) લેણદારોને ચૂકવણી
(11) યંત્રનું વેચાણ
(12) ફર્નિચરની ખરીદી
(13) ઉત્પાદનના ખર્ચા
(14) કમિશન ચૂકવ્યું
(15) આવકવેરો ચૂકવ્યો
(16) રોકાણો ખરીદ્યાં (બિનચાલુ)
(17) વેચાણ-વિતરણ ખર્ચા
(18) કારખાનાના ખર્ચા
(19) ટ્રેડમાર્કના ચૂકવ્યા
(20) પાઘડીના ચૂકવ્યા
(21) ડિવિડન્ડની ચૂકવણી
(22) વ્યાજ મળ્યું
(23) આવકવેરા રિફંડ
(24) કાચા માલની ખરીદી
(25) ભાડું મળ્યું
(26) ભાડું ચૂકવ્યું

જવાબ :

| ક્રમ | પ્રવૃત્તિઓ | વ્યવહાર નંબર |
|---|---|---|
| (1) | કામગીરીની પ્રવૃત્તિ | 8, 9, 10, 13, 14, 15, 17, 18, 23, 24, 26 |
| (2) | રોકાણની પ્રવૃત્તિ | 11, 12, 16, 19, 20, 22, 25 |
| (3) | નાણાકીય પ્રવૃત્તિ | 1, 2, 3, 21 |
| (4) | રોકડ અને રોકડ સમકક્ષ | 4, 5, 6, 7 |

| ક્રમ | વ્યવહાર | સમજૂતી | રોકડ પ્રવાહ |
|---|---|---|---|
| (1) | ઈક્વિટી શૅર બહાર પાડ્યા | નાણાકીય પ્રવૃત્તિ | આવક રોકડ પ્રવાહ |
| (2) | પ્રેફરન્સ શૅર પરત કર્યા | નાણાકીય પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |
| (3) | બૅન્કમાંથી લાંબા ગાળાની લોન | નાણાકીય પ્રવૃત્તિ | આવક રોકડ પ્રવાહ |
| (4) | રોકડસિલક | નાણાકીય પ્રવૃત્તિ નથી | રોકડ સમકક્ષ છે. |
| (5) | બૅન્કસિલક | નાણાકીય પ્રવૃત્તિ નથી | રોકડ સમકક્ષ છે. |
| (6) | ટૂંકા ગાળાની ઝડપથી વેચી શકાય તેવી જામીનગીરીઓ | નાણાકીય પ્રવૃત્તિ નથી | રોકડ સમકક્ષ છે. |
| (7) | ટૂંકા ગાળાની બૅન્ક ડિપોઝિટ | નાણાકીય પ્રવૃત્તિ નથી | રોકડ સમકક્ષ છે. |
| (8) | કમિશન મળ્યું | કામગીરી પ્રવૃત્તિ | આવક રોકડ પ્રવાહ |
| (9) | દેવાદારો પાસેથી રકમ મળી | કામગીરી પ્રવૃત્તિ | આવક રોકડ પ્રવાહ |
| (10) | લેણદારોને ચૂકવણી | કામગીરી પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |
| (11) | યંત્રનું વેચાણ | રોકાણની પ્રવૃત્તિ | આવક રોકડ પ્રવાહ |
| (12) | ફર્નિચરની ખરીદી | રોકાણની પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |
| (13) | ઉત્પાદનના ખર્ચા | કામગીરી પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |
| (14) | કમિશન ચૂકવ્યું | કામગીરી પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |
| (15) | આવકવેરો ચૂકવ્યો | કામગીરી પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |
| (16) | રોકાણો ખરીદ્યાં (બિનચાલુ) | રોકાણ પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |

| ક્રમ | વ્યવહાર | સમજૂતી | રોકડ પ્રવાહ |
|---|---|---|---|
| (17) | વેચાણ-વિતરણ ખર્ચા | કામગીરી પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |
| (18) | કારખાનાના ખર્ચા | કામગીરી પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |
| (19) | ટ્રેડમાર્કના ચૂકવ્યા | રોકાણ પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |
| (20) | પાઘડીના ચૂકવ્યા | રોકાણ પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |
| (21) | ડિવિડન્ડની ચૂકવણી | નાણાકીય પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |
| (22) | વ્યાજ મળ્યું | રોકાણ પ્રવૃત્તિ | આવક રોકડ પ્રવાહ |
| (23) | આવકવેરા રિફંડ | કામગીરી પ્રવૃત્તિ | આવક રોકડ પ્રવાહ |
| (24) | કાચા માલની ખરીદી | કામગીરી પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |
| (25) | ભાડું મળ્યું | રોકાણ પ્રવૃત્તિ | આવક રોકડ પ્રવાહ |
| (26) | ભાડું ચૂકવ્યું | કામગીરી પ્રવૃત્તિ | જાવક રોકડ પ્રવાહ |

## 5. રોકડ પ્રવાહ પત્રક (Cash Flow Statement)

રોકડ પ્રવાહનું પત્રક વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવેલા રોકડ પ્રવાહ અંગે સમજૂતી આપે છે. રોકડ પ્રવાહ આવક રોકડ પ્રવાહ અને જાવક રોકડ પ્રવાહના સ્વરૂપે દર્શાવવામાં આવે છે. ચર્ચા કર્યા પ્રમાણે આ આવક-જાવક રોકડ પ્રવાહ અલગ-અલગ પ્રવૃત્તિઓના આધારે ગણવામાં આવે છે.

જેમાં, (1) કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ
(નફા-નુકસાનના પત્રક અને નફાની ફાળવણીના આધારે તૈયાર કરવામાં આવે છે.)
ઉપરાંત ચાલુ મિલકતો અને ચાલુ દેવાંના ફેરફારો (વધારો-ઘટાડો) ધ્યાનમાં લેવાય છે.

(2) રોકાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ
(પાકા સરવૈયાની મિલકત-લેણાં બાજુ અને નફા-નુકસાન પત્રકની બિનકામગીરી આવકોના આધારે તૈયાર કરવામાં આવે છે.)

(3) નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ
(પાકા સરવૈયાની ઈક્વિટી-જવાબદારી બાજુ અને નફા-નુકસાન પત્રક અને નફા-નુકસાન ફાળવણીના આધારે તૈયાર કરવામાં આવે છે.)

- **રોકડ પ્રવાહ પત્રક : રોકડ પ્રવાહ પત્રકનો નમૂનો (પરોક્ષ પદ્ધતિ)**

**............ કંપની લિમિટેડનું .................ના રોજ પૂરા થતા વર્ષનું રોકડ પ્રવાહ પત્રક**

| | વિગત | (₹) | (₹) |
|---|---|---|---|
| A | કામગીરી પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ | | |
| | નફા-નુકસાન પત્રક મુજબનો ચાલુ વર્ષનો નફો | | ✓ |
| | **બાદ : બિનકામગીરી આવકો** | | |
| | રોકાણનાં વેચાણનો નફો | ✓ | |
| | મિલકતનાં વેચાણનો નફો | ✓ | |
| | રોકાણો પર મળેલ વ્યાજ | ✓ | |
| | રોકાણો પર મળેલ ડિવિડન્ડ | ✓ | |
| | મિલકતો પર ભાડાની આવક | ✓ | ✓ |
| | | | ✓ |

| | વિગત | (₹) | (₹) |
|---|---|---|---|
| | **ઉમેરો : બિનરોકડ વ્યવહારો (ખર્ચના) અને ફાળવણીઓ** | | |
| | માંડી વાળેલ ઘસારો | ✓ | |
| | માંડી વાળેલ અદૃશ્ય મિલકતો | ✓ | |
| | માંડી વાળેલ અવાસ્તવિક મિલકતો | ✓ | |
| | મિલકત વેચાણ નુકસાન | ✓ | |
| | કરવેરાની જોગવાઈ (ચાલુ વર્ષની) | ✓ | |
| | સામાન્ય અનામત ખાતે ફેરબદલી | ✓ | |
| | સૂચિત ડિવિડન્ડ (ચાલુ વર્ષની) | ✓ | ✓ |
| | | | ✓ |
| | **ઉમેરો : નાણાકીય ખર્ચાઓ** | | |
| | ચૂકવેલ ડિવિડન્ડ | ✓ | |
| | ચૂકવેલ વ્યાજ | ✓ | ✓ |
| | કાર્યશીલ મૂડીમાં ફેરફારો પહેલાનો કામગીરી નફો | | ✓ |
| | ઉમેરો : ચાલુ મિલકતોમાં ઘટાડો | ✓ | |
| | ચાલુ દેવામાં વધારો | ✓ | ✓ |
| | | | ✓ |
| | બાદ : ચાલુ મિલકતોમાં વધારો | ✓ | |
| | ચાલુ દેવામાં ઘટાડો | ✓ | ✓ |
| | કામગીરીમાંથી ઉદ્ભવેલ ચોખ્ખો રોકડ પ્રવાહ | | ✓ |
| | બાદ : ગયા વર્ષના કરવેરાની ચૂકવણી | | ✓ |
| | કામગીરી પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવેલ ચોખ્ખો રોકડ પ્રવાહ | | ✓ |
| **B** | **રોકાણ પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ :** | | |
| | મિલકતોનું વેચાણ (દૃશ્ય-અદૃશ્ય) | ✓ | |
| | બિનચાલુ રોકાણોનું વેચાણ | ✓ | |
| | મળેલ વ્યાજ અને ડિવિડન્ડ | ✓ | |
| | મળેલ ભાડું | ✓ | |
| | મિલકતોની ખરીદી (દૃશ્ય-અદૃશ્ય) | (✓) | |
| | બિનચાલુ રોકાણોની ખરીદી | (✓) | ✓ |
| | રોકાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવેલ ચોખ્ખો રોકડ પ્રવાહ | | ✓ |
| **C** | **નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ :** | | |
| | શૅર-ડિબેન્ચર બહાર પાડવા | ✓ | |
| | લાંબાગાળાનું ધિરાણ | ✓ | |
| | ટૂંકાગાળાનું ધિરાણ : | | |
| | (i) બૅન્ક ઓવરડ્રાફ્ટ - રોકડ શાખ ધિરાણમાં વધારો | ✓ | |
| | (ii) બૅન્ક ઓવરડ્રાફ્ટ - રોકડ શાખ ધિરાણમાં ઘટાડો | (✓) | |
| | ચૂકવેલ આખરી ડિવિડન્ડ | (✓) | |
| | ચૂકવેલ વચગાળાનું ડિવિડન્ડ | (✓) | |
| | પરત કરેલ લોન | (✓) | |
| | ડિબેન્ચર અને શૅર પરત | (✓) | |
| | ડિબેન્ચર / લોન પર ચૂકવેલ વ્યાજ | (✓) | |
| | નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ | | ✓ |
| | રોકડ અને રોકડ સમકક્ષમાં ચોખ્ખો વધારો/ઘટાડો (A + B + C) | | ✓ |
| | ઉમેરો : વર્ષની શરૂની રોકડ અને રોકડ સમકક્ષની બાકી | | ✓ |
| | વર્ષની આખરની રોકડ અને રોકડ સમકક્ષની બાકી | | ✓ |

**નોંધ :** (     )માં દર્શાવેલ રકમો રોકડ જાવક પ્રવાહ દર્શાવે છે.

ઉપરના રોકડ પ્રવાહ પત્રકના નમૂનાના આધારે જાણી શકાય છે કે આ પત્રક ત્રણ પ્રવૃત્તિઓ પર આધારિત છે. આ દરેક પ્રવૃત્તિ અંગે નીચે પ્રમાણે માહિતી આપવામાં આવી છે.

**6. કામગીરી પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ**

કામગીરીની પ્રવૃત્તિઓનો રોકડ પ્રવાહ :

(A) નફા-નુકસાનના પત્રક અને નફાની ફાળવણીની વિગતો અને

(B) ચાલુ મિલકતો અને ચાલુ દેવાંના (કાર્યશીલ મૂડીના) ફેરફારોના આધારે તૈયાર કરવામાં આવે છે.

કામગીરીમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ એટલે ધંધાકીય એકમના રોજ-બરોજના વ્યવહારોમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ.

**(A) નફા-નુકસાનના પત્રક અને નફાની ફાળવણીની વિગતો :**

નફા-નુકસાનના પત્રકની વિગતો સાથે નફા-નુકસાન ફાળવણી પત્રકની વિગતોનો પણ સમાવેશ થાય છે. નફા-નુકસાન ફાળવણી પત્રક એ નફા-નુકસાન પત્રકનું વિસ્તરેલ સ્વરૂપ છે.

આ પત્રકની વિગતોને નીચે પ્રમાણે વર્ગીકૃત કરી શકાય :

**નફા-નુકસાનના પત્રક અને નફાની ફાળવણીની વિગતો**

- આવકો
  - કામગીરી આવકો
  - બિનકામગીરી આવકો
- જાવકો
  - કામગીરી જાવકો
  - બિનરોકડ વ્યવહારો
  - નાણાકીય જાવકો

ઉપર દર્શાવેલ આવકો અને જાવકોના તફાવતને નફો કહેવામાં આવે છે. આ નફામાં બિનકામગીરી આવકો, બિનરોકડ વ્યવહારો અને નાણાકીય ખર્ચાઓનો સમાવેશ થયેલ હોય છે.

– બિનકામગીરી આવકોના કારણે નફો વધે છે. (ઉમેરાયલ હોય છે.)

– બિનરોકડ વ્યવહારોના કારણે નફો ઘટે છે. (બાદ કરેલ હોય છે.)

– નાણાકીય ખર્ચાઓના કારણે નફો ઘટે છે. (બાદ કરેલ હોય છે.)

પરંતુ અહીં કામગીરીમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ શોધવાનો હોવાથી ઉપરની બાબતોની નફા-નુકસાન પત્રકમાં આપેલ અસરો કરતાં વિરુદ્ધ અસર આપીને કામગીરીમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ શોધવામાં આવે છે.

કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ નીચે પ્રમાણે ગણવામાં આવે છે :

| | | |
|---|---|---|
| નફા-નુકસાનનાં પત્રક મુજબનો ચાલુ વર્ષનો નફો | | ✓ |
| ઉમેરો : બિનરોકડ વ્યવહારો (ખર્ચના) અને ફાળવણી | ✓ | |
| ઉમેરો : નાણાકીય ખર્ચાઓ | ✓ | ✓ |
| બાદ : બિનકામગીરી આવકો | ✓ | |
| કાર્યશીલ મૂડીના ફેરફારો પહેલાં કામગીરીમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ | | ✓ |
| | | ✓ |

**● બિનકામગીરીની આવકો એટલે શું ?**

આ એવા પ્રકારની આવકો છે, જે કંપની જે બાબતનો ધંધો કરે છે તેમાંથી ઉદ્ભવતી નથી. તેથી તે કામગીરી નફાનો ભાગ બનતી નથી. પરિણામે કામગીરી રોકડ પ્રવાહની ગણતરી માટે પણ ધ્યાનમાં લેવામાં આવતી નથી.

દા.ત., રોકાણોના વેચાણનો નફો, મિલકતના વેચાણનો નફો, રોકાણો પર વ્યાજ, રોકાણો પર મળેલ ડિવિડન્ડ, મિલકતોના ભાડાની આવક

આ પ્રકારની આવકો રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરતી વખતે કામગીરી પ્રવૃત્તિનો રોકડ પ્રવાહ શોધવા માટે ધ્યાનમાં લેવાતી નથી. આ વ્યવહારો નફા-નુકસાનના પત્રકમાં ઉમેરાયેલા હોય છે, તેથી બાદ કરવામાં આવે છે.

- **બિનરોકડ વ્યવહારો, ફાળવણી અને જોગવાઈઓ એટલે શું ?**

બિનરોકડ વ્યવહારો બે પ્રકારનાં છે. આ વ્યવહારો સામાન્ય રીતે ખર્ચના સંદર્ભમાં જોવામાં આવે છે.

**બિનરોકડ વ્યવહારો, ફાળવણી અને જોગવાઈઓ**

| **કામગીરીના વ્યવહારો** | **બિન કામગીરીના વ્યવહારો (ફાળવણી અને જોગવાઈઓ)** |
|---|---|
| • માંડી વાળેલ ઘસારો | • મિલકત વેચાણ નુકસાન |
| • માંડી વાળેલ અદશ્ય મિલકતો | • કરવેરાની જોગવાઈ |
| • માંડી વાળેલ અવાસ્તવિક મિલકતો | • સામાન્ય અનામત ખાતે ફેરબદલી |
| | • સૂચિત ડિવિડન્ડ |

આ એવા પ્રકારના વ્યવહારો છે જે રોકડ પ્રવાહ(આવક-જાવક)નું સર્જન કરતા નથી. તેથી રોકડ પ્રવાહ તૈયાર કરતી વખતે કામગીરી પ્રવૃત્તિનો રોકડ પ્રવાહ શોધવા માટે ધ્યાનમાં લેવાતા નથી. આ વ્યવહારો નફા-નુકસાનના પત્રકમાં બાદ થયેલા હોય છે તેથી તેમને પાછા ઉમેરવામાં આવે છે.

- **નાણાકીય ખર્ચાઓ એટલે શું ?**

નાણાકીય ખર્ચાઓ એટલે મૂડીના વળતર પેટે ચૂકવવામાં આવતી રકમ. મૂડી બે પ્રકારની હોય છે : માલિકીની મૂડી અને ઉછીની મૂડી. માલિકીની મૂડીમાં ઇક્વિટી શૅરમૂડી અને પ્રેફરન્સ શૅરમૂડી પર ડિવિડન્ડ ચૂકવવામાં આવે છે. જ્યારે દેવાં પર વ્યાજ ચૂકવવામાં આવે છે. ડિવિડન્ડ અને વ્યાજની ચૂકવણી એ મૂડીનો ખર્ચ છે તેથી નાણાકીય ખર્ચ છે. તેને રોકડ પ્રવાહ તૈયાર કરતી વખતે કામગીરી પ્રવૃત્તિના રોકડ પ્રવાહ શોધવા માટે ધ્યાનમાં લેવામાં આવતા નથી. આ વ્યવહારો નફા-નુકસાન પત્રકમાંથી બાદ થયેલા હોય છે. તેથી તેમને પાછા ઉમેરવામાં આવે છે.

**(B) ચાલુ મિલકતો અને ચાલુ દેવાંમાં (કાર્યશીલ મૂડીમાં) ફેરફાર :**

કામગીરીમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરતી વખતે ચાલુ મિલકતો અને ચાલુ દેવાં એટલે કે કાર્યશીલ મૂડીની અસર ધ્યાનમાં લેવામાં આવે છે. ચાલુ મિલકતો અને ચાલુ દેવાંનાં વધારા-ઘટાડાની અસર અહીં આપવામાં આવે છે.

**નોંધ :** ચાલુ મિલકતોમાં (રોકડ પ્રવાહમાં) રોકડ અને રોકડ સમકક્ષનો સમાવેશ થતો નથી. તેની અલગ રીતે અસર રોકડ પ્રવાહ પત્રકમાં આપવામાં આવે છે.

**ચાલુ મિલકતો અને ચાલુ દેવાંનો રોકડ અને રોકડ સમકક્ષ સાથે સંબંધ :** ચાલુ મિલકતો અને રોકડ અને રોકડ સમકક્ષ વચ્ચે વ્યસ્ત સંબંધ છે. ચાલુ મિલકતો વધે તો રોકડ અને રોકડ સમકક્ષ ઘટે છે; ચાલુ મિલકતો ઘટે તો રોકડ અને રોકડ સમકક્ષ વધે છે.

ચાલુ દેવાં અને રોકડ અને રોકડ સમકક્ષ વચ્ચે સીધો સંબંધ છે. ચાલુ દેવાં વધે તો રોકડ અને રોકડ સમકક્ષ વધે છે. ચાલુ દેવાં ઘટે તો રોકડ અને રોકડ સમકક્ષ ઘટે છે.

દા.ત., વર્ષની શરૂઆતમાં દેવાદારોની બાકી ₹ 50,000 હતી અને વર્ષના અંતે દેવાદારોની બાકી ₹ 75,000 છે.

**સમજૂતી :** વર્ષની શરૂઆતમાં દેવાદારોમાં ₹ 50,000 રોકાયેલ હતા અને આ વધીને ₹ 75,000 થવા પામ્યા છે. રોકાણ ₹ 25,000થી વધ્યું છે તેથી રોકડ અને રોકડ સમકક્ષ (એટલે રોકડસિલક અથવા બૅન્કસિલક) ઘટે, જે જાવક રોકડ પ્રવાહ કહેવાય. જો શરૂઆતના દેવાદારો ₹ 75,000ના હોય અને વર્ષના અંતે ₹ 50,000 થાય તો દેવાદારોમાંથી રોકાણ ઘટ્યું કહેવાય, તેથી રોકડ અને રોકડ સમકક્ષ વધે, જે આવક રોકડ પ્રવાહ કહેવાય. ચાલુ જવાબદારીઓ આનાથી વિરુદ્ધ અસર ધરાવે છે. વર્ષની શરૂઆતમાં કંપનીના લેણદારો ₹ 50,000ના હતા અને વર્ષના અંતે ₹ 75,000 છે. તો આપણું રોકાણ ₹ 25,000થી

ઘટે તેથી રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો થાય છે, જે આવક રોકડ પ્રવાહ કહેવાય છે. જો વર્ષની શરૂઆતમાં લેણદારો ₹ 75,000ના હોય અને વર્ષના અંતે ₹ 50,000 થાય તો આપણું રોકાણ ₹ 25,000થી વધે છે, તેથી રોકડ અને રોકડ સમકક્ષમાં ઘટાડો થાય છે, જે જાવક રોકડ પ્રવાહ કહેવાય.

**કામગીરી રોકડ પ્રવાહ પર ચાલુ મિલકતો - ચાલુ દેવાંના વધારા/ઘટાડાની અસર**

| ક્રમ | વિગત | કાર્યશીલ મૂડી પર અસર | રોકડ પ્રવાહ પર અસર |
|---|---|---|---|
| 1. | ચાલુ મિલકતો વધે | વધે | તફાવતની રકમ જાવક રોકડ પ્રવાહ |
| 2. | ચાલુ મિલકતો ઘટે | ઘટે | તફાવતની રકમ આવક રોકડ પ્રવાહ |
| 3. | ચાલુ દેવાં વધે | ઘટે | તફાવતની રકમ આવક રોકડ પ્રવાહ |
| 4. | ચાલુ દેવાં ઘટે | વધે | તફાવતની રકમ જાવક રોકડ પ્રવાહ |

કામગીરીમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહની ગણતરીના તબક્કાઓ :

(1) નફા-નુકસાન ખાતા અથવા અનામત વધારાની આખરની બાકીમાંથી શરૂઆતની બાકીનો તફાવત શોધો. આ તફાવતની રકમને પત્રકમાં સૌથી પહેલા દર્શાવો. જે ચાલુ વર્ષનો નફો ગણાય.

(2) બિનરોકડ વ્યવહારોને ઉપર(1)માં ગણેલ ચાલુ વર્ષના નફાની રકમમાં ઉમેરો.

(3) નાણાકીય ખર્ચાઓને પણ ઉપર(1)માં ગણેલ ચાલુ વર્ષના નફાની રકમમાં ઉમેરો.

(4) બિનકામગીરી આવકોને ઉપર(1)માં ગણેલ ચાલુ વર્ષના નફાની રકમમાંથી બાદ કરો.

(5) હવાલામાં (વધારાની માહિતીમાં) આપેલ વ્યવહાર જો કામગીરીના રોકડ પ્રવાહને અસર કરતો હોય તો તેને પણ ધ્યાનમાં લેવો.

**નોંધ :**

(1) નફા-નુકસાન પત્રકમાં નીચેની વિગતો દર્શાવાય છે :

– રોકડમાં નહિ મળેલ મહેસૂલી આવકો
– રોકડમાં નહિ ચૂકવેલ મહેસૂલી ખર્ચાઓ
– કાયમી મિલકતો પરનો ઘસારો
– માંડી વાળેલ અવાસ્તવિક મિલકતો અને અદૃશ્ય મિલકતો
– બિનચાલુ મિલકતના વેચાણનો નફો/ખોટ (રોકાણ પ્રવૃત્તિ)
– બિનચાલુ દેવાં પરનું વ્યાજ (નાણાકીય પ્રવૃત્તિ)
– અનામતો અને જોગવાઈઓ ખાતે કરેલી ફાળવણી
– ડિવિડન્ડની ફાળવણી - ચૂકવણી (નાણાકીય પ્રવૃત્તિ)

આ વ્યવહારો નફા-નુકસાન પત્રકમાં દર્શાવ્યા હોવા છતાં તેની 'કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્ભવેલ ચોખ્ખા રોકડ પ્રવાહ' પર અસર નથી : તેથી રોકડ પ્રવાહ પત્રકમાં તેની વિશિષ્ટ અસર આપવામાં આવશે.

(2) સ્ટૉકની ઉધાર ખરીદીમાંથી લેણદારો અને દેવીહૂંડી ઉદ્ભવે છે (ચાલુ દેવા) અને ઉધાર વેચાણમાંથી દેવાદારો અને લેણીહૂંડી (ચાલુ મિલકતો) ઉદ્ભવે છે.

આમ, ચાલુ મિલકતો અને ચાલુ દેવા 'કામગીરી પ્રવૃત્તિનું પરિણામ' હોઈ વર્ષ દરમિયાન તેમાં થયેલા ફેરફારની અસર 'કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્ભવેલા ચોખ્ખો રોકડ પ્રવાહ' નીચે દર્શાવાશે.

**ઉદાહરણ 5 :** ખુશ્બુ કંપની લિમિટેડના નીચે આપવામાં આવેલ વ્યવહારોના આધારે કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવેલા રોકડ પ્રવાહની ગણતરી કરો.

| **વિગત** | **(₹)** |
|---|---|
| આવકવેરા પહેલાંનો નફો | 1,32,000 |
| પાઘડી માંડી વાળી | 28,000 |
| પેટન્ટના માંડી વાળ્યા | 17,000 |
| ઘસારો માંડી વાળ્યો | 29,000 |
| સામાન્ય અનામત ખાતે ફેરબદલ | 23,000 |
| વ્યાજ મળ્યું | 12,000 |
| ડિવિડન્ડ મળ્યું | 9000 |
| વ્યાજના ચૂકવ્યા | 11,000 |
| ડિવિડન્ડના ચૂકવ્યા | 25,000 |
| રોકાણોના વેચાણનો નફો | 13,000 |
| ફર્નિચર વેચાણ નુકસાન | 18,000 |

**જવાબ :**

આ પ્રશ્નમાં ચાલુ મિલકતો અને ચાલુ દેવાંની માહિતી ન હોવાથી શોધાયેલ રકમ કાર્યશીલ મૂડીના ફેરફાર પહેલાંનો નફો (રોકડ પ્રવાહ) હશે.

**કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ**

| **વિગત** | **(₹)** | **(₹)** |
|---|---|---|
| આવકવેરા પહેલાંનો નફો | | 1,32,000 |
| ઉમેરો : બિનરોકડ ખર્ચાઓ, ફાળવણી અને જોગવાઈઓ : | | |
| પાઘડી માંડી વાળી | 28,000 | |
| પેટન્ટ માંડી વાળ્યા | 17,000 | |
| ઘસારો માંડી વાળ્યો | 29,000 | |
| સામાન્ય અનામત ખાતે ફેરબદલ | 23,000 | |
| વ્યાજના ચૂકવ્યા | 11,000 | |
| ડિવિડન્ડના ચૂકવ્યા | 25,000 | |
| ફર્નિચર વેચાણ નુકસાન | 18,000 | 1,51,000 |
| | | 2,83,000 |
| બાદ : બિનકામગીરી આવકો : | | |
| વ્યાજ મળ્યું | 12,000 | |
| ડિવિડન્ડ મળ્યું | 9000 | |
| રોકાણના વેચાણનો નફો | 13,000 | 34,000 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાંનો નફો (રોકડ પ્રવાહ) | | 2,49,000 |

**ઉદાહરણ 6 :** અમી કંપનીનાં નીચે આપવામાં આવેલ માહિતીના આધારે કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો.

| વિગત | 31-3-2017 (₹) | 31-3-2016 (₹) |
|---|---|---|
| નફા-નુકસાન ખાતું | 89,000 | 64,000 |
| સામાન્ય અનામત | 34,000 | 18,000 |
| કરવેરાની જોગવાઈ | 22,000 | 23,000 |
| ઘસારો | 28,000 | 16,000 |
| પાઘડી | 15,000 | 19,000 |
| દેવાદારો | 38,000 | 18,000 |
| લેણદારો | 45,000 | 22,000 |
| લેણીહૂંડી | 8000 | 12,000 |
| દેવીહૂંડી | 9000 | 15,000 |

**જવાબ :**

**તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષની કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ**

| વિગત | (₹) | (₹) |
|---|---|---|
| નફા-નુકસાનની આખરની બાકી | 89,000 | |
| **બાદ :** નફા-નુકસાનની શરૂની બાકી | 64,000 | |
| ચાલુ વર્ષનો નફો | | 25,000 |
| **ઉમેરો :** બિનરોકડ ખર્ચા અને જોગવાઈઓ : | | |
| સામાન્ય અનામત | 16,000 | |
| કરવેરાની જોગવાઈ (ચાલુ વર્ષની) | 22,000 | |
| ઘસારો (28,000 – 16,000) | 12,000 | |
| પાઘડી માંડી વાળી (19,000 – 15,000) | 4000 | 54,000 |
| | | 79,000 |
| **બાદ :** બિનકામગીરી આવકો : | | – |
| | | 79,000 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાંનો નફો (રોકડ પ્રવાહ) | | |
| **ઉમેરો :** ચાલુ મિલકતોમાં ઘટાડો : લેણીહૂંડી | 4000 | |
| ચાલુ દેવાંમાં વધારો : લેણદારો | 23,000 | 27,000 |
| | | 1,06,000 |
| **બાદ :** ચાલુ મિલકતોમાં વધારો : દેવાદારો | 20,000 | |
| ચાલુ દેવાંમાં ઘટાડો : દેવીહૂંડી | 6000 | 26,000 |
| | | 80,000 |
| **બાદ :** ગયા વર્ષનો આવકવેરો ચૂકવ્યો | | 23,000 |
| **કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ** | | **57,000** |

**ઉદાહરણ 7 :** નિરવ કંપનીની નીચે આપેલ વિગતોના આધારે તેમજ બે વર્ષના આપેલાં પાકાં સરવૈયાંઓના આધારે કામગીરીમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો.

**તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજનાં પાકાં સરવૈયાં**

| વિગત | 31-3-2017 (₹) | 31-3-2016 (₹) |
|---|---|---|
| **I ઈક્વિટી અને જવાબદારીઓ :** | | |
| **(1) માલિકીનાં ભંડોળો :** | | |
| (a) શૅરમૂડી | 5,00,000 | 3,00,000 |
| (b) નફા-નુકસાન ખાતું | 4,50,000 | 3,00,000 |
| **(2) બિનચાલુ જવાબદારીઓ :** | | |
| 12 %ના ડિબેન્ચર્સ | 3,00,000 | 2,00,000 |
| **(3) ચાલુ જવાબદારીઓ :** | | |
| (a) બૅન્ક ઑવરડ્રાફ્ટ | 40,000 | 60,000 |
| (b) વેપારી દેવાં (લેણદારો) | 60,000 | 90,000 |
| (c) ટૂંકા ગાળાની જોગવાઈઓ : સૂચિત ડિવિડન્ડ | 50,000 | 30,000 |
| કરવેરાની જોગવાઈ | 50,000 | 40,000 |
| **કુલ** | **14,50,000** | **10,20,000** |
| **II મિલકતો :** | | |
| **(1) બિનચાલુ મિલકતો :** | | |
| (a) સ્થિર મિલકતો | | |
| (i) દૃશ્ય મિલકતો | 8,00,000 | 4,00,000 |
| (ii) અદૃશ્ય મિલકતો | 4,50,000 | 3,20,000 |
| **(2) ચાલુ મિલકતો** | 2,00,000 | 3,00,000 |
| **કુલ** | **14,50,000** | **10,20,000** |

**વધારાની માહિતી :**

વચગાળાનું ડિવિડન્ડ ચૂકવ્યું ₹ 20,000.

નવા ડિબેન્ચર વર્ષના અંતે બહાર પાડેલ છે.

જવાબ :

**તા. 31-3-2017નાં રોજ પૂરા થતાં વર્ષની કામગીરીમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ**

| વિગત | (₹) | (₹) |
|---|---|---|
| નફા-નુકસાન પત્રકની આખરની બાકી | 4,50,000 | |
| **બાદ :** નફા-નુકસાન પત્રકની શરૂની બાકી | 3,00,000 | |
| નફા-નુકસાન પત્રકનો તફાવત | | 1,50,000 |
| **ઉમેરો :** બિનરોકડ ખર્ચાઓ (જોગવાઈઓ) | | |
| સૂચિત ડિવિડન્ડ (ચાલુ વર્ષનું) | 50,000 | |
| કરવેરાની જોગવાઈ (ચાલુ વર્ષની) | 50,000 | |
| વચગાળાનું ડિવિડન્ડ (જોગવાઈઓ) | 20,000 | |
| ડિબેન્ચરનું વ્યાજ | 24,000 | |
| | | 1,44,000 |
| | | 2,94,000 |
| **બાદ :** બિનકામગીરી આવકો | | – |
| **કાર્યશીલ મૂડીના ફેરફારો પહેલાંનો કામગીરી નફો** | | **2,94,000** |
| **ઉમેરો :** ચાલુ મિલકતોમાં ઘટાડો | 1,00,000 | |
| ચાલુ દેવાંમાં વધારો | – | 1,00,000 |
| | | 3,94,000 |
| **બાદ :** ચાલુ મિલકતોમાં વધારો | – | |
| ચાલુ દેવાંમાં ઘટાડો : વેપારી દેવાં | 30,000 | 30,000 |
| | | **3,64,000** |
| **બાદ :** કરવેરા ચૂકવ્યા | | 40,000 |
| **કામગીરીમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ** | | **3,24,000** |

**સમજૂતી :**

(1) વચગાળાનું ડિવિડન્ડ હવાલામાં આપેલ છે. તેથી તેની જોગવાઈ કર્યા પછી તેની ચૂકવણી થાય. આ હવાલાની બે અસર થાય :

(અ) વચગાળાનાં ડિવિડન્ડની જોગવાઈ નફામાં ઉમેરાશે.

(બ) વચગાળાનાં ડિવિડન્ડ નાણાકીય પ્રવૃત્તિમાં જાવક રોકડ પ્રવાહ તરીકે દર્શાવાશે.

(2) ઇક્વિટી અને જવાબદારી બાજુનાં માલિકીનાં ભંડોળો અને બિનચાલુ જવાબદારીઓ નાણાકીય પ્રવૃત્તિઓનાં અંગો છે. તેથી કામગીરીના રોકડ પ્રવાહ પત્રકમાં તેની અસર આવે નહિ.

(3) ચાલુ જવાબદારીઓમાં જોગવાઈઓ સિવાયની રકમો ચાલુ દેવાં તરીકે કામગીરીમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહમાં દર્શાવાય છે.

(4) ચાલુ જવાબદારીઓમાં જોગવાઈના શીર્ષક હેઠળ સૂચિત ડિવિડન્ડ અને કરવેરાની જોગવાઈ જે ચાલુ વર્ષની છે તે કામગીરીના પત્રકમાં દર્શાવાય છે અને ગયા વર્ષનાં સૂચિત ડિવિડન્ડની ચૂકવણી નાણાકીય પ્રવૃત્તિના શીર્ષક હેઠળ જાવક રોકડ પ્રવાહ તરીકે દર્શાવાય છે. જ્યારે કરવેરાની ગયા વર્ષની જોગવાઈ ₹ 40,000 ચાલુ વર્ષે ચૂકવેલ છે.

(5) બિનચાલુ મિલકતો રોકાણની પ્રવૃત્તિઓ હેઠળ દર્શાવવામાં આવે છે. જો ઘસારો કે માંડી વાળેલ રકમ હોય તો કામગીરીના પત્રકમાં ચાલુ વર્ષના નફામાં ઉમેરાય છે.

(6) ચાલુ મિલકતો કામગીરીમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહના પત્રકમાં દર્શાવાય છે.

**ઉદાહરણ 8 :** નીચેની ચિરાગ કંપનીની વિગતોના આધારે કામગીરી પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો.

| વિગત | (₹) |
|---|---|
| ચાલુ વર્ષનો નફો | 3,20,000 |
| કરવેરાની જોગવાઈ | 30,000 |
| સૂચિત ડિવિડન્ડ | 60,000 |
| પાઘડી માંડી વાળેલ | 35,000 |
| માંડી વાળેલ ઘસારો | 47,000 |
| મિલકત વેચાણ ખોટ | 43,000 |
| ભાડું મળ્યું | 45,000 |
| ડિવિડન્ડ મળ્યું | 65,000 |
| ચાલુ મિલકતોમાં વધારો | 1,00,000 |
| ચાલુ દેવાંમાં ઘટાડો | 90,000 |

**જવાબ :**

**કામગીરીમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ**

| વિગત | (₹) | (₹) |
|---|---|---|
| ચાલુ વર્ષનો નફો | | 3,20,000 |
| ઉમેરો : બિનરોકડ ખર્ચાઓ અને જોગવાઈઓ : | | |
| કરવેરાની જોગવાઈ | 30,000 | |
| સૂચિત ડિવિડન્ડ | 60,000 | |
| પાઘડી માંડી વાળી | 35,000 | |
| માંડી વાળેલ ઘસારો | 47,000 | |
| મિલકત વેચાણ ખોટ | 43,000 | 2,15,000 |
| | | 5,35,000 |
| **બાદ :** બિનકામગીરી આવકો : | | |
| ભાડું મળ્યું | 45,000 | |
| ડિવિડન્ડ મળ્યું | 65,000 | 1,10,000 |
| **કાર્યશીલ મૂડીના ફેરફારો પહેલાંનો કામગીરી નફો** | | **4,25,000** |
| **ઉમેરો :** ચાલુ મિલકતોમાં ઘટાડો | – | |
| ચાલુ દેવાંમાં વધારો | – | – |
| | | **4,25,000** |
| **બાદ :** ચાલુ મિલકતોમાં વધારો | 1,00,000 | |
| ચાલુ દેવાંમાં ઘટાડો | 90,000 | 1,90,000 |
| **કામગીરીમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ** | | **2,35,000** |

**ઉદાહરણ 9 :** ગૌરાંગ કંપનીની નીચેની વિગતોના આધારે કામગીરીમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહનું પત્રક તૈયાર કરો.

કાર્યશીલ મૂડીના ફેરફારો પહેલાંનો નફો ₹ 4,95,000; દેવાદારોમાં વધારો ₹ 75,000;

લેણીહૂંડીમાં ઘટાડો ₹ 40,000; સ્ટૉકમાં ઘટાડો ₹ 30,000; અગાઉથી ચૂકવેલ ખર્ચમાં વધારો ₹ 25,000;

ખર્ચા ચૂકવવાના બાકી (વધારો) ₹ 15,000; લેણદારોમાં ઘટાડો ₹ 20,000

**જવાબ :**

**કામગીરીમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ**

| વિગત | (₹) | (₹) |
|---|---|---|
| કાર્યશીલ મૂડીમાં ફેરફારો પહેલાંનો નફો | | 4,95,000 |
| ઉમેરો : ચાલુ મિલકતોમાં ઘટાડો : | | |
| લેણીહૂંડી | 40,000 | |
| સ્ટૉક | 30,000 | |
| ચાલુ દેવાંમાં વધારો : | | |
| ખર્ચા ચૂકવવાના બાકી | 15,000 | 85,000 |
| | | **5,80,000** |
| **બાદ :** ચાલુ મિલકતોમાં વધારો : | | |
| દેવાદારો | 75,000 | |
| અગાઉથી ચૂકવેલ ખર્ચાઓ | 25,000 | |
| ચાલુ દેવાંમાં ઘટાડો : | | |
| લેણદારો | 20,000 | 1,20,000 |
| **કામગીરીમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ** | | **4,60,000** |

**ઉદાહરણ 10 :** નીચે આપેલ મીરાં લિમિટેડની વિગતોના આધારે કામગીરીમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહનું પત્રક તૈયાર કરો.

**તા. 31-3-2017નાં રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાનનું પત્રક**

| વિગત | (₹) | (₹) |
|---|---|---|
| **(I)** વેચાણની ઊપજ | | 28,00,000 |
| **(II)** અન્ય આવકો : | | |
| ભાડાની આવક | 60,000 | |
| મિલકત વેચાણ નફો | 40,000 | |
| વ્યાજની આવક | 90,000 | 1,90,000 |
| **(III)** કુલ ઊપજ | | **29,90,000** |

| વિગત | (₹) | (₹) |
|---|---|---|
| (IV) ખર્ચાઓ : | | |
| (a) માલની ખરીદી | 21,20,000 | |
| (b) સ્ટૉકમાં ફેરફારો | | |
| (શરૂનો સ્ટૉક 90,000, આખરનો સ્ટૉક 1,10,000) | (20,000) | |
| (c) કામદારોને લગતા ખર્ચા | 1,48,000 | |
| (d) સ્થિર મિલકતોનો ઘસારો | 25,000 | |
| (e) પેટન્ટ માંડી વાળ્યા | 18,000 | |
| (f) મિલકત વેચાણ નુકસાન | 16,000 | |
| (g) ઉત્પાદનના ખર્ચા | 48,000 | |
| (h) વીમાનો ખર્ચ | 6000 | |
| (i) પગારનો ખર્ચ | 90,000 | |
| (j) વહીવટી ખર્ચા | 63,000 | |
| (k) વેચાણ-વિતરણ ખર્ચા | 7000 | 25,21,000 |
| (V) વેરા પહેલાંનો નફો | | **4,69,000** |

**ચાલુ મિલકતો અને ચાલુ દેવાંની માહિતી :**

| વિગત | આખરની બાકી (31-3-2017)(₹) | શરૂની બાકી (31-3-2016)(₹) |
|---|---|---|
| દેવાદારો | 90,000 | 78,000 |
| લેણદારો | 80,000 | 68,000 |
| દેવીહૂંડી | 65,000 | 75,000 |
| લેણીહૂંડી | 8000 | 10,000 |
| સ્ટૉક | 1,10,000 | 90,000 |
| પગાર ચૂકવવાનો બાકી | 15,000 | 18,000 |
| અગાઉથી ચૂકવેલ વીમો | 7000 | 9000 |

**જવાબ :** **કામગીરીમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ**

| વિગત | (₹) | (₹) |
|---|---|---|
| વેરા પહેલાંનો નફો | | 4,69,000 |
| ઉમેરો : બિનરોકડ ખર્ચાઓ અને જોગવાઈઓ : | | |
| સ્થિર મિલકતનો ઘસારો | 25,000 | |
| પેટન્ટ માંડી વાળ્યા | 18,000 | |
| મિલકત વેચાણ નુકસાન | 16,000 | 59,000 |
| | | **5,28,000** |
| **બાદ :** બિનકામગીરી આવકો : | | |
| ભાડાની આવક | 60,000 | |
| મિલકત વેચાણ નફો | 40,000 | |
| વ્યાજની આવક | 90,000 | 1,90,000 |
| **કાર્યશીલ મૂડીમાં ફેરફારો પહેલાંનો નફો** | | **3,38,000** |

| વિગત | (₹) | (₹) |
|---|---|---|
| ઉમેરો : ચાલુ મિલકતોમાં ઘટાડો : | | |
| લેણીહૂંડી | 2000 | |
| અગાઉથી ચૂકવેલ વીમો | 2000 | |
| ચાલુ દેવાંમાં વધારો : | | |
| લેણદારો | 12,000 | 16,000 |
| | | **3,54,000** |
| **બાદ :** ચાલુ મિલકતોમાં વધારો : | | |
| દેવાદારો | 12,000 | |
| સ્ટૉક | 20,000 | |
| ચાલુ દેવાંમાં ઘટાડો : | | |
| દેવીહૂંડી | 10,000 | |
| પગાર ચૂકવવાનો બાકી | 3000 | 45,000 |
| **કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ** | | **3,09,000** |

**7. રોકાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ :**

રોકાણની પ્રવૃત્તિઓના વ્યવહારો એટલે પાકા સરવૈયાની મિલકતો બાજુની વિગતોમાં ફેરફાર (ચાલુ મિલકતો સિવાય) અને તે મિલકતો સાથે સંકળાયેલ બાબતોમાં થયેલા ફેરફારો. આ અંગે વિગતવાર નીચે પ્રમાણે સમજૂતી આપવામાં આવેલ છે.

**રોકાણની પ્રવૃત્તિઓના વ્યવહારો**

↓

**પાકા સરવૈયાની મિલકત-લેણાંની વિગતોમાં ફેરફાર (ચાલુ મિલકતો સિવાયની)**

- બિનચાલુ મિલકતોનું ખરીદ-વેચાણ (જમીન, મકાન, પ્લાન્ટ, યંત્રો, ફર્નિચર, પેટન્ટ, ટ્રેડમાર્કનું ખરીદ-વેચાણ)
- બિનચાલુ રોકાણોનું ખરીદ-વેચાણ
- ધીરેલ લોન
- ધીરેલ લોન પરત

**નફા-નુકસાનનાં પત્રકોની વિગતો નફા-નુકસાનના પત્રકમાંથી રદ કરી રોકાણની પ્રવૃત્તિઓમાં દર્શાવાય છે, જે નીચે પ્રમાણે છે :**

- રોકાણો પર મળેલ વ્યાજ
- રોકાણો પર મળેલ ડિવિડન્ડ
- મિલકત ભાડે આપવાથી મળેલ ભાડું

  આ વ્યવહારો મહેસૂલી આવકો છે, પણ આ રકમો મિલકતોમાં રોકાણનાં કારણે ઉદ્ભવે છે. તેથી રોકાણની પ્રવૃત્તિઓમાં દર્શાવાય છે.

રોકાણની પ્રવૃત્તિઓમાં બિનચાલુ મિલકતોના ભાગ તરીકે સ્થિર દૃશ્ય મિલકતોનો સમાવેશ થાય છે. દા.ત., પ્લાન્ટ, યંત્રો, ફર્નિચર (ઘસારાપાત્ર મિલકતો)

ઘણી વખતે પ્રશ્નમાં

– ખરીદેલ મિલકતની કિંમત આપવામાં આવતી નથી.
– વેચેલ મિલકતની કિંમત આપવામાં આવતી નથી.
– ઘસારાની રકમ આપવામાં આવતી નથી.
– વેચેલ મિલકતનો નફો આપવામાં આવતો નથી.
– વેચેલ મિલકતનું નુકસાન આપવામાં આવતું નથી.

આ બધી વિગતો રોકડ પ્રવાહ પત્રક માટે અનિવાર્ય હોય છે. તેથી જે-તે મિલકતનું ખાતું તૈયાર કરીને આ વિગતો શોધવામાં આવે છે. આ બાબત ઉદાહરણ દ્વારા સમજીએ.

**ઉદાહરણ 11 :** નિરાલી કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે રોકાણની પ્રવૃત્તિનો રોકડ પ્રવાહ શોધો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| યંત્રોની શરૂઆતની બાકી | 4,50,000 | યંત્રો પર ગણેલ ઘસારો | 50,000 |
| યંત્રોની આખર બાકી | 4,00,000 | યંત્રની વેચાણકિંમત | 15,000 |
| વર્ષ દરમિયાન વેચેલ યંત્રની ચોપડેકિંમત | 25,000 | | |

**જવાબ :** રોકાણની પ્રવૃત્તિઓ શોધવા માટે યંત્ર ખાતું નીચે પ્રમાણે બનશે :

**યંત્ર ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 4,50,000 | ઘસારા ખાતે | 50,000 |
| રોકડ ખાતે (?) (ખરીદી) | 25,000 | રોકડ ખાતે (વેચાણ) | 15,000 |
| | | યંત્ર વેચાણ નુકસાન ખાતે | 10,000 |
| | | બાકી આગળ લઈ ગયા | 4,00,000 |
| | **4,75,000** | | **4,75,000** |

**રોકાણ પ્રવૃત્તિમાંથી રોકડપ્રવાહ દર્શાવતું પત્રક**

| વિગત | રકમ (₹) |
|---|---|
| યંત્રનું વેચાણ | 15,000 |
| યંત્રની ખરીદી | (25,000) |
| રોકાણ પ્રવૃત્તિમાંથી જાવક રોકડપ્રવાહ | (10,000) |

**સમજૂતી :**

(1) યંત્ર મિલકત હોવાથી તેની ઉધાર બાકી હોય. તેથી શરૂઆતની બાકી ઉધાર બાજુ દર્શાવેલ છે.

(2) યંત્રનો ઘસારો : તેની આમનોંધ નીચે પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| ઘસારા ખાતે ...ઉ | 50,000 | |
| તે યંત્ર ખાતે | | 50,000 |

(3) યંત્રનું વેચાણ :

| | |
|---|---|
| ચોપડેકિંમત | ₹ 25,000 |
| વેચાણકિંમત | ₹ 15,000 |
| ખોટ | ₹ 10,000 |

રોકડ ખાતે ...ઉ 15,000
યંત્ર વેચાણ નુકસાન ખાતે...ઉ 10,000
તે યંત્ર ખાતે 25,000

(4) યંત્ર ખાતું બંધ કરતાં તફાવતની રકમ ઉધાર બાજુએ આવે છે, તેથી તે ખરીદી કહેવાય.

| ક્રમ | પ્રવૃત્તિ | અસર |
|---|---|---|
| 1. | યંત્ર વેચાણ ₹ 15,000 – રોકાણની પ્રવૃત્તિ | રોકાણની પ્રવૃત્તિમાં આવક રોકડ પ્રવાહ |
| 2. | યંત્રની ખરીદી ₹ 25,000 – રોકાણની પ્રવૃત્તિ | રોકાણની પ્રવૃત્તિમાં જાવક રોકડ પ્રવાહ |
| 3. | ઘસારો ₹ 50,000 – કામગીરી પ્રવૃત્તિ | બિનરોકડ વ્યવહાર, કામગીરી નફામાં ઉમેરાશે |
| 4. | યંત્ર વેચાણ નુકસાન ₹ 10,000 | બિનરોકડ વ્યવહાર કામગીરી નફામાં ઉમેરાશે |

**ઉદાહરણ 12 :** માનસી કંપની લિમિટેડની નીચેની વિગતો પરથી કામગીરી નફાને અસર કરતા વ્યવહારો અને રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહ શોધો અને સમજાવો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| ફર્નિચરની શરૂઆતની બાકી | 12,00,000 | ફર્નિચર વેચાણ | 4,00,000 |
| ફર્નિચરની આખરની બાકી | 18,00,000 | વેચેલ ફર્નિચરની ચોપડેકિંમત | 3,20,000 |
| ફર્નિચર પર ઘસારો | 2,00,000 | | |

**જવાબ :** રોકાણની પ્રવૃત્તિઓ શોધવા ફર્નિચર ખાતું બનાવીએ.

**ફર્નિચર ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 12,00,000 | રોકડ ખાતે (વેચાણ) | 4,00,000 |
| ફર્નિચર વેચાણ નફો | 80,000 | ઘસારા ખાતે | 2,00,000 |
| રોકડ ખાતે (ખરીદ) (?) | 11,20,000 | | |
| | | બાકી આગળ લઈ ગયા | 18,00,000 |
| | **24,00,000** | | **24,00,000** |

**રોકાણ પ્રવૃત્તિમાંથી રોકડપ્રવાહ દર્શાવતું પત્રક**

| વિગત | રકમ (₹) |
|---|---|
| ફર્નિચરનું વેચાણ | 4,00,000 |
| ફર્નિચરની ખરીદી | (11,20,000) |
| રોકાણ પ્રવૃત્તિમાંથી જાવક રોકડપ્રવાહ | (7,20,000) |

**સમજૂતી :**

(1) ફર્નિચર મિલકત છે. તેથી શરૂઆતની બાકી ઉધાર બાકી હોય છે.

(2) ફર્નિચર ઘસારો :

ઘસારા ખાતે ...ઉ 2,00,000

તે ફર્નિચર ખાતે 2,00,000

(3) ફર્નિચર વેચાણ :

| | |
|---|---|
| ચોપડેકિંમત | ₹ 3,20,000 |
| – વેચાણકિંમત | ₹ 4,00,000 |
| નફો | ₹ 80,000 |

(a) રોકડ ખાતે ...ઉ 4,00,000

તે ફર્નિચર ખાતે 4,00,000

(b) ફર્નિચર ખાતે ...ઉ 80,000

તે ફર્નિચર વેચાણ નફા ખાતે 80,000

(4) ફર્નિચર ખાતું બંધ કરતાં તફાવતની રકમ ઉધાર બાજુએ આવે છે તેથી તે ખરીદી કહેવાય.

| ક્રમ | પ્રવૃત્તિ | અસર |
|---|---|---|
| 1. | ફર્નિચર વેચાણ ₹ 4,00,000 – રોકાણની પ્રવૃત્તિ | રોકાણની પ્રવૃત્તિમાં આવક રોકડ પ્રવાહ |
| 2. | ફર્નિચરની ખરીદી ₹ 11,20,000 – રોકાણની પ્રવૃત્તિ | રોકાણની પ્રવૃત્તિમાં જાવક રોકડ પ્રવાહ |
| 3. | ઘસારો ₹ 2,00,000 – કામગીરી પ્રવૃત્તિ | બિનરોકડ વ્યવહાર, કામગીરી નફામાં ઉમેરાશે |
| 4. | ફર્નિચર વેચાણ નફો ₹ 80,000 | બિનરોકડ વ્યવહાર, કામગીરી નફામાંથી બાદ થશે |

**ઉદાહરણ 13 :** બ્રિજમોહન લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહ દર્શાવો.

| વિગત | 31-3-2017 (₹) | 31-3-2016 (₹) |
|---|---|---|
| 12 %ના X કંપનીના ડિબેન્ચરમાં રોકાણ | 6,00,000 | 4,00,000 |
| યંત્રો | 4,00,000 | 2,00,000 |
| જમીન-મકાન | 6,00,000 | 6,00,000 |
| ફર્નિચર | 1,00,000 | 80,000 |
| પેટન્ટ | 80,000 | 1,00,000 |
| પાઘડી | 60,000 | 90,000 |

**વધારાની વિગતો :**

(1) યંત્રો પર 20 % લેખે ઘસારાની જોગવાઈ કરો.

(2) ફર્નિચર પર 10 % લેખે ઘસારાની જોગવાઈ કરો.

(3) વર્ષની શરૂઆતનાં રોકાણોમાંથી 40 % રોકાણો ₹ 3,00,000માં વેચ્યા.

(4) રોકાણો પર વ્યાજ મળ્યું ₹ 60,000.

**જવાબ :** યંત્રો, ફર્નિચર અને રોકાણોનાં ખાતાં બનાવવાં પડશે.

### યંત્ર ખાતું

ઉધાર | જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 2,00,000 | ઘસારા ખાતે 20 % લેખે | 40,000 |
| રોકડ ખાતે (ખરીદી) | 2,40,000 | બાકી આગળ લઈ ગયા | 4,00,000 |
| | **4,40,000** | | **4,40,000** |

### ફર્નિચર ખાતું

ઉધાર | જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 80,000 | ઘસારા ખાતે 10 % લેખે | 8000 |
| રોકડ ખાતે (ખરીદી) | 28,000 | બાકી આગળ લઈ ગયા | 1,00,000 |
| | **1,08,000** | | **1,08,000** |

### રોકાણોનું ખાતું

ઉધાર | જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 4,00,000 | રોકડ ખાતે | 3,00,000 |
| રોકાણ વેચાણ નફો | 1,40,000 | | |
| રોકડ ખાતે (ખરીદી) | 3,60,000 | બાકી આગળ લઈ ગયા | 6,00,000 |
| | **9,00,000** | | **9,00,000** |

**સમજૂતી :**

(1) રોકાણોની શરૂની બાકી ₹ 4,00,000

| | |
|---|---|
| 40 %નું વેચાણ (4,00,000 × 40 %) | ₹ 1,60,000 |
| બાદ : વેચાણકિંમત | ₹ 3,00,000 |
| રોકાણ વેચાણ નફો | ₹ 1,40,000 |

(a) રોકડ ખાતે ...ઉ 3,00,000

તે રોકાણો ખાતે 3,00,000

(b) રોકાણો ખાતે ...ઉ 1,40,000

તે રોકાણ વેચાણ નફા ખાતે 1,40,000

રોકાણો વેચાણની રકમ ₹ 3,00,000 રોકાણ પ્રવૃત્તિમાં આવક રોકડ પ્રવાહ તરીકે દર્શાવાશે.

યંત્ર વેચાણ નફાની રકમ કામગીરી નફામાંથી બાદ થશે.

(2) યંત્રની શરૂઆતની બાકી પર ઘસારો ગણાશે. તેથી ₹ 2,00,000નાં 20 % = ₹ 40,000; કામગીરીના નફામાં ઉમેરાશે. યંત્ર ખાતું બંધ કરતાં ઉધાર બાજુ તફાવત ₹ 2,40,000, જે યંત્રની ખરીદ જે રોકાણની પ્રવૃત્તિ જાવક રોકડ પ્રવાહ તરીકે દર્શાવાશે.

(3) ફર્નિચરની શરૂઆતની બાકી પર ઘસારો ગણાશે. તેથી ₹ 80,000નાં 10 %, ₹ 8000; કામગીરીના નફામાં ઉમેરાશે. ફર્નિચર ખાતું બંધ કરતાં ઉધાર બાજુ તફાવત ₹ 28,000 જે ફર્નિચરની ખરીદ જે રોકાણ પ્રવૃત્તિમાં જાવક રોકડ પ્રવાહ તરીકે દર્શાવાશે.

(4) રોકાણો પર વ્યાજ એ કામગીરીના નફામાંથી બાદ થશે અને તેને રોકાણ પ્રવૃત્તિમાં આવક રોકડ પ્રવાહ તરીકે દર્શાવવામાં આવે છે.

(5) પેટન્ટની આખરની બાકી ₹ 80,000 છે અને શરૂની બાકી ₹ 1,00,000 છે, જે ₹ 20,000નો ઘટાડો દર્શાવે છે. આ બિનરોકડ વ્યવહાર છે, જે કામગીરીના નફાના પત્રકમાં ઉમેરાશે.

(6) પાઘડીની આખરની બાકી ₹ 60,000 છે અને શરૂની બાકી ₹ 90,000 છે, જે ₹ 30,000નો ઘટાડો દર્શાવે છે. આ બિનરોકડ વ્યવહાર છે, જે કામગીરી નફાના પત્રકમાં ઉમેરાશે.

**રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહનું પત્રક**

| વિગત | (₹) |
|---|---|
| રોકાણ વેચાણ | 3,00,000 |
| યંત્રની ખરીદ | (2,40,000) |
| ફર્નિચર ખરીદ | (28,000) |
| રોકાણો પર વ્યાજ | 60,000 |
| રોકાણોની ખરીદ | (3,60,000) |
| રોકાણોની પ્રવૃત્તિઓનો જાવક રોકડ પ્રવાહ | (2,68,000) |

કૌંસ સિવાયની રકમ આવક રોકડ પ્રવાહ છે. કૌંસમાં દર્શાવેલ રકમ જાવક રોકડ પ્રવાહ છે.

## 8. નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ

નાણાકીય પ્રવૃત્તિઓના વ્યવહારો એટલે પાકા સરવૈયાની મૂડી-દેવાં બાજુની વિગતો (ચાલુ દેવાં સિવાય) અને તે મૂડી-દેવાં સાથે સંકળાયેલ બાબતોમાં થયેલા ફેરફારો. આ અંગે વિગતવાર નીચે પ્રમાણે સમજૂતી આપવામાં આવેલ છે.

નાણાકીય પ્રવૃત્તિઓમાં દર્શાવવામાં આવતી વિગતો નીચે પ્રમાણે આપવામાં આવે છે :

**નાણાકીય પ્રવૃત્તિઓના વ્યવહારો**

↓

**પાકા સરવૈયાની મૂડી-દેવાંની વિગતોમાં ફેરફાર (ચાલુ દેવાં સિવાયની)**

- ઈક્વિટી કે પ્રેફરન્સ શૅર બહાર પાડવા
- ઈક્વિટી કે પ્રેફરન્સ શૅર પરત કરવા
- નવા ડિબેન્ચર બહાર પાડવા
- ડિબેન્ચર પરત કરવા
- બૅન્ક ઑવરડ્રાફ્ટ લેવો કે પરત કરવો
- લોન લેવી કે લોન પરત કરવી

**નફા-નુકસાનનાં પત્રકોની વિગતો નફા-નુકસાનના પત્રકમાંથી રદ કરી નાણાકીય પ્રવૃત્તિઓમાં દર્શાવાય છે, જે નીચે પ્રમાણે છે :**

- ઈક્વિટી શૅર ડિવિડન્ડ
- પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ
- ડિબેન્ચર કે લોનનું વ્યાજ

આ વ્યવહારો ખર્ચા અને ફાળવણીઓ છે, પણ રોકડ પ્રવાહના પત્રકમાં આ રકમો મૂડીના વળતર તરીકે ઉદ્‌ભવે છે. તેથી નાણાકીય પ્રવૃત્તિઓમાં દર્શાવાય છે.

- **વિશિષ્ટ વ્યવહારો :**

(1) નીચેના વ્યવહારો ધંધાકીય એકમની માલિકીની મૂડી અથવા ઉછીની મૂડીના કદ અથવા/અને રચનામાં ફેરફાર દર્શાવે છે. છતાં નાણાકીય પ્રવૃત્તિઓના રોકડ પ્રવાહ તરીકે ધ્યાનમાં લેવામાં આવતા નથી.

(a) બૉનસ શૅરના કારણે ઇક્વિટી શૅરમૂડીમાં વધારો. આ વ્યવહાર નફા અથવા અનામતનું મૂડીકરણ દર્શાવે છે. નફા અથવા અનામતનું મૂડીકરણ એટલે નફા-નુકસાન ખાતાની જમા રકમ અથવા સામાન્ય અનામતનું ઇક્વિટી શૅરમૂડીમાં રૂપાંતર. આ વ્યવહારમાં ઇક્વિટીમાં વધારો રોકડ સિવાય થાય છે.

(b) ડિબેન્ચરનું શૅરમાં રૂપાંતર. આ વ્યવહારમાં પણ રોકડ વ્યવહાર અસ્તિત્વમાં આવતો નથી. તેથી રોકડ પ્રવાહનું સર્જન થતું નથી.

(2) (a) ઇક્વિટી શૅર અથવા/અને ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પાડવામાં આવે તો પ્રીમિયમની રકમ પણ નાણાકીય પ્રવૃત્તિના આવક રોકડ પ્રવાહ તરીકે જ ધ્યાનમાં લેવામાં આવે છે.

(b) શૅર કે ડિબેન્ચર બહાર પાડતી વખતે ચૂકવવામાં આવેલ બાંયધરી કમિશન પણ નાણાકીય પ્રવૃત્તિ છે તેથી તેને નાણાકીય પ્રવૃત્તિના જાવક રોકડ પ્રવાહ તરીકે ધ્યાનમાં લેવામાં આવે છે.

(3) બૅન્ક ઑવરડ્રાફ્ટ અને રોકડ શાખ (કેશ ક્રેડિટ) બંને ટૂંકા ગાળાની ઉછીની રકમ છે તેથી તેનો સમાવેશ પણ નાણાકીય પ્રવૃત્તિઓમાં કરવો.

**ઉદાહરણ 14 :** હેતલ કંપની લિમિટેડના નીચેના વ્યવહારોના આધારે નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો.

| વિગત | 31-3-2017 (₹) | 31-3-2016 (₹) |
|---|---|---|
| ઇક્વિટી શૅરમૂડી | 18,00,000 | 12,00,000 |
| પ્રેફરન્સ શૅરમૂડી | 8,00,000 | 10,00,000 |
| ડિબેન્ચર | 6,00,000 | 6,00,000 |

**વધારાની વિગતો :**

(1) ડિવિડન્ડ ચૂકવ્યું : ઇક્વિટી શૅરમૂડી ₹ 2,00,000, પ્રેફરન્સ શૅરમૂડી ₹ 1,00,000

(2) ડિબેન્ચર વ્યાજ ચૂકવ્યું ₹ 50,000

**જવાબ :**

**નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહનું પત્રક**

| વિગત | (₹) |
|---|---|
| ઇક્વિટી શૅરમૂડી (મૂડીમાં વધારો) | 6,00,000 |
| પ્રેફરન્સ શૅરમૂડી પરત (મૂડીમાં ઘટાડો) | (2,00,000) |
| ડિબેન્ચર (ફેરફાર નથી) | – |
| ઇક્વિટી શૅર ડિવિડન્ડ | (2,00,000) |
| પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ | (1,00,000) |
| ડિબેન્ચર વ્યાજ | (50,000) |
| નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો આવક રોકડ પ્રવાહ | 50,000 |

- **રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરવાના તબક્કાઓ :**

(1) સૌપ્રથમ હવાલાઓ(વધારાની માહિતી)ને ધ્યાનમાં લઈને જરૂરી ખાતાંઓ તૈયાર કરો.
અભ્યાસક્રમ પ્રમાણે સ્થિર મિલકતોનાં ખાતાં, ઘસારા ભંડોળ ખાતું અને કરવેરાની જોગવાઈના ખાતાનો સમાવેશ થાય છે. આ ખાતાના વ્યવહારોની અસર જ્યાં લાગુ પડતી હોય ત્યાં આપો, કામગીરી પ્રવૃત્તિઓમાં, રોકાણની પ્રવૃત્તિઓમાં અને નાણાકીય પ્રવૃત્તિઓમાં.

(2) રોકડ પ્રવાહનું પત્રક બનાવો.

(a) આ પત્રકની શરૂઆતમાં કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહ અંગેના વ્યવહારો ધ્યાનમાં લો. બિનરોકડ ખર્ચાઓ અને જોગવાઈઓને ચાલુ વર્ષના નફામાં ઉમેરો. બિનકામગીરી આવકોને ચાલુ વર્ષના નફામાંથી બાદ કરો.

આ અસરો આપ્યા બાદ કાર્યશીલ મૂડીના ફેરફારોની અસર કામગીરીના પત્રકમાં આપવી. જેમાં ચાલુ મિલકતોનો ઘટાડો અને ચાલુ દેવાંનો વધારો નફામાં ઉમેરો. ચાલુ મિલકતોનો વધારો અને ચાલુ દેવાંનો ઘટાડો બાદ કરો. જો કરવેરાની ચૂકવણી હોય તો તે પણ નફામાંથી બાદ કરો. વધેલ રકમ કામગીરીમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ હોય છે.

(b) રોકાણની પ્રવૃત્તિઓનાં રોકડ પ્રવાહના વ્યવહારોની અસર આપો. જેમાં બિનચાલુ મિલકતોની ખરીદી જાવક રોકડ પ્રવાહ તરીકે અને બિનચાલુ મિલકતોનું વેચાણ આવક રોકડ પ્રવાહ તરીકે દર્શાવો.

(c) છેલ્લે નાણાકીય પ્રવૃત્તિઓના રોકડ પ્રવાહના વ્યવહારોની અસર આપો. શૅરમૂડીમાં વધારો અથવા બિનચાલુ જવાબદારીમાં વધારો આવક રોકડ પ્રવાહ તરીકે દર્શાવો. શૅરમૂડીમાં ઘટાડો કે બિનચાલુ જવાબદારીમાં ઘટાડો જાવક રોકડ પ્રવાહ તરીકે દર્શાવો.

(d) ઉપર દર્શાવેલ,

– કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ

– રોકાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ

– નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહનો સરવાળો કરતાં મળતી રકમ વર્ષ દરમિયાન પ્રાપ્ત થયેલ કે ચૂકવેલ રોકડ કે રોકડ સમકક્ષ હોય છે.

આ રકમમાં વર્ષની શરૂની રોકડ કે રોકડ સમકક્ષ ઉમેરતાં જે જવાબ આવે તે વર્ષની આખરની રોકડ અને રોકડ સમકક્ષ હોય છે.

આમ, જ્યારે દાખલામાં જે છેલ્લો જવાબ વર્ષની આખરની રોકડ અને રોકડ સમકક્ષ જેટલો હોય તો સામાન્ય રીતે તમામ ગણતરીઓ સાચી હોવાની શક્યતા દર્શાવે છે. રોકડ પ્રવાહના પત્રકમાં આખરની રોકડ અને રોકડ સમકક્ષ એ જવાબના સાચાપણાની ખાતરી કરાવે છે.

**ઉદાહરણ 15 :** દાહોદ કંપની લિમિટેડનાં તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજનાં પાકાં સરવૈયાં નીચે પ્રમાણે આપવામાં આવ્યાં છે, તેના આધારે રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો.

| **વિગત** | **31-3-2017 (₹)** | **31-3-2016 (₹)** |
|---|---|---|
| **I ઈક્વિટી અને જવાબદારીઓ :** | | |
| **(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો :** | | |
| (a) શૅરમૂડી | 20,00,000 | 18,00,000 |
| (b) અનામત અને વધારો | 7,50,000 | 5,00,000 |
| **(2) બિનચાલુ જવાબદારીઓ :** | | |
| 10 %ના ડિબેન્ચર | 5,00,000 | 7,00,000 |
| **(3) ચાલુ જવાબદારીઓ** | 4,00,000 | 3,00,000 |
| **કુલ** | **36,50,000** | **33,00,000** |
| **II મિલકતો :** | | |
| (1) સ્થિર મિલકતો | | |
| (i) દૃશ્ય મિલકતો : જમીન-મકાન | 22,00,000 | 20,00,000 |
| (ii) અદૃશ્ય મિલકતો : પેટન્ટ | 6,00,000 | 6,00,000 |
| (2) ચાલુ મિલકતો : (રોકડ સિવાય) | 7,00,000 | 6,00,000 |
| રોકડ અને રોકડ સમકક્ષ | 1,50,000 | 1,00,000 |
| **કુલ** | **36,50,000** | **33,00,000** |

**નોંધ :** ડિબેન્ચર વર્ષની શરૂઆતમાં પરત કરેલ છે.

જવાબ : સમજૂતી :

| ક્રમ | વ્યવહાર | અસર |
|---|---|---|
| 1. | ઇક્વિટી શૅરમૂડીમાં વધારો ₹ 2,00,000 (₹ 20,00,000 – ₹ 18,00,000) | નાણાકીય પ્રવૃત્તિ છે. આવક રોકડ પ્રવાહમાં દર્શાવાશે. |
| 2. | ચાલુ વર્ષનો નફો ₹ 2,50,000 (₹ 7,50,000 – ₹ 5,00,000) | કામગીરીની પ્રવૃત્તિઓ માટે ધ્યાનમાં લેવાશે. |
| 3. | 10 %ના ડિબેન્ચરમાં ઘટાડો ₹ 2,00,000 (₹ 5,00,000 – ₹ 7,00,000) | નાણાકીય પ્રવૃત્તિ છે. જાવક રોકડ પ્રવાહમાં દર્શાવાશે. |
| 4. | ચાલુ જવાબદારીઓમાં વધારો ₹ 1,00,000 (₹ 4,00,000 – ₹ 3,00,000) | કામગીરીની પ્રવૃત્તિઓમાં ઉમેરાશે. |
| 5. | સ્થિર મિલકતોમાં(જમીન-મકાન)માં વધારો ₹ 2,00,000 (₹ 22,00,000 – ₹ 20,00,000) | રોકાણની પ્રવૃત્તિ છે. જાવક રોકડ પ્રવાહમાં દર્શાવાશે. |
| 6. | સ્થિર મિલકતો(પેટન્ટ)માં કોઈ વધારો/ઘટાડો નથી. | કોઈ અસર થશે નહિ. |
| 7. | ચાલુ મિલકતોમાં વધારો ₹ 1,00,000 (₹ 7,00,000 – ₹ 6,00,000) | કામગીરીની પ્રવૃત્તિમાંથી બાદ થશે. |

જવાબ : **તા. 31-3-2017ના રોજનું દાહોદ કંપની લિમિટેડનું રોકડ પ્રવાહ પત્રક**

| વિગત | (₹) | (₹) |
|---|---|---|
| (A) કામગીરી પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ | | |
| નફા-નુકસાનની આખર બાકી (અનામતો અને વધારો) | 7,50,000 | |
| બાદ : નફા-નુકસાનની શરૂની બાકી (અનામતો અને વધારો) | 5,00,000 | |
| ચાલુ વર્ષનો નફો | | 2,50,000 |
| ઉમેરો : બિનરોકડ ખર્ચાઓ, જોગવાઈઓ, નાણાકીય ખર્ચાઓ | | – |
| ડિબેન્ચરનું વ્યાજ | | 50,000 |
| બાદ : બિનકામગીરી આવકો | | – |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાંનો કામગીરી નફો | | 3,00,000 |
| ઉમેરો : ચાલુ મિલકતોમાં ઘટાડો | | – |
| ચાલુ દેવાંમાં વધારો | 1,00,000 | |
| | | 1,00,000 |
| | | 4,00,000 |
| બાદ : ચાલુ મિલકતોમાં વધારો | 1,00,000 | |
| ચાલુ દેવાંમાં ઘટાડો | | 1,00,000 |
| (A) | | 3,00,000 |
| (B) રોકાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ : | | |
| જમીન-મકાનની ખરીદ (B) | (2,00,000) | (2,00,000) |
| | | 1,00,000 |

| વિગત | (₹) | (₹) |
|---|---|---|
| (C) નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ : | | |
| શૅરમૂડીમાં વધારો | 2,00,000 | |
| ડિબેન્ચરનું વ્યાજ | (50,000) | |
| 10 % ડિબેન્ચર પરત | (2,00,000) | (50,000) |
| (D) રોકડ અને રોકડ સમકક્ષમાં ચોખ્ખો વધારો (A + B + C) | | 50,000 |
| ઉમેરો : રોકડ અને રોકડ સમકક્ષની શરૂની બાકી | | 1,00,000 |
| (E) રોકડ અને રોકડ સમકક્ષની આખરની બાકી | | 1,50,000 |

**ખાસનોંધ :** વિદ્યાર્થીઓને રોકડ પ્રવાહનાં સમગ્રલક્ષી અભ્યાસ અંગે સમજૂતી મળે તે માટે ઉદાહરણ 16 આપવામાં આવેલ છે, જેમાં ત્રણેય પ્રવૃત્તિઓનો સમાવેશ કરેલ છે. આ પ્રકારનાં પ્રશ્નો પરીક્ષામાં અપેક્ષિત નથી.

**ઉદાહરણ 16 :** સોમનાથ લિમિટેડ કંપનીની નીચેની વિગતોના આધારે તા. 31-3-2017ના રોજનું રોકડ પ્રવાહ પત્રક બનાવો.

| વિગત | 31-3-2017 (₹) | 31-3-2016 (₹) |
|---|---|---|
| **I ઇક્વિટી અને જવાબદારીઓ :** | | |
| **(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો :** | | |
| (a) શૅરમૂડી : ઇક્વિટી શૅરમૂડી | 18,00,000 | 16,00,000 |
| પ્રેફરન્સ શૅરમૂડી | 2,00,000 | – |
| (b) અનામતો અને વધારો : સામાન્ય અનામત | 1,00,000 | 80,000 |
| નફા-નુકસાન ખાતું | 48,000 | 40,000 |
| **(2) બિનચાલુ જવાબદારીઓ :** | | |
| 14 %ના ડિબેન્ચર | 2,60,000 | 2,40,000 |
| **(3) ચાલુ જવાબદારીઓ :** | | |
| બૅન્ક ઑવરડ્રાફ્ટ | 2,72,000 | 5,00,000 |
| વેપારી દેવાં | 4,40,000 | 4,80,000 |
| ટૂંકા ગાળાની જોગવાઈઓ : | | |
| કરવેરા જોગવાઈ | 1,68,000 | 1,20,000 |
| સૂચિત ડિવિડન્ડ | 2,32,000 | 2,00,000 |
| **કુલ** | **35,20,000** | **32,60,000** |
| **II મિલકતો :** | | |
| **(1) બિનચાલુ મિલકતો :** | | |
| સ્થિર મિલકતો દૃશ્ય | 16,00,000 | 16,40,000 |
| બાદ : ઘસારો - ભંડોળ ખાતું | 6,00,000 | 4,40,000 |
| | 10,00,000 | 12,00,000 |
| **(2) ચાલુ મિલકતો :** | | |
| વેપારી લેણાં | 9,60,000 | 8,00,000 |
| સ્ટૉક | 14,00,000 | 12,00,000 |
| રોકડ અને રોકડ સમકક્ષ | 1,60,000 | 60,000 |
| **કુલ** | **35,20,000** | **32,60,000** |

**વધારાની માહિતી :**

(1) ડિબેન્ચર પર ચૂકવેલ વ્યાજ ₹ 36,000

(2) કરવેરા ચૂકવ્યા ₹ 1,68,000

**જવાબ : સમજૂતી :**

| ક્રમ | વ્યવહાર | અસર |
|---|---|---|
| 1. | ઈક્વિટી શૅરમૂડીમાં વધારો ₹ 2,00,000<br>(₹ 18,00,000 – ₹ 16,00,000) | નાણાકીય પ્રવૃત્તિ છે. આવક રોકડ પ્રવાહમાં દર્શાવાશે. |
| 2. | પ્રેફરન્સ શૅરમૂડીમાં વધારો ₹ 2,00,000<br>(₹ 2,00,000 – ₹ શૂન્ય) | નાણાકીય પ્રવૃત્તિ છે. આવક રોકડ પ્રવાહમાં દર્શાવાશે. |
| 3. | સામાન્ય અનામતમાં વધારો ₹ 20,000<br>(₹ 1,00,000 – ₹ 80,000) | કામગીરીના પત્રકમાં જોગવાઈ હેઠળ નફામાં ઉમેરાશે. |
| 4. | નફા-નુકસાન ખાતું ચાલુ વર્ષનો નફો ₹ 8000<br>(₹ 48,000 – ₹ 40,000) | કામગીરીની પ્રવૃત્તિઓ માટે ધ્યાનમાં લેવાય છે. |
| 5. | 14 %ના ડિબેન્ચરમાં વધારો ₹ 20,000<br>(₹ 2,60,000 – ₹ 2,40,000) | નાણાકીય પ્રવૃત્તિ છે. આવક રોકડ પ્રવાહમાં દર્શાવાશે. |
| 6. | ચાલુ જવાબદારીઓ :<br>– બૅન્ક ઑવરડ્રાફ્ટ ઘટાડો ₹ 2,28,000<br>(₹ 2,72,000 – ₹ 5,00,000)<br>– વેપારી દેવાંમાં ઘટાડો ₹ 40,000<br>(₹ 4,40,000 – ₹ 4,80,000)<br>– કરવેરાની જોગવાઈ<br>– સૂચિત ડિવિડન્ડ | નાણાકીય પ્રવૃત્તિ છે. જાવક રોકડ પ્રવાહમાં દર્શાવાશે.<br>કામગીરી રોકડ પ્રવાહમાંથી બાદ થશે.<br>હવાલામાં ચૂકવણી પણ દર્શાવેલ છે, તેથી તેનું ખાતું બનાવવામાં આવશે. ખાતાના આધારે અસરો દર્શાવાશે.<br>ગયા વર્ષનું સૂચિત ડિવિડન્ડ નાણાકીય પ્રવૃત્તિમાં જાવક રોકડ પ્રવાહ તરીકે દર્શાવાશે. ચાલુ વર્ષનું સૂચિત ડિવિડન્ડ કામગીરીપત્રકમાં જોગવાઈઓ હેઠળ નફામાં ઉમેરાશે. |
| 7. | સ્થિર મિલકતો (દૃશ્ય) અને ઘસારો | સ્થિર મિલકતો અને ઘસારાનાં ખાતાં બનાવવામાં આવશે. ખાતાના આધારે અસરો દર્શાવાશે. |
| 8. | ચાલુ મિલકતો :<br>– વેપારી લેણાંમાં વધારો ₹ 1,60,000<br>(₹ 9,60,000 – ₹ 8,00,000)<br>– સ્ટૉકમાં વધારો ₹ 2,00,000<br>(₹ 16,00,000 – ₹ 14,00,000) | કામગીરી રોકડ પ્રવાહમાંથી બાદ થશે.<br>કામગીરી રોકડ પ્રવાહમાંથી બાદ થશે. |
| 9. | ડિબેન્ચર વ્યાજ ચૂકવ્યું ₹ 36,000 | ડિબેન્ચર વ્યાજ કામગીરીના પત્રકમાં ઉમેરાશે અને નાણાકીય પ્રવૃત્તિમાં જાવક રોકડ પ્રવાહ તરીકે દર્શાવાશે. |

### કરવેરાની જોગવાઈનું ખાતું

ઉધાર | જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| રોકડ ખાતે (ચૂકવણી) | | બાકી આગળ લાવ્યા | 1,20,000 |
| (કામગીરી પ્રવૃત્તિમાંથી બાદ) | 1,68,000 | નફા-નુકસાન ખાતે (જોગવાઈ) | |
| બાકી આગળ લઈ ગયા | 1,68,000 | કામગીરીના પત્રકમાં ઉમેરાશે | 2,16,000 |
| | **3,36,000** | | **3,36,000** |

### સ્થિર મિલકતોનું ખાતું

ઉધાર | જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 16,40,000 | રોકડ ખાતે (વેચાણ) | 40,000 |
| | | (રોકાણની પ્રવૃત્તિમાંથી આવક રોકડ પ્રવાહ) | |
| | | બાકી આગળ લઈ ગયા | 16,00,000 |
| | **16,40,000** | | **16,40,000** |

### ઘસારા ભંડોળનું ખાતું

ઉધાર | જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| | | બાકી આગળ લાવ્યા | 4,40,000 |
| બાકી આગળ લઈ ગયા | 6,00,000 | નફા-નુકસાન ખાતે | 1,60,000 |
| | **6,00,000** | | **6,00,000** |

– કરવેરાની જોગવાઈ અને ઘસારા ભંડોળની બાકી જમા બાકી હોય છે.

કરવેરા :

| | | |
|---|---|---|
| (1) કરવેરા જોગવાઈ ખાતે ...ઉ | 1,68,000 | |
| તે રોકડ ખાતે | | 1,68,000 |
| (2) નફા-નુકસાન ખાતે ...ઉ | 2,16,000 | |
| તે કરવેરાની જોગવાઈ ખાતે | | 2,16,000 |

ઘસારો અને સ્થિર મિલકતો :

| | | |
|---|---|---|
| (1) નફા-નુકસાન ખાતે ...ઉ | 1,60,000 | |
| તે ઘસારા ભંડોળ ખાતે | | 1,60,000 |
| (2) સ્થિર મિલકતો ખાતે ...ઉ | 1,20,000 | |
| તે રોકડ ખાતે | | 1,20,000 |

**નોંધ :** આમનોંધો વિદ્યાર્થીની સમજૂતી માટે આપેલ છે. પરીક્ષામાં અપેક્ષિત નથી.

### સોમનાથ લિમિટેડનું તા. 31-3-2017ના રોજનું રોકડ પ્રવાહ પત્રક

| વિગત | (₹) | (₹) |
|---|---|---|
| (A) કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ : | | |
| નફા-નુકસાન ખાતાની આખરની બાકી | 48,000 | |
| બાદ : નફા-નુકસાન ખાતાની શરૂની બાકી | 40,000 | |
| ચાલુ વર્ષનો નફો | | 8000 |
| ઉમેરો : બિનરોકડ ખર્ચાઓ (જોગવાઈઓ) | | |
| કરવેરાની જોગવાઈ | 2,16,000 | |
| ઘસારા ખાતે | 1,60,000 | |
| સામાન્ય અનામત ખાતે | 20,000 | |
| સૂચિત ડિવિડન્ડ | 2,32,000 | |
| ડિબેન્ચર વ્યાજ | 36,000 | 6,64,000 |
| | | 6,72,000 |
| | – | – |
| બાદ : બિનકામગીરી આવકો | | 6,72,000 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાંનો નફો | | – |
| ઉમેરો : ચાલુ મિલકતોમાં ઘટાડો | | – |
| ચાલુ દેવાંમાં વધારો | | – |
| | | 6,72,000 |
| બાદ : ચાલુ મિલકતોમાં વધારો : | | |
| વેપારી લેણાંમાં વધારો | 1,60,000 | |
| સ્ટૉકમાં વધારો | 2,00,000 | |
| ચાલુ દેવાંમાં ઘટાડો : | | |
| વેપારી દેવાં | 40,000 | 4,00,000 |
| | | 2,72,000 |
| બાદ : કરવેરા ચૂકવ્યા | | 1,68,000 |
| | | 1,04,000 |
| (B) રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ : | | |
| સ્થિર મિલકતોનું વેચાણ | 40,000 | 40,000 |
| (C) નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ : | | 1,44,000 |
| ઈક્વિટી શૅરમૂડીમાં વધારો | 2,00,000 | |
| પ્રેફરન્સ શૅરમૂડીમાં વધારો | 2,00,000 | |
| 14 %ના ડિબેન્ચર બહાર પાડ્યા | 20,000 | |
| બૅન્ક ઑવરડ્રાફ્ટ (પરત) | (2,28,000) | |
| સૂચિત ડિવિડન્ડ | (2,00,000) | |
| ડિબેન્ચર વ્યાજ ચૂકવ્યું | (36,000) | (44,000) |
| (D) રોકડ અને રોકડ સમકક્ષ | | 1,00,000 |
| ઉમેરો : રોકડ અને રોકડ સમકક્ષની શરૂની બાકી | | 60,000 |
| રોકડ અને રોકડ સમકક્ષની આખરની બાકી | | 1,60,000 |

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) રોકડ પ્રવાહ પત્રકમાં કેટલી પ્રવૃત્તિઓ હોય છે ?
   (અ) પાંચ (બ) ચાર
   (ક) ત્રણ (ડ) બે

(2) રોકડ સમકક્ષની .........
   (અ) ઉચ્ચ પ્રવાહીતા હોય છે. (બ) ઉચ્ચ સધ્ધરતા હોય છે.
   (ક) ઉચ્ચ નફાકારકતા હોય છે. (ડ) ઉપરના બધા

(3) ચાલુ મિલકતોમાં ઘટાડો અને ચાલુ દેવાંમાં વધારો .......... .
   (અ) અનુક્રમે આવક રોકડ પ્રવાહ અને જાવક રોકડ પ્રવાહ દર્શાવે છે.
   (બ) અનુક્રમે જાવક રોકડ પ્રવાહ અને આવક રોકડ પ્રવાહ દર્શાવે છે.
   (ક) બંને આવક રોકડ પ્રવાહ દર્શાવે છે.
   (ડ) બંને જાવક રોકડ પ્રવાહ દર્શાવે છે.

(4) ચાલુ મિલકતોમાં વધારો અને ચાલુ દેવાંમાં ઘટાડો ......... .
   (અ) બંને જાવક રોકડ પ્રવાહ દર્શાવે છે.
   (બ) બંને આવક રોકડ પ્રવાહ દર્શાવે છે.
   (ક) અનુક્રમે જાવક રોકડ પ્રવાહ અને આવક રોકડ પ્રવાહ દર્શાવે છે.
   (ડ) અનુક્રમે આવક રોકડ પ્રવાહ અને જાવક રોકડ પ્રવાહ દર્શાવે છે.

(5) દેવાદારો અને લેણીહૂંડીની ઉઘરાણી ......... .
   (અ) કામગીરીનો આવક રોકડ પ્રવાહ છે.
   (બ) કામગીરીનો જાવક રોકડ પ્રવાહ છે.
   (ક) નાણાકીય પ્રવૃતિનો આવક રોકડ પ્રવાહ છે.
   (ડ) રોકાણની પ્રવૃત્તિનો આવક રોકડ પ્રવાહ છે.

(6) નીચેનામાંથી કયો વ્યવહાર હંમેશા કામગીરી પ્રવૃત્તિનો વ્યવહાર બને છે.
   (અ) લોનનું ચૂકવેલ વ્યાજ (બ) મળેલ ડિવિડન્ડ
   (ક) ચૂકવેલ ડિવિડન્ડ (ડ) પગારનો ખર્ચ

(7) રોકાણો પર મળેલ ડિવિડન્ડ કે વ્યાજની રકમ ......... .
   (અ) કામગીરીની પ્રવૃત્તિમાં રોકડ પ્રવાહમાં ઉમેરાય છે.
   (બ) નાણાકીય પ્રવૃત્તિમાં રોકડ પ્રવાહમાંથી બાદ થાય છે.
   (ક) રોકાણની પ્રવૃત્તિમાં રોકડ પ્રવાહમાં ઉમેરાય છે.
   (ડ) રોકાણની પ્રવૃત્તિમાં રોકડ પ્રવાહમાંથી બાદ થાય છે.

(8) બૅન્ક ઑવરડ્રાફ્ટ ......... .
   (અ) ચાલુ જવાબદારી છે પણ નાણાકીય પ્રવૃત્તિ ગણાય છે.
   (બ) ચાલુ જવાબદારી છે કામગીરી પ્રવૃત્તિ ગણાય છે.
   (ક) ચાલુ જવાબદારી છે પણ રોકાણની પ્રવૃત્તિ ગણાય છે.
   (ડ) રોકડ પ્રવાહ પત્રકની પ્રવૃત્તિ નથી.

(9) મળેલ ભાડું ......... .
   (અ) કામગીરીની પ્રવૃત્તિમાં ઉમેરાય છે અને નાણાકીય પ્રવૃત્તિમાંથી બાદ થાય છે.
   (બ) કામગીરીની પ્રવૃત્તિમાં ઉમેરાય છે અને નાણાકીય પ્રવૃત્તિમાં ઉમેરાય છે.
   (ક) કામગીરીની પ્રવૃત્તિમાં ઉમેરાય છે અને રોકાણની પ્રવૃત્તિમાં ઉમેરાય છે.
   (ડ) કામગીરીની પ્રવૃત્તિમાંથી બાદ થાય છે અને રોકાણની પ્રવૃત્તિમાં ઉમેરાય છે.

(10) ગયા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે પાઘડીની રકમ ઘટે, તો ......... .
(અ) પાઘડીનું વેચાણ કહેવાય (બ) પાઘડીની ખરીદી કહેવાય
(ક) પાઘડી માંડી વાળી કહેવાય (ડ) ઉપરના બધા

(11) રોકડ બૅન્કમાં ભરીએ તે ......... .
(અ) કામગીરીની પ્રવૃત્તિનો જાવક રોકડ પ્રવાહ છે.
(બ) નાણાકીય પ્રવૃત્તિનો જાવક રોકડ પ્રવાહ છે.
(ક) રોકાણની પ્રવૃત્તિનો જાવક રોકડ પ્રવાહ છે.
(ડ) રોકડ પ્રવાહ નથી.

(12) નીચેનામાંથી કોનો નાણાકીય ખર્ચમાં સમાવેશ થાય છે ?
(અ) કારખાનાના ખર્ચા (બ) વહીવટી ખર્ચા
(ક) વેચાણના ખર્ચા (ડ) વ્યાજનો ખર્ચ

(13) વચગાળાનું ડિવિડન્ડ ચૂકવાય, ત્યારે ......... .
(અ) કામગીરીના પત્રકમાંથી બાદ થાય અને નાણાકીય પ્રવૃત્તિઓમાં ઉમેરાય.
(બ) કામગીરીના પત્રકમાંથી બાદ થાય અને રોકાણની પ્રવૃત્તિઓમાં ઉમેરાય.
(ક) કામગીરીના પત્રકમાં ઉમેરાય અને નાણાકીય પ્રવૃત્તિઓમાંથી બાદ થાય.
(ડ) ઉપરના એકેય નહિ.

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) રોકડ પ્રવાહ એટલે શું ?
(2) રોકડ અને રોકડ સમકક્ષ એટલે શું ?
(3) રોકડ પ્રવાહ પત્રક એટલે શું ?
(4) કામગીરીની પ્રવૃત્તિઓ એટલે શું ?
(5) રોકાણની પ્રવૃત્તિઓ એટલે શું ?
(6) નાણાકીય પ્રવૃત્તિઓ એટલે શું ?
(7) કયા વ્યવહારો હંમેશાં કામગીરીની પ્રવૃત્તિઓ હોય છે ?
(8) કયા વ્યવહારો હંમેશાં રોકાણની પ્રવૃત્તિઓ હોય છે ?
(9) કયા વ્યવહારો હંમેશાં નાણાકીય પ્રવૃત્તિઓ હોય છે ?
(10) એક જ વ્યવહારમાંથી બે પ્રવૃત્તિઓ ઉદ્ભવતી હોય તેવા કોઈ એક વ્યવહારનું ઉદાહરણ આપો.
(11) 'રોકડ વ્યવહાર છે પણ રોકડ પ્રવાહ નથી' તેનું ઉદાહરણ આપો.
(12) સ્વનિર્મિત મિલકતો ક્યાં નોંધવામાં આવે છે ?
(13) બૅન્ક ઑવરડ્રાફ્ટમાં વધારો/ઘટાડો કઈ પ્રવૃત્તિમાં નોંધાય છે ?
(14) ચૂકવેલ બાંયધરી કમિશન કઈ પ્રવૃત્તિમાં ધ્યાનમાં લેવાય છે ?
(15) આવકવેરાની ચૂકવણી અને આવકવેરા રિફંડ કઈ પ્રવૃત્તિ ગણાય છે ? કેમ ?
(16) કોઈ પણ બે કામગીરી આવકનાં ઉદાહરણ આપો.
(17) સામાન્ય અનામતનો વધારો ક્યાં નોંધાય છે ?
(18) નીચેના વ્યવહારોથી રોકડ પ્રવાહ વધશે કે ઘટશે તે જણાવો :
(i) ચાલુ મિલકતો વધે (ii) ચાલુ મિલકતો ઘટે
(iii) ચાલુ દેવાં વધે (iv) ચાલુ દેવાં ઘટે
(19) મળેલ ડિવિડન્ડ અને વ્યાજ કઈ પ્રવૃત્તિમાં નોંધાય છે ?
(20) ચૂકવેલ વ્યાજ અને ડિવિડન્ડ કઈ પ્રવૃત્તિમાં નોંધાય છે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) નીચેની કંપનીઓની કામગીરી પ્રવૃત્તિઓ જણાવો :
(i) વેપાર કરતી કંપનીઓ (ii) વીમા કંપનીઓ (iii) બૅન્ક

(2) બિનનાણાકીય કંપનીઓ અને નાણાકીય કંપનીઓ માટે કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહના વ્યવહારો સમજાવો.

(3) નીચે આપેલા વ્યવહારોમાંથી કામગીરીની પ્રવૃત્તિઓના વ્યવહારો ઓળખો :

(i) મજૂરીના ચૂકવ્યા
(ii) મકાન ખરીદ્યું
(iii) ફર્નિચર વેચાણ
(iv) લેણદારોને ચૂકવ્યા
(v) ડિવિડન્ડ ચૂકવ્યું
(vi) ભાડું ચૂકવ્યું
(vii) ઑફિસના ખર્ચા ચૂકવ્યા
(viii) વેચાણ-વિતરણ ખર્ચા ચૂકવ્યા
(ix) ખરીદમાલ ગાડાભાડું
(x) વેચાણમાલ ગાડાભાડું
(xi) રૉયલ્ટી ચૂકવી
(xii) આવકવેરો ચૂકવ્યો

**4.** રોકાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહના વ્યવહારો સમજાવો.

**5.** નીચે આપેલા વ્યવહારોમાંથી રોકાણની પ્રવૃત્તિઓના વ્યવહારો ઓળખો :

(i) પગારના ચૂકવ્યા
(ii) ભાડું ચૂકવ્યું
(iii) રોકાણો ખરીદ્યાં
(iv) જમીન વેચી
(v) મકાન ખરીદ્યું
(vi) રોકાણો પર વ્યાજ મળ્યું
(vii) ફર્નિચર વેચ્યું
(viii) દેવાદારો પાસેથી ઉઘરાણી
(ix) લેણદારોને ચૂકવ્યા
(x) ઇક્વિટી શૅર બહાર પાડ્યા
(xi) ડિબેન્ચર પરત કર્યા
(xii) રોકાણો પર ડિવિડન્ડ મળ્યું

**6.** નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહના વ્યવહારો સમજાવો.

**7.** નીચે આપેલા વ્યવહારોમાંથી નાણાકીય પ્રવૃત્તિઓના વ્યવહારો ઓળખો :

(i) યંત્ર વેચાણ
(ii) પ્રેફરન્સ શૅરમૂડી પરત કરી
(iii) ડિવિડન્ડ ચૂકવ્યું
(iv) વ્યાજ ચૂકવ્યું
(v) ડિવિડન્ડ મળ્યું
(vi) બૅન્ક ઑવરડ્રાફ્ટ લીધો
(vii) રોકાણોની ખરીદી
(viii) નવા ઇક્વિટી શૅર બહાર પાડ્યા
(ix) વચગાળાનું ડિવિડન્ડ ચૂકવ્યું
(x) વ્યાજ મળ્યું
(xi) બૅન્ક લોન લીધી
(xii) કમિશન મળ્યું

**8.** બિનરોકડ વ્યવહારો એટલે શું ? બે ઉદાહરણો આપો.

**9.** બિનકામગીરી આવકો એટલે શું ? બે ઉદાહરણો આપો.

**10.** રોકડ પ્રવાહ પત્રકમાં વચગાળાના ડિવિડન્ડની અસર ક્યાં આપવામાં આવે છે ?

**11.** રોકડ પ્રવાહ પત્રકમાં કરવેરાની જોગવાઈ અને કરવેરાની ચૂકવણી અંગે અસર ક્યાં આપવામાં આવે છે ?

**12.** રોકડ પ્રવાહ પત્રકમાં બૉનસ શૅરની અસર સમજાવો.

**13.** ડિબેન્ચરનું શૅરમાં રૂપાંતર કરવામાં આવે ત્યારે તેની રોકડ પ્રવાહ પત્રકમાં અસર ક્યાં આપવામાં આવે છે ?

**14.** શૅર બાંયધરી કમિશનની ચૂકવણી કઈ પ્રવૃત્તિ ગણાય છે ? કેમ ?

**15.** નીચે આપેલા વ્યવહારોના આધારે કામગીરીમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો :

| **વિગત** | **(₹)** |
|---|---|
| આવકવેરા પહેલાંનો નફો | 99,000 |
| આવકવેરાની જોગવાઈ | 29,000 |
| સૂચિત ડિવિડન્ડ | 39,000 |
| ઘસારો | 22,000 |
| ડિવિડન્ડ મળ્યું | 21,000 |
| વ્યાજ મળ્યું | 20,000 |
| વ્યાજ ચૂકવ્યું | 28,000 |
| પાઘડી માંડી વાળી | 15,000 |
| મિલકત વેચાણ નફો | 12,000 |

**16.** નીચે આપેલા વિગતોના આધારે કામગીરી પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો :

| વિગત | 31-3-2017 (₹) | 31-3-2016 (₹) |
|---|---|---|
| નફા-નુકસાન ખાતું | 45,000 | 30,000 |
| ઘસારો | 90,000 | 70,000 |
| પાઘડી | 40,000 | 55,000 |
| સ્ટૉક | 60,000 | 45,000 |
| દેવાદારો | 50,000 | 90,000 |
| લેણદારો | 40,000 | 60,000 |
| દેવીહૂંડીઓ | 70,000 | 20,000 |
| અગાઉથી ચૂકવેલ ખર્ચાઓ | 10,000 | 15,000 |

**વધારાની માહિતી :**

(i) ડિવિડન્ડ મળ્યું ₹ 2000

(ii) વ્યાજ ચૂકવ્યું ₹ 3000

(iii) ભાડું મળ્યું ₹ 10,000

**17.** નીચે આપેલા વ્યવહારોના આધારે કામગીરીમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો :

| વિગત | 31-3-2017 (₹) | 31-3-2016 (₹) |
|---|---|---|
| નફા-નુકસાન ખાતું | 60,000 | 25,000 |
| સામાન્ય અનામત | 45,000 | 35,000 |
| કરવેરાની જોગવાઈ | 38,000 | 48,000 |
| ઘસારા ભંડોળ | 42,000 | 32,000 |
| પાઘડી | 27,000 | 38,000 |
| દેવાદારો | 49,000 | 39,000 |
| લેણદારો | 39,000 | 29,000 |
| ખર્ચા ચૂકવવાના બાકી | 12,000 | 17,000 |
| અગાઉથી ચૂકવેલ ખર્ચાઓ | 14,000 | 10,000 |

**વધારાની માહિતી :**

(i) મિલકત વેચાણનો નફો ₹ 15,000 (ii) ફર્નિચર વેચાણ નુકસાન₹ 8000

(iii) ભાડાની આવક ₹ 48,000 (iv) ડિબેન્ચર પર વ્યાજ ચૂકવ્યું₹ 32,000

(v) ડિવિડન્ડની ચૂકવણી ₹ 10,000

**18.** નીચે આપવામાં આવેલ માહિતીના આધારે રોકાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો :

| વિગત | (₹) |
|---|---|
| બિનચાલુ રોકાણોનું વેચાણ | 88,000 |
| જમીનની ખરીદી | 1,48,000 |
| યંત્રની ખરીદી | 98,000 |
| ફર્નિચર વેચાણ | 45,000 |
| રોકાણો પર ડિવિડન્ડ મળ્યું | 40,000 |
| પાઘડીના ચૂકવ્યા | 32,000 |
| શૅર બહાર પાડ્યા | 1,20,000 |
| ડિબેન્ચર પરત કર્યા | 45,000 |
| લોન લીધી | 28,000 |

**19.** નીચે આપેલી વિગતોના આધારે રોકાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો :

| વિગત | 31-3-2017 (₹) | 31-3-2016 (₹) |
|---|---|---|
| પ્લાન્ટ અને યંત્રો | 9,20,000 | 7,20,000 |
| પ્લાન્ટ અને યંત્રોનું ઘસારા ભંડોળ | 1,50,000 | 1,20,000 |
| પાઘડી | 90,000 | 95,000 |
| પેટન્ટ | 70,000 | 1,30,000 |
| 10 %નાં રોકાણો | 95,000 | 2,70,000 |
| સામાન્ય અનામત | 45,000 | 30,000 |
| નફા-નુકસાન ખાતું | 60,000 | 40,000 |
| ઇક્વિટી શૅરમૂડી | 6,00,000 | 4,50,000 |
| બૅન્ક લોન | 1,00,000 | 1,50,000 |
| ચાલુ જવાબદારીઓ | 90,000 | 60,000 |
| રોકાણો પર મળેલ વ્યાજ ₹ 18,000 | | |
| વર્ષ દરમિયાન અમુક પેટન્ટનું વેચાણ કર્યું છે. | | |

**20.** નીચે આપવામાં આવેલ માહિતીના આધારે નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો :

| વિગત | (₹) |
|---|---|
| જમીન ખરીદી | 1,88,000 |
| ઇક્વિટી શૅર બહાર પાડ્યા | 1,45,000 |
| પ્રેફરન્સ શૅર પરત કર્યા | 60,000 |
| ડિબેન્ચર પરત કર્યા | 70,000 |
| બૅન્ક લોન લીધી | 90,000 |
| ડિબેન્ચર વ્યાજ ચૂકવ્યું | 6000 |
| ડિવિડન્ડ ચૂકવ્યું | 8000 |
| ડિવિડન્ડ-વ્યાજ મળ્યું | 9000 |
| ફર્નિચર વેચાણ | 32,000 |
| યંત્ર ખરીદી | 68,000 |
| રોકાણો પર વ્યાજ મળ્યું | 13,000 |
| પેટન્ટના ચૂકવ્યા | 19,000 |

**21.** નીચે આપેલ માહિતીના આધારે નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો :

| વિગત | 31-3-2017 (₹) | 31-3-2016 (₹) |
|---|---|---|
| 10 %ના ડિબેન્ચર | 2,45,000 | 1,95,000 |
| ઇક્વિટી શૅરમૂડી | 3,45,000 | 2,50,000 |
| 12 %ના ડિબેન્ચર | 1,00,000 | 1,50,000 |
| પ્રેફરન્સ શૅરમૂડી | 80,000 | 1,00,000 |
| બૅન્ક ઑવરડ્રાફ્ટ | 45,000 | 68,000 |

**વધારાની માહિતી :**

(1) ડિબેન્ચર વ્યાજના ચૂકવ્યા ₹ 12,000

(2) ઇક્વિટી શૅર ડિવિડન્ડ અને પ્રેફરન્સ શૅર ડિવિડન્ડના ચૂકવ્યા ₹ 22,000

(3) બૅન્ક ઑવરડ્રાફ્ટનું વ્યાજ ચૂકવ્યું ₹ 4000

●

# જવાબો
# (Answers)

**સ્વાધ્યાય 1**

1. **દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**
   (1) (ક) (2) (બ) (3) (અ) (4) (ક) (5) (ડ) (6) (ડ) (7) (બ)
   (8) (ક) (9) (અ) (10) (ક)

5. શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 22,50,000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 30,00,000; શૅર પ્રથમ અને છેલ્લા હપ્તા વખતે મળેલ રકમ ₹ 22,50,000.

6. શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 14,40,000; નામંજૂર કરેલા શૅર પર પરત કરેલ રકમ ₹ 2,40,000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 9,00,000; શૅર આખરી હપ્તા વખતે મળેલ રકમ ₹ 8,94,000; મળવાના બાકી હપ્તાની રકમ ₹ 6000

7. શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 33,75,000; અરજીની રકમ શૅરમૂડી ખાતે લઈ ગયા ₹ 30,00,000 જ્યારે અરજદારોને પરત કરેલ રકમ ₹ 3,75,000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 30,00,000; શૅર પ્રથમ હપ્તા વખતે મળેલ રકમ ₹ 23,98,080; શૅર બીજા હપ્તા વખતે મળેલ રકમ ₹ 35,93,520; બાકી હપ્તાની પછીથી મળેલ રકમ ₹ 8400 (1920 + 6480)

8. શૅરઅરજી વખતે અગાઉથી મળેલ હપ્તા સાથેની કુલ મળેલ રકમ ₹ 17,39,000; અરજી વખતે અગાઉથી મળેલ મંજૂરીની રકમ ₹ 8000 અને અગાઉથી મળેલ હપ્તાની રકમ ₹ 6000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 19,99,500 (₹ 20,00,000 બાદ અગાઉથી અરજી વખતે મળેલ મંજૂરીની રકમ ₹ 8000 ઉમેરો મંજૂરી વખતે મળેલ હપ્તાની રકમ ₹ 7500); શૅર પ્રથમ અને છેલ્લા હપ્તા વખતે મળેલ રકમ ₹ 14,86,500 (₹ 15,00,000 – ₹ 7500 – ₹ 6000)

9. શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 14,00,000; અરજદારોને પરત કરેલ રકમ ₹ 2,00,000; મંજૂરી વખતે મળેલ રકમ ₹ 23,76,000; શૅર આખરી હપ્તા વખતે મળેલ રકમ ₹ 8,91,000.

10. શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 1,38,00,000; અરજદારોને પરત કરેલ રકમ ₹ 46,00,000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 1,35,83,000 (₹ 1,36,00,000 બાદ ₹ 17,000 હિંમતભાઈના); શૅર છેલ્લા હપ્તા વખતે મળેલ રકમ ₹ 51,89,600 (₹ 52,00,000 બાદ ₹ 6500 હિંમતભાઈના અને ₹ 3900 હિમાના).

11. શૅરઅરજી વખતે જામીનગીરી પ્રીમિયમની કુલ રકમ ₹ 27,00,000;
    શૅરમંજૂરી વખતે જામીનગીરી પ્રીમિયમની કુલ રકમ ₹ 45,00,000;
    શૅરઅરજી વખતે મળેલ કુલ રકમ ₹ 45,00,000;
    શૅરમંજૂરી વખતે મળેલ કુલ રકમ ₹ 62,91,600 (₹ 63,00,000 બાદ ₹ 8400 અબ્દુલના);
    શૅર પ્રથમ અને આખરી હપ્તા ખાતે મળેલ કુલ રકમ ₹ 8,98,000 (₹ 9,00,000 બાદ ₹ 1200 અબ્દુલના અને ₹ 800 હારૂનના)

12. (i) શૅર જપ્ત કરતી વખતે શૅરજપ્તી ખાતે જમા ₹ 2400; જપ્ત કરેલા શૅર ફરીથી બહાર પાડતાં શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 1600; શૅરજપ્તીની જમા બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા ₹ 800.
    (ii) શૅર જપ્ત કરતી વખતે શૅરજપ્તી ખાતે જમા ₹ 3000, જપ્ત કરેલા 600 શૅરમાંથી 400 શૅર ફરીથી બહાર પાડતા શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 1600; શૅરજપ્તીની પ્રમાણસર જમા બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા ₹ 400.
    (iii) શૅર જપ્ત કરતી વખતે શૅરજપ્તી ખાતે જમા ₹ 18,000, જપ્ત કરેલા શૅર ફરીથી બહાર પાડતા શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 9000; શૅરજપ્તી જમા બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા ₹ 9000.

13. (i) શૅર જપ્ત કરતી વખતે જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉધાર ₹ 12,000 અને શૅરજપ્તી ખાતે જમા ₹ 3600; જપ્ત કરેલા શૅર ફરીથી બહાર પાડતાં બૅન્ક ખાતે ઉધાર ₹ 8400 અને શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 3600; શૅરજપ્તીની જમા બાકી રહેશે નહિ.

(ii) શૅર જપ્ત કરતાં શૅરમૂડી ખાતે ₹ 4500 (600 × ₹ 7.50) ઉધાર થશે જ્યારે શૅરજપ્તી ખાતે ₹ 3300 જમા થશે. જપ્ત કરેલા શૅર ફરીથી બહાર પાડતાં શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 2400 થશે. શૅરજપ્તીની જમા બાકી ₹ 900 મૂડી અનામત ખાતે લઈ જવાશે.

(iii) શૅર જપ્ત કરતાં શૅરમૂડી ખાતે ₹ 24,000 (400 × ₹ 60) અને જામીનગીરી પ્રીમિયમ ખાતે ₹ 8000 (400 × ₹ 20) ઉધાર થશે, જ્યારે શૅરજપ્તી ખાતે ₹ 12,000 જમા થશે. જપ્ત કરેલા શૅર ફરીથી બહાર પાડતાં શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 4000 જ્યારે અગાઉથી મળેલ હપ્તા ખાતે ₹ 16,000 જમા થશે. શૅરજપ્તીની જમા બાકી ₹ 8000 મૂડી અનામત ખાતે લઈ જવાશે.

**14.** શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 44,10,000; અરજદારોને પરત કરેલ રકમ ₹ 8,10,000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 47,92,000 (₹ 48,00,000 બાદ ₹ 8000 આકાશના); શૅર પ્રથમ અને આખરી હપ્તા વખતે મળેલ રકમ ₹ 35,90,400 (₹ 36,00,000 બાદ ₹ 6000 આકાશના અને ₹ 3600 સનીના); શૅર જપ્ત કરતાં શૅરજપ્તી ખાતે જમા ₹ 14,400; જપ્ત કરેલા શૅર ફરીથી બહાર પાડતાં શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 9600; શૅરજપ્તીની જમા બાકી ₹ 4800 મૂડી અનામત ખાતે લઈ ગયા તેના.

**15.** શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 91,20,000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 66,64,000; શૅર આખરી હપ્તા વખતે મળેલ રકમ ₹ 33,32,000; શૅર જપ્ત કરતાં જામીનગીરી પ્રીમિયમ ખાતે ₹ 70,000 ઉધાર થશે જ્યારે શૅરજપ્તી ખાતે ₹ 6000 જમા થશે. જપ્ત થયેલા શૅર ફરીથી બહાર પાડતાં મળેલ પ્રીમિયમ સાથેની રકમ ₹ 28,000; શૅરજપ્તીની જમા બાકી ₹ 6000 મૂડી અનામત ખાતે લઈ જવાશે.

**16.** શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 1,04,00,000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 1,83,65,500 (₹ 1,84,00,000 – ₹ 34,500 વિપુલના); વિપુલના 1500 શૅર જપ્ત કરતાં જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉધાર ₹ 30,000 અને શૅરમૂડી ખાતે ઉધાર ₹ 9000 જ્યારે શૅરજપ્તી ખાતે જમા ₹ 4500 અને શૅરમંજૂરી ખાતે જમા ₹ 34,500; જપ્ત થયેલા શૅર ફરીથી બહાર પાડતાં શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 1500; શૅરજપ્તીની બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા ₹ 3000; શૅર આખરી હપ્તા ખાતે મળેલ રકમ ₹ 31,98,000 (₹ 32,00,000 બાદ ₹ 2000 હેમાના); હેમાના 500 શૅર જપ્ત થતાં શૅરજપ્તી ખાતે જમા ₹ 3000 અને જપ્ત કરેલા શૅર ફરીથી બહાર પાડતાં શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 3000. શૅરજપ્તી ખાતાની બાકી રહેશે નહિ.

**17.** શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 90,00,000; નામંજૂર થયેલા શૅરનાં નાણાં અરજદારોને પરત ₹ 30,00,000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 23,76,000 (₹ 24,00,000 બાદ ₹ 24,000 સિદ્ધરાજના); સિદ્ધરાજના 6000 શૅર જપ્ત કરતાં શૅરજપ્તી ખાતે જમા ₹ 18,000; શૅર આખરી હપ્તા વખતે મળેલ રકમ ₹ 17,70,000 (₹ 17,82,000 બાદ ₹ 12,000 જયસિંહના); જયસિંહના 4000 શૅર જપ્ત કરતાં શૅરજપ્તી ખાતે જમા ₹ 28,000; જપ્ત થયેલા 6000 શૅર ફરીથી બહાર પાડતાં શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 18,000 અને જપ્ત થયેલા 4000 શૅર ફરીથી બહાર પાડતાં શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 16,000; શૅરજપ્તી જમા બાકી ₹ 12,000 મૂડી અનામત ખાતે લઈ ગયા.

**18.** શૅરઅરજી વખતે મળેલ કુલ રકમ ₹ 36,00,000; શૅરમંજૂરી વખતે મળેલ કુલ રકમ ₹ 27,00,000; શૅર પ્રથમ હપ્તા વખતે મળેલ કુલ રકમ ₹ 26,10,000; શૅર આખરી હપ્તા વખતે મળેલ કુલ રકમ ₹ 26,10,000; 4000 શૅર જપ્ત કરતાં જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉધાર ₹ 1,60,000 અને શૅરજપ્તી ખાતે જમા ₹ 20,000. જપ્ત થયેલા શૅર ફરીથી બહાર પાડતાં મળેલ રકમ ₹ 3,20,000. શૅરજપ્તીની બાકી ₹ 20,000 મૂડી અનામત ખાતે લઈ ગયા.

**19.** શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 5,40,000; શૅરઅરજીની રકમમાંથી શૅરમૂડી ખાતે લઈ ગયા ₹ 3,60,000; શૅરમંજૂરી ખાતે (વધારાનાં નાણાં) લઈ ગયા ₹ 72,000 અને નહિ મંજૂર કરેલા 36,000 શૅર પરની રકમ બૅન્ક ખાતે લઈ ગયા ₹ 1,08,000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 2,88,000 (₹ 3,60,000 બાદ ₹ 72,000); શૅર આખરી હપ્તા વખતે મળેલ રકમ ₹ 4,80,000.

**20.** શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 18,60,000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 10,80,000, પ્રથમ હપ્તા વખતે મળેલ રકમ ₹ 9,00,000; શૅર આખરી હપ્તા વખતે મળેલ રકમ ₹ 8,98,000; મહેશનાં 1000 શૅર જપ્ત કરતાં શૅરજપ્તી ખાતે જમા ₹ 8000. જપ્ત થયેલા શૅર ફરીથી બહાર પાડતા શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 5000. શૅરજપ્તી ખાતાની બાકી ₹ 3000 મૂડી અનામત ખાતે લઈ ગયા.

**21.** શૅરઅરજી વખતે મળેલ નાણાં ₹ 84,00,000; નામંજૂર કરેલા શૅર પર અરજદારોને પરત કરેલ રકમ ₹ 48,00,000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 30,00,000 (₹ 42,00,000 – ₹ 12,00,000 અરજી વખતે મળેલ વધારાનાં નાણાં, શૅરમંજૂરી ખાતે લઈ ગયા હતા તેના); શૅર પ્રથમ અને આખરી હપ્તા વખતે મળેલ રકમ ₹ 18,00,000.

**22.** શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 47,93,25,000; શૅરઅરજી અને શૅરમંજૂરીની કુલ રકમ ₹ 69,72,00,000 શૅરઅરજી અને મંજૂરી ખાતે ઉધાર કરવામાં આવશે. 1,50,000 શૅર પરનાં નાણાં શૅર દીઠ ₹ 290.50 લેખે કુલ ₹ 4,35,75,000 પરત કરવામાં આવશે; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 26,14,50,000 (મંજૂરી વખતે મંગાવેલ રકમ ₹ 34,86,00,000 બાદ અગાઉથી મળેલ મંજૂરીની રકમ ₹ 8,71,50,000)

**23.** અરજી વખતે મળેલ રકમ ₹ 56,25,000; શૅરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 15,00,000; શૅર આખરી હપ્તા વખતે મળેલ રકમ ₹ 22,27,500; વિશાલના 7500 શૅર જપ્ત કરતાં શૅરજપ્તી ખાતે જમા ₹ 52,500; જપ્ત કરેલા શૅર ફરી બહાર પાડતાં શૅરજપ્તી ખાતે ઉધાર ₹ 7500; શૅરજપ્તી ખાતાની જમા બાકી ₹ 45,000 મૂડી અનામત ખાતે લઈ ગયા.

**24.** શૅરઅરજી વખતે મળેલ રકમ ₹ 2,16,75,000; શૅર પ્રથમ અને આખરી હપ્તા ખાતે મળેલ રકમ ₹ 25,00,000 (હપ્તા વખતે મંગાવેલ રકમ ₹ 67,50,000 બાદ ₹ 42,50,000

## સ્વાધ્યાય 2

**1.** **દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (ક) (2) (બ) (3) (ડ) (4) (અ) (5) (ક) (6) (ડ) (7) (બ)
(8) (બ) (9) (ક) (10) (બ)

**4.** ડિબેન્ચરઅરજી વખતે નાણાં મળ્યાં ₹ 4,50,000
ડિબેન્ચરમંજૂરી વખતે નાણાં મળ્યાં ₹ 5,40,000
ડિબેન્ચર હપ્તા વખતે નાણાં મળ્યાં ₹ 3,00,000

**5.** ડિબેન્ચરઅરજી વખતે મળેલ રકમ ₹ 18,00,000
ડિબેન્ચરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 18,00,000
ડિબેન્ચર આખરી હપ્તા વખતે મળેલ રકમ ₹ 12,00,000
જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે ₹ 12,00,000

**6.** ડિબેન્ચરઅરજી વખતે મળેલ રકમ ₹ 3,75,000
મંજૂરી વખતે ડિબેન્ચર વટાવ ₹ 3,00,000
ડિબેન્ચરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 5,25,000
ડિબેન્ચર હપ્તા વખતે મળેલ રકમ ₹ 2,84,000

**7.** ડિબેન્ચરઅરજી વખતે મળેલ રકમ ₹ 10,50,000
ડિબેન્ચરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 12,09,000
મંજૂરી વખતે અગાઉથી મળેલ હપ્તા ખાતે ₹ 25,000 અને નહિ ભરેલ મંજૂરીની રકમ ₹ 16,000
આખરી હપ્તા વખતે મળેલ રકમ ₹ 7,15,000

**8.** ડિબેન્ચરઅરજી વખતે મળેલ રકમ ₹ 1,50,00,000
ડિબેન્ચરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 1,14,00,000
ડિબેન્ચરમંજૂરી વખતે મંગાવેલ રકમ ₹ 1,44,00,000 બાદ અરજી વખતે મળેલ મંજૂરી પેટે રકમ ₹ 30,00,000

**9.** ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે જમા ₹ 72,00,000;
ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે મળેલ રકમ ₹ 72,00,000માંથી ડિબેન્ચર ખાતે ₹ 50,00,000,
જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે ₹ 10,00,000 અને બૅન્ક ખાતે ₹ 12,00,000 લઈ ગયા

**10.** ડિબેન્ચરઅરજી વખતે મળેલ રકમ ₹ 3,15,000
ડિબેન્ચરમંજૂરી વખતે મળેલ રકમ ₹ 2,80,000
ડિબેન્ચર છેલ્લા હપ્તા વખતે મળેલ રકમ ₹ 2,00,000
ડિબેન્ચર બહાર પાડવાના ખર્ચ ખાતે ઉધાર ₹ 22,000
નફા અને નુકસાનના પત્રક ખાતે ઉધાર ₹ 20,400 તે ડિબેન્ચર વટાવ ખાતે જમા ₹ 16,000 અને ડિબેન્ચર બહાર પાડવાના ખર્ચ ખાતે જમા ₹ 4400

**11.** શિખર મશીનરી લિ. ને ₹ 15,00,000 પેટે ₹ 15,80,000ના 9 ટકાના ડિબેન્ચર આપતાં, ડિબેન્ચર વટાવ ખાતે ઉધાર ₹ 80,000 થશે. જ્યારે શિખર મશીનરી લિ.ને ₹ 15,00,000 પેટે ₹ 14,10,00ના 9 ટકાના ડિબેન્ચર આપતાં, જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે ₹ 90,000 જમા થશે.

**12.** ચોખ્ખી મિલકત ₹ 14,20,000, ખરીદકિંમત ₹ 15,36,000, પાઘડી ₹ 1,16,000; ખરીદકિંમતની ચૂકવણી પેટે 11 ટકાના ડિબેન્ચર ખાતે ₹ 12,80,000 અને જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે ₹ 2,56,000

**13.** (1) અહીં બે આમનોંધ થશે :

(i) બૅન્ક ખાતે ઉધાર ₹ 5,50,000, તે બૅન્ક લોન ખાતે જમા ₹ 5,50,000

(ii) ડિબેન્ચર ઉપલક ખાતે ઉધાર ₹ 5,00,000, તે 10.5 ટકાના ડિબેન્ચર ખાતે જમા ₹ 5,00,000.

(2) ફક્ત એક જ આમનોંધ થશે. બૅન્ક ખાતે ઉધાર ₹ 5,50,000, તે બૅન્ક લોન ખાતે જમા ₹ 5,50,000

**14.** ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે મળેલ રકમ ₹ 18,00,000. તા. 30-9-2017 અને તા. 31-3-2018ના રોજ વ્યાજની આમનોંધ :

ડિબેન્ચર પરના વ્યાજ ખાતે ઉ. 1,08,000, તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે ₹ 86,400, તે ચૂકવવાપાત્ર મૂળસ્થાનેથી કપાયેલ વેરા ખાતે ₹ 21,600

વર્ષના અંતે ડિબેન્ચર પરનું કુલ વ્યાજ મહેસૂલી ખર્ચ ગણતાં : નફા અને નુકસાનના પત્રક ખાતે ઉધાર ₹ 2,16,000, તે ડિબેન્ચર પરના વ્યાજ ખાતે જમા ₹ 2,16,000

**15.** (1) ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે મળેલ રકમ ₹ 8,50,000

(2) ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે મળેલ રકમ ₹ 8,55,000, ડિબેન્ચર વટાવ ખાતે ઉધાર ₹ 95,000 થશે

(3) ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે મળેલ રકમ ₹ 17,60,000. જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે જમા થશે ₹ 1,60,000

**16.** ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે મળેલ રકમ ₹ 12,00,000; ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે ₹ 1,80,000 ઉધાર થશે જ્યારે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે ₹ 1,80,000 જમા થશે. ડિબેન્ચરહોલ્ડર્સને કુલ પરત રકમ ₹ 13,80,000

**17.** ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે મળેલ રકમ ₹ 19,00,000; ડિબેન્ચર વટાવ ખાતે ₹ 1,00,000 અને ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે ₹ 2,00,000 ઉધાર થશે જ્યારે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે ₹ 2,00,000 જમા થશે. ડિબેન્ચર-હોલ્ડર્સને કુલ પરત રકમ ₹ 22,00,000

**18.** ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે મળેલ રકમ ₹ 44,10,000; ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે ઉધાર ₹ 4,20,000 થશે, જ્યારે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે ₹ 2,10,000 અને ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે ₹ 4,20,000 જમા થશે. ડિબેન્ચરહોલ્ડર્સને કુલ પરત રકમ ₹ 46,20,000

**19.** ડિબેન્ચરઅરજી વખતે મળેલ કુલ રકમ ₹ 25,00,000; ડિબેન્ચરમંજૂરી વખતે મળેલ કુલ રકમ ₹ 55,00,000; ડિબેન્ચર પરતના પ્રીમિયમ ખાતે ₹ 9,60,000 જમા થશે.

**20.** ડિબેન્ચરઅરજી વખતે મળેલ કુલ રકમ ₹ 9,60,000; ડિબેન્ચરમંજૂરી વખતે મળેલ કુલ રકમ ₹ 4,80,000, ડિબેન્ચર વટાવ ખાતે ઉધાર ₹ 1,60,000 થશે જ્યારે ડિબેન્ચર પરતના પ્રીમિયમ ખાતે ₹ 1,28,000 જમા થશે

**21.** ડિબેન્ચરઅરજી અને મંજૂરી વખતે મળેલ રકમ ₹ 17,60,000; ડિબેન્ચર પરત રોકાણ ખાતે ઉધાર ₹ 2,40,000 (16,00,000ના 15 ટકા); ડિબેન્ચર પરત અનામત ખાતે જમા ₹ 4,00,000 (16,00,000ના 25 ટકા); ડિબેન્ચરહોલ્ડર્સને ડિબેન્ચર પરતના ચૂકવ્યા; ₹ 16,00,000; ડિબેન્ચર પરત અનામત ખાતાની બાકી ₹ 4,00,000 સામાન્ય અનામત ખાતે લઈ ગયા.

**22.** ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે મળેલ રકમ ₹ 21,20,000; જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે ₹ 1,20,000 અને ડિબેન્ચર પરતના પ્રીમિયમ ખાતે 2,00,000 જમા થશે. ડિબેન્ચર પરતના રોકાણ પેટે ₹ 3,00,000; ડિબેન્ચર પરતના રોકાણ પર મળેલ વ્યાજ ₹ 19,250; ડિબેન્ચર પરતના અનામત ખાતે ₹ 5,00,000 લઈ જવા પડશે, જે વર્ષના અંતે સામાન્ય અનામત ખાતે લઈ જવામાં આવશે. મળેલ વ્યાજની રકમ નફા અને નુકસાનના પત્રક ખાતે જમા કરવામાં આવશે. ડિબેન્ચરહોલ્ડર્સને ડિબેન્ચર પેટે પરત કરેલ કુલ રકમ ₹ 22,00,000

**23.** ડિબેન્ચર પરત રોકાણ ખાતે ₹ 4,50,000; ડિબેન્ચર પરત અનામત ખાતે ₹ 30,00,000; ડિબેન્ચરહોલ્ડર્સને ડિબેન્ચર પેટે પરત કરેલ કુલ રકમ ₹ 33,60,000

ડિબેન્ચર પરત અનામત ખાતાની બાકી ₹ 30,00,000 સામાન્ય અનામત ખાતે લઈ ગયા

**24.** ડિબેન્ચર પરત અનામત ખાતે ₹ 13,00,000 નફા અને નુકસાનના પત્રકના વધારા ખાતેથી લાવ્યા. ડિબેન્ચર પરત માટે રોકાણ કર્યું ₹ 3,60,000. ડિબેન્ચરહોલ્ડર્સને ડિબેન્ચર પરત પેટે ચૂકવણી ₹ 25,92,000, ડિબેન્ચર પરત અનામત ખાતાની બાકી ₹ 24,00,000 સામાન્ય અનામત ખાતે લઈ ગયા

**25.** પોતાના ડિબેન્ચર ખરીદ્યા ₹ 1,44,000; ડિબેન્ચર પરત કરતાં થયેલ નફો ₹ 6000.

**26.** પોતાના ડિબેન્ચર ખરીદ્યા ₹ 24,90,000; ડિબેન્ચર પરતના નુકસાન ખાતે ₹ 90,000.

**27.** ડિબેન્ચરઅરજી અને મંજૂરી પેટે મળેલ રકમ ₹ 18,00,000; પોતાના ડિબેન્ચરમાં રોકાણ ₹ 7,00,000; રોકાણ વેચતાં થયેલ નફો ₹ 75,000 જે નફા અને નુકસાનના પત્રક ખાતે જમા કર્યો.

**28.** ડિબેન્ચરઅરજી અને મંજૂરી પેટે મળેલ રકમ ₹ 48,00,000; ડિબેન્ચરહોલ્ડર્સને ₹ 48,00,000ના ડિબેન્ચરની સામે 3,20,000 ઇક્વિટી શૅર, શૅર દીઠ ₹ 10ની મૂળકિંમતના, ₹ 5ના પ્રીમિયમથી આપ્યા.

**29.** ડિબેન્ચરહોલ્ડર્સને પરત કરવાની કુલ રકમ ₹ 8,48,000 જેમાં ડિબેન્ચર પરત પ્રીમિયમ પેટે ₹ 48,000. 3315 ડિબેન્ચર-હોલ્ડર્સને શૅરદીઠ ₹ 130 લેખે 2703 પ્રેફરન્સ શૅર, 3600 ડિબેન્ચરહોલ્ડર્સને ડિબેન્ચર દીઠ ₹ 96 લેખે 7 ટકાના નવા 3975 ડિબેન્ચર અને 1085 ડિબેન્ચરહોલ્ડર્સને રોકડ આપવાની થશે.

## સ્વાધ્યાય 3

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (ડ) (2) (બ) (3) (ક) (4) (ડ) (5) (બ) (6) (ડ) (7) (ડ) (8) (ડ) (9) (ક)

**3.**

| ક્રમ | વિગત | પાકા સરવૈયાનું શીર્ષક | મુખ્ય શીર્ષક | પેટા શીર્ષક |
|---|---|---|---|---|
| 1. | લેણદારો | ઇક્વિટી-જવાબદારીઓ | ચાલુ જવાબદારી | વેપારી દેવાં |
| 2. | જામીનગીરી પ્રીમિયમ | ઇક્વિટી-જવાબદારીઓ | શૅરહોલ્ડરોના ભંડોળો | અનામત-વધારો |
| 3. | બૉન્ડ | ઇક્વિટી-જવાબદારીઓ | બિન-ચાલુ જવાબદારીઓ | લાંબાગાળાનાં ઉછીના નાણાં |
| 4. | પાઘડી | મિલકતો | બિન-ચાલુ મિલકતો | કાયમી મિલકતો - અદૃશ્ય |
| 5. | બૅન્ક ઓવરડ્રાફ્ટ | ઇક્વિટી-જવાબદારીઓ | ચાલુ જવાબદારી | ટૂંકાગાળાનાં ઉછીનાં |
| 6. | લેણીહૂંડી | મિલકતો | ચાલુ મિલકતો | વેપારી લેણાં |
| 7. | ઇક્વિટી શૅરમૂડી | ઇક્વિટી-જવાબદારીઓ | શૅરહોલ્ડરોના ભંડોળો | શૅરમૂડી |
| 8. | કૉપીરાઇટ | મિલકતો | બિન-ચાલુ મિલકતો | કાયમી મિલકતો - અદૃશ્ય |
| 9. | ડિબેન્ચર વટાવ (આવતા વર્ષે માંડી વાળવાનો) | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |
| 10. | અગાઉથી મળેલ હપ્તા | ઇક્વિટી-જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારીઓ |
| 11. | રોકડ | મિલકતો | ચાલુ મિલકતો | રોકડ અને રોકડ સમકક્ષ |
| 12. | પ્રોવિડન્ટ ફંડ | ઇક્વિટી-જવાબદારીઓ | બિન-ચાલુ જવાબદારીઓ | લાંબાગાળાની જવાબદારીઓ |
| 13. | ડિબેન્ચર | ઇક્વિટી-જવાબદારીઓ | બિન-ચાલુ જવાબદારીઓ | લાંબાગાળાનાં ઉછીનાં નાણાં |
| 14. | ટ્રેડમાર્ક | મિલકતો | બિન-ચાલુ મિલકતો | કાયમી મિલકતો - અદૃશ્ય |
| 15. | છૂટા ભાગો | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| 16. | લોન (આવતા વર્ષે ચૂકવવા પાત્ર) | ઇક્વિટી-જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારી |
| 17. | દેવીહૂંડી | ઇક્વિટી-જવાબદારીઓ | ચાલુ જવાબદારી | વેપારી દેવાં |
| 18. | સામાન્ય અનામત | ઇક્વિટી-જવાબદારીઓ | શૅરહોલ્ડરોના ભંડોળો | અનામત-વધારો |

| ક્રમ | વિગત | પાકા સરવૈયાનું શીર્ષક | મુખ્ય શીર્ષક | પેટા શીર્ષક |
|---|---|---|---|---|
| 19. | જાહેર થાપણ | ઈક્વિટી-જવાબદારીઓ | બિન-ચાલુ જવાબદારીઓ | લાંબાગાળાનાં ઉછીનાં નાણાં |
| 20. | દેવાદારો | મિલકતો | ચાલુ મિલકતો | વેપારી લેણાં |
| 21. | પેટન્ટ | મિલકતો | બિન-ચાલુ મિલકતો | કાયમી મિલકતો - અદૃશ્ય |
| 22. | બાકી હપ્તા | ઈક્વિટી-જવાબદારીઓ | શૅરહોલ્ડરોના ભંડોળો | શૅરમૂડીમાંથી બાદ |
| 23. | ડિબેન્ચર પરતનિધિના રોકાણો | મિલકતો | બિન-ચાલુ મિલકતો | બિન-ચાલુ રોકાણો |
| 24. | સ્ટોર્સ અને છૂટા ભાગો | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| 25. | લાયસન્સ | મિલકતો | બિન-ચાલુ મિલકતો | કાયમી મિલકતો - અદૃશ્ય |
| 26. | આખરસ્ટૉક | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| 27. | બૅન્કસિલક | મિલકતો | ચાલુ મિલકતો | રોકડ અને રોકડ સમકક્ષ |
| 28. | નફા-નુકસાન ખાતાનો વધારો | ઈક્વિટી-જવાબદારીઓ | શૅરહોલ્ડરોના ભંડોળો | અનામત-વધારો |
| 29. | વીજળી કંપનીમાં ડિપોઝીટ | મિલકતો | બિન-ચાલુ મિલકતો | લાંબાગાળાની લોન અને ધિરાણ |
| 30. | પ્રેફરન્સ શૅર પરત પ્રીમિયમ | ઈક્વિટી-જવાબદારીઓ | બિન-ચાલુ જવાબદારીઓ | અન્ય લાંબાગાળાની જવાબદારીઓ |

**4.** બિનચાલુ મિલકતો ₹ 7,46,000, ચાલુ મિલકતો ₹ 1,11,000, કુલ સરવાળો ₹ 8,57,000

**5.** શૅરહોલ્ડરોનાં ભંડોળો ₹ 7,20,000, બિનચાલુ જવાબદારીઓ ₹ 7,01,000, ચાલુ જવાબદારીઓ ₹ 1,79,000, કુલ સરવાળો ₹ 16,00,000

**6.** શૅરહોલ્ડરોનાં ભંડોળો ₹ 15,30,000, બિનચાલુ જવાબદારીઓ ₹ 2,25,000, ચાલુ જવાબદારીઓ ₹ 6,90,000, બિનચાલુ મિલકતો ₹ 17,32,500, ચાલુ મિલકતો ₹ 7,12,500, કુલ સરવાળો ₹ 24,45,000

**7.**

| વિગત | નફા-નુકસાનના પત્રકનું શીર્ષક |
|---|---|
| (1) વેચાણ | કામગીરીમાંથી ઉપજ |
| (2) પગાર | કર્મચારીઓને લગતા ખર્ચા |
| (3) ઘસારો | ઘસારો અને માંડી વાળેલ ખર્ચા |
| (4) મળેલ ડિબેન્ચર વ્યાજ | અન્ય ઉપજ |
| (5) ચૂકવેલ ડિબેન્ચર વ્યાજ | નાણાકીય પડતર |
| (6) ઑડિટ ફી | અન્ય ખર્ચા |
| (7) ભંગારની ઉપજ | અન્ય ઉપજ |
| (8) મિલકત વેચાણનો નફો | અન્ય ઉપજ |
| (9) જાહેરાત ખર્ચ | અન્ય ખર્ચા |
| (10) પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | કર્મચારીઓને લગતા ખર્ચા |
| (11) બૅન્ક ઓવરડ્રાફ્ટનું વ્યાજ | નાણાકીય પડતર |
| (12) બૅન્ક ચાર્જિસ | અન્ય ખર્ચા |
| (13) પાઘડી | નફા-નુકસાનના પત્રકમાં દર્શાવાશે નહિ. |
| (14) કર્મચારીઓને બોનસ | કર્મચારીને લગતા ખર્ચા |
| (15) માંડી વાળેલ ડિબેન્ચર વટાવ | ઘસારો અને માંડી વાળેલ ખર્ચા |

**8.** કુલ ઉપજ ₹ 3,91,500, કુલ ખર્ચા ₹ 3,86,100, આવકવેરા બાદ નફો ₹ 3780

**9.** કુલ ઉપજ ₹ 9,75,600, કુલ ખર્ચા ₹ 7,80,000, આવકવેરા બાદ નફો ₹ 97,800, શૅરહોલ્ડરોનાં ભંડોળો ₹ 3,37,800, બિનચાલુ જવાબદારીઓ ₹ 1,20,000, ચાલુ જવાબદારીઓ ₹ 1,12,200, બિનચાલુ મિલકતો ₹ 3,48,000, ચાલુ મિલકતો ₹ 2,22,000, કુલ સરવાળો ₹ 5,70,000

**10.** કુલ ઉપજ ₹ 11,55,000, કુલ ખર્ચા ₹ 8,55,000, નફો ₹ 3,00,000, માલિકીનાં ભંડોળો ₹ 11,10,000, બિનચાલુ જવાબદારીઓ ₹ 5,25,000, ચાલુ જવાબદારીઓ ₹ 90,000, બિનચાલુ મિલકતો ₹ 14,10,000, ચાલુ મિલકતો ₹ 3,15,000, કુલ સરવાળો ₹ 17,25,000

## સ્વાધ્યાય 4

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (અ) (2) (ડ) (3) (ડ) (4) (ક) (5) (બ)

**4.**

| વિગત | વધારો / ઘટાડો (₹ માં) | વધારો / ઘટાડો (% માં) |
|---|---|---|
| (I) વેચાણની ઊપજો | 11,00,000 | 50.00 |
| (II) અન્ય આવકો | 75,000 | 50.00 |
| (III) કુલ આવકો | 11,75,000 | 50.00 |
| (IV) ખર્ચાઓ | 8,36,000 | 54.29 |
| (V) આવકવેરા પહેલાનો નફો | 3,39,000 | 41.85 |
| (VI) આવકવેરો | 1,01,700 | 41.85 |
| (VII) આવકવેરા પછીનો નફો | 2,37,300 | 41.85 |

**5.**

| વિગત | વધારો / ઘટાડો (₹ માં) | વધારો / ઘટાડો (% માં) |
|---|---|---|
| (I) વેચાણની ઊપજો | 5,85,000 | 30.00 |
| (II) અન્ય આવકો | 95,000 | 50.00 |
| (III) કુલ આવકો | 6,80,000 | 31.78 |
| (IV) ખર્ચાઓ | | |
| (i) વપરાયેલ માલની પડતર | 1,90,000 | 20.00 |
| (ii) નાણાંકીય ખર્ચાઓ | (60,000) | (40.00) |
| (iii) ઘસારો | – | – |
| (iv) અન્ય ખર્ચાઓ | 85,000 | 25.00 |
| **કુલ ખર્ચાઓ** | 2,15,000 | 14.33 |
| (V) આવકવેરા પહેલાનો નફો | 4,65,000 | 72.66 |
| (VI) આવકવેરો | 1,39,500 | 72.66 |
| (VII) આવકવેરા પછીનો નફો | 3,25,500 | 72.66 |

**6.**

| વિગત | વધારો / ઘટાડો (₹ માં) | વધારો / ઘટાડો (% માં) |
|---|---:|---:|
| (I) વેચાણની ઊપજો | 15,75,000 | 35 |
| (II) અન્ય આવકો | (3,00,000) | (30) |
| (III) કુલ આવકો | 12,75,000 | 23.18 |
| (IV) ખર્ચાઓ | | |
| (i) વપરાયેલ માલની પડતર | 6,00,000 | 20.00 |
| (ii) પુનઃવેચાણ માટેની ચોખ્ખી ખરીદી | 70,000 | 35.00 |
| (iii) સ્ટૉકમાં ફેરફાર | 20,000 | 28.57 |
| (iv) કર્મચારીને લગતા ખર્ચાઓ | 1,60,000 | 40.00 |
| (v) નાણાંકીય ખર્ચાઓ | 45,000 | 50.00 |
| (vi) ઘસારો અને માંડીવાળેલ રકમો | 35,000 | 50.00 |
| **કુલ ખર્ચાઓ** | 9,30,000 | 24.28 |
| (V) આવકવેરા પહેલાનો નફો | 3,45,000 | 20.66 |
| (VI) આવકવેરો | 1,03,500 | 20.66 |
| (VII) આવકવેરા પછીનો નફો | 2,41,500 | 20.66 |

**7.**

| વિગત | વધારો / ઘટાડો (₹ માં) | વધારો / ઘટાડો (% માં) |
|---|---:|---:|
| (I) વેચાણની ઊપજો | (7,00,000) | (13.46) |
| (II) અન્ય આવકો | (8,00,000) | (80.00) |
| (III) કુલ આવકો | (15,00,000) | (24.19) |
| (IV) ખર્ચાઓ | | |
| (i) ચોખ્ખી ખરીદી | (6,00,000) | (15.79) |
| (ii) અન્ય ખર્ચાઓ | 54,000 | 5.77 |
| (iii) સ્ટૉકમાં ફેરફાર | (1,00,000) | (100.00) |
| **કુલ ખર્ચાઓ** | (6,46,000) | (13.93) |
| (V) આવકવેરા પહેલાનો નફો | (8,54,000) | (54.60) |
| (VI) આવકવેરો | (2,56,200) | (54.60) |
| (VII) આવકવેરા પછીનો નફો | (5,97,800) | (54.60) |

**8.**

| વિગત | 31-3-2016 (₹ માં) |
|---|---|
| (I) વેચાણની ઊપજો | 10,00,000 |
| (II) ખર્ચાઓ | |
| (i) ખરીદી | 6,00,000 |
| (ii) સ્ટૉકના ફેરફારો | 1,50,000 |
| (iii) ઘસારો | 50,000 |
| **કુલ ખર્ચાઓ** | 8,00,000 |
| (III) આવકવેરા પહેલાનો નફો | 2,00,000 |
| (IV) આવકવેરો | 60,000 |
| (V) આવકવેરા પછીનો નફો | 1,40,000 |

**9.**

| વિગત | વધારો / ઘટાડો (₹ માં) | વધારો / ઘટાડો (% માં) |
|---|---|---|
| (1) ઇક્વિટી શૅરમૂડી | 5,00,000 | 29.41 |
| (2) પ્રેફરન્સ શૅરમૂડી | (2,00,000) | (16.67) |
| (3) સામાન્ય અનામત | 40,000 | 20.00 |
| (4) નફા-નુકસાન ખાતું | 30,000 | 16.67 |
| (5) 10 % ડિબેન્ચર | (2,00,000) | (25.00) |
| (6) ટૂંકાગાળાનાં દેવાં | 45,000 | 100.00 |
| (7) વેપારી દેવાં | (45,000) | (33.33) |
| **કુલ** | 1,70,000 | 3.93 |
| (8) દૃશ્ય મિલકતો : (i) યંત્રો | 1,00,000 | 6.67 |
| (ii) ફર્નિચર | 1,00,000 | 20.00 |
| (9) અદૃશ્ય મિલકતો : (i) પાઘડી | (20,000) | (20.00) |
| (ii) પેટન્ટ | 20,000 | 2.74 |
| (10) બિનચાલુ રોકાણો | 1,00,000 | 12.5 |
| (11) ચાલુ મિલકતો : (i) સ્ટૉક | 20,000 | 12.5 |
| (ii) વેપારી લેણાં | (20,000) | (10.00) |
| ચાલુ રોકાણો | (1,30,000) | (48.15) |
| **કુલ** | 1,70,000 | 3.93 |

**10.**

| વિગત | 31-3-2017<br>(4) (₹ માં) | વધારો / ઘટાડો<br>(5) (₹ માં) |
|---|---|---|
| (1) ઇક્વિટી શૅરમૂડી | 30,00,000 | 6,00,000 |
| (2) અનામત અને વધારો | 15,00,000 | 3,00,000 |
| (3) 10 % ડિબેન્ચર | 12,00,000 | 2,00,000 |
| (4) 11 %ની બૅન્ક લોન | 15,00,000 | 3,00,000 |
| (5) ચાલુ જવાબદારીઓ | 2,10,000 | 10,000 |
| | **31-3-2016**<br>**(3) (₹ માં)** | **વધારો / ઘટાડો**<br>**(6) (% માં)** |
| (6) દૃશ્ય મિલકતો | 30,00,000 | 7 |
| (7) અદૃશ્ય મિલકતો | 20,00,000 | 10 |
| (8) ચાલુ મિલકતો | 10,00,000 | 100 |

**11.**

| વિગત | વેચાણ સાથે ટકાવારી | |
|---|---|---|
| | પાછલા વર્ષની ટકાવારી | ચાલુ વર્ષની ટકાવારી |
| (I) વેચાણની ઊપજો | 100.00 | 100.00 |
| (II) અન્ય આવકો | 6.00 | 10.00 |
| (III) કુલ આવકો | 106.00 | 110.00 |
| (IV) ખર્ચાઓ | | |
| (i) વપરાયેલ માલની પડતર | 52.00 | 55.00 |
| (ii) ચોખ્ખી ખરીદી | 4.00 | 5.00 |
| (iii) સ્ટૉકમાં ફેરફાર | 3.00 | (5.00) |
| (iv) કર્મચારીને લગતા ખર્ચાઓ | 15.00 | 15.00 |
| (v) નાણાંકીય ખર્ચાઓ | 12.00 | 10.00 |
| (vi) ઘસારો | 10.00 | 12.00 |
| **કુલ ખર્ચાઓ** | 96.00 | 92.00 |
| (V) આવકવેરા પહેલાનો નફો | 10.00 | 18.00 |
| (VI) આવકવેરો | 3.00 | 5.40 |
| (VII) આવકવેરા પછીનો નફો | 7.00 | 12.60 |

**12.**

| વિગત | નોંધ નંબર | 31-3-2017 (₹ માં) | 31-3-2016 (₹ માં) | વેચાણ સાથેની ટકાવારી | |
|---|---|---|---|---|---|
| | | | | 31-3-2017 | 31-3-2016 |
| 1 | 2 | 3 | 4 | 5 (%માં) | 6 (% માં) |
| (I) વેચાણની ઊપજ | | – | – | – | – |
| (II) ખર્ચાઓ : | | | | | |
| (i) વેચેલ માલની પડતર | | 30,60,000 | 42,00,000 | – | – |
| (ii) નાણાકીય ખર્ચાઓ | | 4,50,000 | 7,20,000 | – | – |
| (iii) ઘસારો | | 90,000 | 1,80,000 | – | – |
| **કુલ ખર્ચાઓ** | | **36,00,000** | **51,00,000** | – | – |
| (III) આવકવેરા પહેલાંનો નફો | | – | – | – | – |
| (IV) બાદ : આવકવેરો (30 %) | | 2,70,000 | 2,70,000 | 6 | 4.5 |
| (V) આવકવેરા પછીનો નફો | | **6,30,000** | **6,30,000** | **14** | **10.5** |

**13.**

| વિગત | નોં. પા. | પાકા સરવૈયાનાં સરવાળાની ટકાવારી | |
|---|---|---|---|
| | | **31-3-2016** | **31-3-2017** |
| **(I) ઈક્વિટી - જવાબદારી :** | | | |
| **શૅરમૂડી :** ઈક્વિટી શૅરમૂડી | | 41.67 | 33.33 |
| પ્રેફરન્સ શૅરમૂડી | | – | 20.00 |
| સામાન્ય અનામત | | 10 | 10.67 |
| નફા-નુકસાન ખાતુ | | 10 | 6 |
| બૅન્ક લોન | | 25 | 20 |
| ટૂંકાગાળા દેવા | | 3.33 | 8 |
| અન્ય ચાલુ જવાબદારીઓ | | 10 | 2 |
| | | 100 | 100 |
| **(II) મિલકતો :** | | | |
| યંત્રો | | 33.33 | 20 |
| જમીન-મકાન | | 25 | 33.33 |
| ટ્રેડમાર્ક | | 5.67 | 6.67 |
| પાઘડી | | – | 6.00 |
| બિનચાલુ રોકાણો | | 25 | 20.00 |
| દેવાદારો | | 5 | 5 |
| સ્ટૉક | | 4 | 5 |
| રોકડ અને રોકડ સમકક્ષ | | 2 | 4 |
| | | 100 | 100 |

14.

| વિગત | નોંધ નંબર | 31-3-2016 (₹ માં) | 31-3-2017 (₹ માં) | પાકા સરવૈયાના સરવાળા સાથે ટકાવારી | |
|---|---|---|---|---|---|
| | | | | 31-3-2016 | 31-3-2017 |
| **(I) શૅરમૂડી :** | | | | | |
| (1) ઇક્વિટી શૅરમૂડી | | 13,60,000 | – | – | 40.00 |
| (2) પ્રેફરન્સ શૅરમૂડી | | 6,80,000 | – | – | 20.00 |
| (3) નફા-નુકસાન ખાતું | | 5,10,000 | – | – | 16.00 |
| (4) 10 % ડિબેન્ચર | | 6,80,000 | – | – | 20.00 |
| (5) વેપારી દેવાં | | 1,02,000 | – | – | 2.00 |
| (6) અન્ય જવાબદારીઓ | | 68,000 | – | – | 2.00 |
| **કુલ** | | **34,00,000** | **50,00,000** | **100.00** | **100.00** |
| **(II) મિલકતો :** | | | | | |
| (1) દૃશ્ય મિલકતો | | – | 17,50,000 | 30.00 | – |
| (2) અદૃશ્ય મિલકતો | | – | 15,00,000 | 20.00 | – |
| (3) બિનચાલુ રોકાણો | | – | 11,00,000 | 25.00 | – |
| (4) વેપારી લેણાં | | – | 1,50,000 | 10.00 | – |
| (5) સ્ટૉક | | – | 4,00,000 | 7.00 | – |
| (6) રોકડ અને રોકડ સમકક્ષ | | – | 1,00,000 | 8.00 | – |
| **કુલ** | | **34,00,000** | **50,00,000** | **100.00** | **100.00** |

## સ્વાધ્યાય 5

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (ડ) (2) (ડ) (3) (ડ) (4) (અ) (5) (ડ) (6) (અ) (7) (ડ)
(8) (બ) (9) (ડ) (10) (ડ) (11) (ડ) (12) (અ)

**4.** (i) 30 % (ii) 20 % (iii) વેચેલ માલની પડતર ₹ 11,50,000, 36.11 %

**5.** કામગીરીના ખર્ચા ₹ 1,75,000, કામગીરી ગુણોત્તર 83.33 %

**6.** કામગીરીના ખર્ચા ₹ 3,00,000, કામગીરી ગુણોત્તર 76.92 %, કામગીરી નફા ગુણોત્તર 23.08 %

**7.** પ્રશ્ન 5 માટે વેરા પછીનો ચોખ્ખો નફો ₹ 17,500, ચોખ્ખા નફાનો ગુણોત્તર 2.92 %
પ્રશ્ન 6 માટે વેરા પછીનો ચોખ્ખો નફો ₹ 6,30,000, ચોખ્ખા નફાનો ગુણોત્તર 16.15 %

**8.** ચાલુ મિલકતો ₹ 7,85,000, ચાલુ દેવાં ₹ 3,50,000; ચાલુ ગુણોત્તર 2.24:1
પ્રવાહી મિલકતો ₹ 4,25,000, પ્રવાહી ગુણોત્તર 1.22:1

**9.** દેવાં-ઇક્વિટી ગુણોત્તર 1.26, દેવાં ₹ 12,00,000, ઇક્વિટી ₹ 9,50,000

**10.** દેવાં ₹ 14,00,000, ઇક્વિટી ₹ 11,50,000, દેવાં ઇક્વિટી ગુણોત્તર = 1.22 : 1

**11.** દેવાં ₹ 6,00,000, ઇક્વિટી ₹ 12,00,000, દેવાં ઇક્વિટી ગુણોત્તર 0.5:1

**12.** કુલ મિલકતો ₹ 26,00,000, કુલ મિલકતો - દેવાં ગુણોત્તર 6.5 : 1

**13.** માલિકીનાં ભંડોળો ₹ 24,00,000, કુલ મિલકતો ₹ 36,00,000, માલિકી ગુણોત્તર = 0.66 : 1

**14.** વ્યાજ અને વેરા પહેલાંનો નફો ₹ 13,20,000, વ્યાજ ₹ 3,20,000, વ્યાજ-આવરણ ગુણોત્તર = 4.125 વખત

**15.** વેચેલ માલની પડતર ₹ 21,00,000, સરેરાશ સ્ટૉક ₹ 3,00,000, સ્ટૉક ચલનદર 7 વખત

**16.** વેચેલ માલની પડતર ₹ 26,00,000, સરેરાશ સ્ટૉક ₹ 1,75,000, સ્ટૉક ચલનદર 14.85 વખત

**17.** કાર્યશીલ મૂડી ₹ 2,00,000, કાર્યશીલ મૂડી ચલનદર (વેચાણ પડતર આધારિત), ₹ 16 વખત
કાર્યશીલ મૂડી ચલનદર (વેચાણ આધારિત) 20 વખત

**18.** દેવાદારોનો ઉથલો 5 વખત, ઉઘરાણી મુદત 72 દિવસ, 10.4 અઠવાડિયાં, 2.4 મહિના

**19.** લેણદારોનો ઉથલો 6 વખત, ચૂકવણી મુદત 60 દિવસ, 8.66 અઠવાડિયાં, 2 મહિના

## સ્વાધ્યાય 6

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (ક) (2) (અ) (3) (ક) (4) (અ) (5) (અ) (6) (ડ) (7) (ક)
(8) (અ) (9) (ડ) (10) (ક) (11) (ડ) (12) (ડ) (13) (ક)

**15.** કામગીરીમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ ₹ 1,79,000

**16.** કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાંનો નફો (રોકડ પ્રવાહ) ₹ 41,000;
કામગીરીમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ ₹ 1,01,000

**17.** કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાંનો નફો (રોકડ પ્રવાહ) ₹ 91,000,
કામગીરીમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ ₹ 34,000

**18.** રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ (₹ 1,05,000) (જાવક રોકડ પ્રવાહ)

**19.** યંત્રની ખરીદી ₹ 2,00,000, ઘસારાની જોગવાઈ ₹ 30,000 રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ ₹ 53,000

**20.** નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ ₹ 91,000, ડિવિડન્ડ-વ્યાજ મળ્યું, જમીન ખરીદી, ફર્નિચર વેચાણ, યંત્ર ખરીદી, રોકાણો પર મળેલ વ્યાજ, પેટન્ટ ચૂકવણી રોકાણની પ્રવૃત્તિઓ છે.

**21.** નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ ₹ 14,000

● ● ●